કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

અંક ૫૦૪

વર્ષ ૪૨મું • અંક ૧૨મો • ડિસેમ્બર • ઈ. સ. ૧૯૬૫

તંત્રી • બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનાં સાહિત્ય-કલા-જ્ઞાન-સંસ્કારનું માસિક



કેશગુંફન • [illegible]

વાચકો લખે છે

આ લગ્નગાળામાં મને એક કંકોતરી મળી. એના ઉપર મોટા અક્ષરે 'निमन्त्रण' એવું છાપેલું હતું. એ વાંચીને નવાઈ લાગી. બોલવામાં તો ઘણી વખત આમંત્રણ-નિમંત્રણ શબ્દો સમાનાર્થ વપરાતા સાંભળીએ છીએ, પરંતુ લગ્ન-પ્રસંગે તો મોટે ભાગે 'આમંત્રણ' અપાય છે, 'નિમંત્રણ' નહિ.

આમંત્રણ-નિમંત્રણ વચ્ચે ભેદ દર્શાવવાની આવશ્યકતા પૂર્વકાલમાં પણ ઊભી થઈ હશે, એવું લાગે છે. નૈયાયિકપ્રવર મ. મ. જગદીશ તર્કાલંકાર (ઈસવી ૧૭૦૦, ગંગેશના तत्त्वचिंतामणिનો ટીકાકાર) એના शब्दशक्तिप्रकाशिका ગ્રંથમાં લિંક-લક્ષણ-વિચાર પ્રસંગે આમંત્રણ-નિમંત્રણની ચર્ચાનાં બે પ્રમાણ ટાંકે છે:

'यस्य प्रत्याख्याने प्रत्यवायः तन्निमन्त्रणम्' इति वृद्धस्मरणात्। જેને પાછું ઠેલવામાં પ્રતિબંધ છે, એ નિમંત્રણ. જેમ કે શ્રાદ્ધાદિભોજન માટે કહેણ, એ નિમંત્રણ. 'यस्य प्रत्याख्याने कामचारः तदामन्त्रणम्' इति स्मृतेः। જેને પાછું ઠેલવામાં યથેચ્છ વરતી શકાય, એ આમંત્રણ. જેમ કે પુત્રજન્મ પ્રસંગના ભોજન માટે કહેણ, એ આમંત્રણ. શ્રાદ્ધાદિ ભોજન માટે કહેણ આવે તો એનો સ્વીકાર કરવો જ પડે, એ બન્ધન તો ખૂબ પ્રાચીન કાલથી ચાલતું આવ્યું છે. (કાત્યાયન પરિશિષ્ટ સૂત્રમાં: आमन्त्रितःन अपक्रामेद् आमन्त्रितो वा अन्याद् अन्नं न प्रतिगृह्णीयात्।) શ્રાદ્ધનું નોતરું પાછું ઠેલાય નહિ તેમ એ દિવસે બીજાનું જમાય પણ નહિ. આ ઉતારામાં આમન્ત્રિત શબ્દ વપરાયો છે, પણ મનુ (ઈ. ૧૦૦-૨૦૦) સામાન્યતયા નિમન્ત્રિત વાપરે છે.

—હરિનારાયણ આચાર્ય

ગયા અંકમાંની મારી અધૂરી નોંધ આપની અંગત જાણ માટે હતી, છાપવા માટે નહિ.

गोरखर

૧) सुभाषितरत्नभाण्डागारम्માંથી અવતરણ (પૃ. ૨૧૮, શ્લોક ૨૭નો* પૂર્વાર્ધ):

"ग्रीष्मादित्यकरप्रतप्तसिकता-
मध्योपविष्टः सुखं
शेते गौरखरो मरुस्थलभुवि
प्रोथं निधाय क्षितौ।"

(મારવાડ પ્રદેશમાં ઉનાળાના સૂરજનાં કિરણોથી શેકાએલી રેતીમાં બેઠેલો ગોરો ગધેડો ભોંય પર નાકનો અગ્રભાગ મૂકીને સુખે સૂવે છે.)

આજે ભારતવર્ષમાં આરણ્ય ગધેડાંની વસતિ કેવળ કચ્છના રણમાં અને સિન્ધમાં જોવામાં આવે છે પરંતુ એક કાલે નજીકના ભૂતકાળમાં જેસલમેર અને જોધપુરના પરિસરે રાજસ્થાનમાં પણ એમની વસતિ હતી (સ્ટર્નડેલ: મૅમલ્સ ઑવ ઈન્ડિયા), એની સાક્ષી આ શ્લોક પૂરે છે.

૨) पाणिनीयव्याकरणमहाभाष्यम् (અ. ૨, પા. ૧, આ. ૩, સૂત્ર ૬૯)માં, પતંજલિ મુનિ (ઈ. પૂર્વે ૧૫૦) આ પ્રમાણે કહે છે:

"कदाचित् कर्मधारयो भवति बहुव्रीहिः। किं प्रयोजनम्। सर्वधनाद्यर्थः। सर्वधनी। सर्वजीवी। सर्वकेशी नटः। गौरखरवद् अरण्यम्। गौरमृगवद् अरण्यम्। कृष्णसर्पवान् वल्मीकः।" આમાંના ગૌરખર, ગૌરમૃગ, કૃષ્ણસર્પ આદિ શબ્દો પતંજલિના કથન (जात्याभिसम्बन्धः क्रियते-મહાભાષ્ય) અનુસાર, જાતિવાચક છે. એનો પ્રયોગ, પરિપાલિત ગ્રામ્ય ગધેડાંથી આરણ્ય ગધેડાંનું પાર્થક્ય દર્શાવવા માટે કરેલો છે એ સ્પષ્ટ છે, અને એ યથાર્થ પણ છે. આપણાં પાળેલાં ગધેડાં કચ્છનાં ગૌરખરનાં વંશજ નથી, પરંતુ ઇજિપ્તનાં પૂર્વકાલીન આરણ્ય ગધેડાંમાંથી ઊતરી આવેલાં છે.

પૃથ્વીતલ ઉપર આજ સુધીમાં આરણ્ય ગધેડાં (Wild Ass)ની પાંચ જાતો નોંધાઈ છે: એક ઇજિપ્ત અને ઍબીસીનિયાની, બીજી તિબેટની (Kiang), ત્રીજી એશિયાની, ચોથી આસીરિયાની અને પાંચમી ઈરાનની. આમાંથી ઇજિપ્ત અને ઈરાનની જાતો નામાવશિષ્ટ થઈ છે (આજે ઇજિપ્ત વગેરે પ્રદેશોમાં જે આરણ્ય ગધેડાં જોવામાં આવે છે એ, ગ્રામ છોડીને વનમાં જઈ વસેલાં પરિપાલિત ગધેડાંનાં વંશજ છે.) એશિયાની જાત કેવળ સિન્ધ અને કચ્છના રણમાં જ સીમિત છે. એનું શાસ્ત્રીય નામ Equs hemionus onager. છેલ્લી વસતિ ગણતરી (E. P. Gee) પ્રમાણે કચ્છના રણમાં એમની સંખ્યા ૮૦૦-૯૦૦ જેટલી હશે, જ્યારે સિન્ધમાં તો ભાગ્યે જ ૧૦-૧૫ પ્રાણીઓ બચ્યાં હશે.

આરણ્ય ગધેડાં કદમાં અને બલમાં ગ્રામ્ય ગધેડાંથી ચડિયાતાં હોય છે. આપણે જેમ લોકોત્તર શક્તિવાળી વ્યક્તિને પુરુષસિંહ, નરવ્યાઘ્ર, નરપુંગવ વગેરે નામ આપીએછીએ, એ પ્રમાણે એક સમયે ઈરાનના બાદશાહોને આ ગોરાં ગધેડાંનાં નામ માનવાચક અર્થમાં આપવામાં આવતાં હતાં, એવું સાંભળ્યું છે.

છેલ્લે એક વાત. મોનીઅર વિલિયમ્સ (એને અનુસરીને આપ્ટે) ગૌરખરનો અંગ્રેજી પર્યાય Wild Monkey આપે છે, એ ક્યા આધારે, એ સમજાતું નથી.

---

*એનો ઉત્તરાર્ધ પણ જોવા જેવો છે:

"गुञ्जज्जाहककण्टकाहतमरु-
द्धूतोत्पतद्धूलिभि-
श्छिन्नाङ्गः कृकलासकोपि निभृतं
मार्तण्डमुद्वीक्षते॥"

(ગણગણતા जाहकનો કાંટા સાથે અથડાતા પવનથી ફૂંકાઈ ને ઊડેલી ધૂળથી ઢંકાએલાં અંગવાળો સાંઢો પણ સૂર્યને નીરાંતે નીરખી રહ્યો છે.) અહીં 'કૃકલાસ' એટલે સાંઢો (Spiny-Tailed Lizard): કોશકારનો सरटः. सरटःનો અર્થ 'સરડો' (Chemilion) પણ થાય, પરંતુ આ વર્ણનના અનુસંધાનમાં એ ઉપયુક્ત નથી; કારણ 'સરડો' કેવળ ગીચ વનસ્પતિ-વાડવેલા અને ઝાડપાન-અભ્યંતરે રહે છે, જ્યારે 'સાંઢો' એકાન્ત રણપ્રદેશ અને રેતાળ ભોંયમાં દર કરીને રહેનારો છે. શ્લોકાર્ધમાં વર્ણવેલી રીતભાત પણ સર્વથા સાંઢાને જ બંધબેસતી છે. કૃકલાસનો અન્ય અર્થ 'કાચંડો' (Blood-Sucker) પણ છે. એને પણ આ વર્ણન સર્વ રીતે લાગુ પડે છે (કૃકલાસ=પ્રતિરવિશ્શયાનઃ). जाहकः એટલે રાની બિલાડો. એનો कंटकः એટલે નખ. આ અર્થ બંધબેસતો લાગતો નથી.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

આગલાં લખાણ જોયાં નથી; પણ નવેમ્બર અંકમાં શ્રી આચાર્યનું વાંચી લખવાનું સૂઝ્યું:

'ગૌર'-ગોર-(ફારસી અક્ષરોમાં ગાફ, વાવ, રે) એટલે ફારસી ભાષામાં 'જંગલી ગધેડો': કશા જ ઉચ્ચારભેદ વિના. શાળામાં એ શીખ્યાને વરસ થયાં પચાસ; પણ પાછું અત્યારે કાંગાકોશમાં ચકાસી લીધું: પૃષ્ઠ ૪૭૪. સંસ્કૃત પરની તારવણી વિશે કહી શકું નહિ, પણ 'જંગલી ગધેડાં'નો વ્યાપક શિકાર કરનાર રાજા બહેરામનું નામ 'બહેરામ ગૌર' પડેલું એ ઈરાનના ઇતિહાસની મશહૂર વાત છે. મુઘલ યુગમાં એ ફારસી શબ્દ જ સીધો ઊતરી પડી આપણે ત્યાં વ્યાપક બન્યો હોય, એ વધારે સંભવિત લાગે છે. 'સફેદ' અર્થવાળો

સંસ્કૃત 'ગૌર' શબ્દ એ રીતે ઘણો છેટો લાગે છે.

રસ પડતો હોય તો જાણવા માટે ગૌર (ગોરા) ફારસી શબ્દના બીજા અર્થો: A pagan, An infidel, Guebre or worshipper of fire (ગોર); The onager; An elk; A tomb, grave; A desert, Wine; A miser.

(સુરત) —નટવરલાલ માલવી

નવેમ્બર અંકમાં શ્રી જગદીશ પરીખની 'જાતીય બાબતોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ આપવાના પ્રયત્નવાળી વાત ગમી. આજનાં ગુજરાતી સામયિકોમાં 'કુમાર' જ એવું પદાર્પણ કરી શકે એમ છે. ભાવિ પેઢીના, એનાથી બંધાતા સમાજના સ્વાસ્થ્ય અર્થે આવો પ્રયત્ન સ્તુત્ય છે. ચોખલિયાવેડા છોડી દઈ, આ રીતે વિચારવું આવશ્યક બલકે અનિવાર્ય છે.

(વડોદરા) —દુષ્યંત ત્રિવેદી

અંક ૫૦૩માં શ્રી બી. રામપ્રસાદે મારી વાર્તા અંગે એક સરસ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. પરંતુ જગુભાઈના વર્તન અંગે મારી જે સમજ છે તે રજૂ કરું છું:

જગુભાઈ માનવસહજ નબળાઈને વશ થાય છે, અને વહેમવશ થઈ મંદિરે શ્રીફળ મૂકવા જાય છે, પરંતુ પોતાની નાસ્તિક તરીકેની છાપ વિષે પણ સજાગ છે, અને તેથી ચિંતિત છે. બીજું શ્રીફળ પોતાના તરફથી વધેરે છે તે ભગવાનનો પ્રસાદ પામવાના આશયથી અને એ પ્રસાદને ઘર સુધી પહોંચાડવા અરધી કાચલી ઘેર લઈ જાય છે. શકરનું નમન લઈ જવામાં આવે છે, એવા અર્થમાં આને પણ ઘટાવી શકાય. પરંતુ ઘેર પહોંચતાં જ, પોતાની નાસ્તિકતાની છાપ ટકાવી રાખવા માટે તક જુએ છે, તેથી દંભ આચરે છે. આથી જગુભાઈના વર્તનમાં મને દોષ લાગતો નથી. બેવડી ગણતરીથી કામ લેતી દંભી વ્યક્તિ માટે સહજ એવું જગુભાઈનું વર્તન છે.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ઉપવાસ ઉપર કંઈક સારી રીતે લખે તો વાચકોને બહુ જ ઉપયોગી થશે. 'Fasting can save your life' by Dr. Herbert M. Shelton એ ચોપડીમાં ઉપવાસ વિષે ઘણી સારી માહિતી આપી છે એમ સાંભળ્યું છે. એમાંથી જ ઉચિત સાભાર આપી શકાય તો આપશો.

શ્રી લાભશંકર ઠાકરને વિનંતિ કે ઘરગથ્થુ ઔષધ લખે છે એમ દરેક સીઝનનાં ફળ એમાં સમાવી લે તો એ પણ બહુ જ ઉપયોગી થશે. દા.ત. આ ઋતુમાં સીતાફળ, બોર, જામફળ વગેરે છે. આમ દરેક ઋતુનાં ફળ-ફૂલનો ઉપયોગ, સ્વભાવ, તાસીર, ગુણ, ઔષધ તરીકેનો ઉપયોગ એ બધું આપે તો ઉપયોગી થઈ પડશે.

(નામ નથી)

નવેમ્બર અંકમાં નાનાલાલ વસા લિખિત દરિયાઈ વાર્તા 'એક મોસમ એક ખેપ' ખૂબ જ ગમી. આ વાર્તામાં પ્રતીત થતી દરિયાઈ સાહસિકતા ખરેખર અજબ અને પ્રશંસનીય છે.

(જાફરાબાદ) —ઈશ્વરલાલ પરમાર

૫૦૨ અંકમાં પૂ. રવિશંકર રાવળનું ચિત્ર પ્રગટ થયું છે એનું નામાભિધાન છે 'રાખો મશાલ જલતી, નવ કૂચ થંભે!' આઝાદી પહેલાં હું રવિભાઈને ત્યાં ગએલો ત્યારે આ મહાન ચિત્ર મેં જોએલું પણ એનું એ વખતે નામ હતું 'એક પડે ત્યાં ઊઠે તેર!' મારી માન્યતા મુજબ, આઝાદી પછી, સમય બદલાતાં, એનું નામ બદલવામાં આવ્યું છે. દરેક ચિત્રનો ખાસ કરીને તો આ ઐતિહાસિક ને પ્રેરક ચિત્રનો એની સાથે થોડોક ઇતિહાસ ટૂંકમાં આપ્યો હોય તો એનાથી પરિચિત ન હોય એ વાચકોને ખયાલ આવી શકે.

(મુંબાઈ) —ગિરીશ હ. પરીખ

[• ચિત્રનું નામ હમણાં બદલ્યું નથી; અંક ૨૭૮માં મુખચિત્ર તરીકે તે 'રાખો મશાલ જલતી...'ના નામથી જ આવેલું. ચિત્રકારે તત્કાલ સૂઝ્યું તે નામ આપને કહ્યું હશે. એ ચિત્ર આઝાદીની લડત દરમ્યાન અમદાવાદ એલિસબ્રિજ આરોગ્યસમિતિના ક્રીડાંગણના મકાનની ભીંત ઉપર અતિ મોટા કદમાં યુવાનોની પ્રેરણા અર્થે આલેખવામાં આવેલું.]

શરદી-સળેખમ ઉપર ઉપાયની પૃચ્છાના જવાબમાં: શરદી-સળેખમ દરદ નથી પણ અંદરનાં કબજિયાત, અજીર્ણ વગેરે દરદ જોર કરી જાય એટલે ધક્કો મારી બહાર કઢાતો વિકારનો દેખાડ છે, માટે તેને દાબવાના ઉપાય ન લેતાં નીકળી જવા દેવાં, ને નિકાલ સરલ બને માટે નીચેના ઉપાય લેવા:

આંતરડાંમાં અણપચેલા ખોરાક આદિના જમા થએલા કચરાને પકવી નિકાલવા માટે એકાદ બે નકોરડા (ગરમ પાણી પી) ઉપવાસ કરવાની જરૂર છે, ત્યાર પછી શરદીમાં આરામ થવાના ઉપાય યોજવા. બાપાલાલ ગ. વૈદ્યનો નીચેનો ઉપાય અસરકારક છે:

દહીં તોલા ૨ા, ગોળ તોલો ૧, મરીચૂર્ણ તોલો ૦ા બરાબર કાલવીને નાની ચમચીથી ખાવું (ગટગટાવી ન જવું).

મને પોતાને હળાહળ સળેખમ હતું તેનો અનુભવ ટાંકું છું. ઉપાય તરીકે રેચ નહિ પણ ખોરાક શાકભાજી, સૂપ, ફળ-રસથી અઠવાડિયામાં કબજિયાતનો નિકાલ કર્યો. ત્યાર પછી દહીં તોલા ૨૦, કેળાં નં. ૪, આદુ તોલો ૧ છૂંદેલું. ચીજો સાથે કરી ઇલેક્ટ્રિક ગ્રેયણીથી ૦ા મિનિટમાં એકરસ કરી. નાની ચમચીથી એ એકરસ રોજ ખાવાનું શરૂ કર્યું. અઠવાડિયાના પ્રયોગથી ૭૫ ટકા ફાયદો થતાં હવે એ ખાદ્ય રોજ લઉં છું.

(મુંબાઇ) —મે'તાજી કાન્તિલાલ શેઠ

'કુમાર'માં બંધુસમાજ વિષે ઉલ્લેખ છે, એમાં શંકરરાય સૈયદ માટે લખેલું છે કે વડોદરામાં શિક્ષક હતા. તે મારા પિતાશ્રી નરસિંહલાલ દેસાઇની શાળા નેટિવ હાઈસ્કૂલ (અમદાવાદ)માં વર્ષો સુધી શિક્ષક હતા. એ નેટિવ હાઈસ્કૂલનું નામ સરકારી દફતરે કાળે ચોપડે હતું. તેમાં એક દક્ષિણી માસ્તરની ચળવળ બૉમ્બવાદીઓમાં હતી, તેથી શાળાનું રેકગ્નિશન લઈ લેવામાં આવ્યું હતું.

ત્યાં રાત્રિશાળા, ડમી પાર્લમેન્ટ, ગોખલે સોસાએટી, દાદાભાઈ લાયબ્રેરી વગેરે હતાં. શાળાનો સારંગપુરનો અખાડો જાણીતો છે. ભોગીન્દ્રરાવ દિવેટીઆ જે મુંબાઇમાં સેવાસદનમાં કામ કરતા હતા તે પણ પિતાશ્રીને ત્યાં શિક્ષક હતા. શ્રેયસ્સાધકવાળા છોટાલાલ માસ્તરે શરૂઆતમાં મારા પિતાશ્રી જોડે ૧૯૦૧-૨માં ભાગીદારી કરેલી. ઇ. ૧૯૦૨માં ધોબીની પોળમાં અને રાયપુર ઑદીચ્યની વાડીમાં બંગાળી ક્રાન્તિકારો રહેતા તેમાં સુભાષના ભાઈ પણ હતા. બંધુ સમાજના સભ્યો પણ ત્યારે રાજકીય જીવનમાં ખૂબ ભાગ લેતા. સામાજિક ચળવળના નામે રાયપુર આટામિલમાં બૉમ્બ બનાવવાનું કારખાનું, જીવણલાલ બૅરિસ્ટરની મિલમાં કામ કરતા. પદ્મબેનના વર (ડૉ. હરિપ્રસાદના ભાઈ) તથા બલુભાઈના ભાઈ ગિરધરલાલ અને તેમના સામે ઊંચા ઓટલાવાળા મકાનમાં મસ્જિદની સામે એક નાગર રહેતા હતા તે, ચલાવતા હતા. શું નાગરો ખાલી સામાજિક ચળવળમાં હતા? ના, હું તેનો મૂગો સાક્ષી છું. ખાડિયા, રાયપુર અને ભદ્ર બૉમ્બયુગ વખતે છૂપી ચળવળનાં ધામ હતાં.

(વિલેપારલે) —મુકુંદ નરસિંહલાલ દેસાઈ

૫૦૨ અંકમાં 'પારસીકોમ'ના લેખમાં ઘણી વ્યક્તિઓનો ઉલ્લેખ થયો નથી. મૅડમ ભીખા-

ઇજી કામા (૧૮૬૧ થી ૧૯૩૬)એ આઝાદી ચળવળ ચલાવી દેશવટો ભોગવ્યો હતો, અને દરિયાપાર રહીને પણ ચળવળ ચાલુ રાખી હતી. સૌપ્રથમ વ્યવસ્થિત મંડળી કાઢીને નાટકો રજૂ કરવાનું માન પણ પારસીઓને છે. તેમાંના અગ્રચારીઓ ખરશેદજી બાલીવાલા તથા જમશેદજી માદનનાં નામ જાણીતાં છે.

મુંબાઇ શહેરના વિકાસમાં તો પારસીઓનો ફાળો એટલો છે કે મુંબાઇના મુખ્યમુખ્ય માર્ગો સાથે પારસી મહાપુરુષોનાં નામ જોડાએલાં છે. પારસી કવિ અરદેશર ફરામજી ખબરદારે 'ગુણવંતી ગુજરાત'નું અમર કાવ્ય આપ્યું. ક્રિકેટક્ષેત્રે પણ નરી કૉન્ટ્રૅક્ટર, પૉલી ઉમરીગર આદિ ખેલાડીઓ પારસી કોમે આપ્યા છે. કલા, સાહિત્ય, વિજ્ઞાન, સામાજિક સેવા વગેરે ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કોટિની સેવા માટે ભારત સરકાર તરફથી અપાતા બહુમાન-ચંદ્રકો પૈકી ઉપર્યુક્ત બે ખેલાડીઓ ઉપરાંત પીલુ ગાણેકજી, નૌશીર ફરામરોઝ, મીઠુબેન પિટિટ, અદી મર્ઝબાનને પદ્મશ્રી, તથા ડૉ. જાલ આર. પટેલ અને શ્રીમતી મીઠાં લામને 'પદ્મભૂષણ, તેમજ શ્રી જે. આર. ડી. તાતાને 'પદ્મવિભૂષણ'થી નવાજવામાં આવ્યાં છે. યુદ્ધક્ષેત્રે માજી એરમાર્શલ શ્રી એન્જિનીઅર તથા હાલમાં પાકિસ્તાન સામેની લડાઈમાં હવાઇ ક્ષેત્રે બહાદુરી બતાવી સર્વોચ્ચ લશ્કરી પદક 'પરમ વીરચક્ર' મેળવનાર શ્રી તારાપોર પારસી હતા, અને દુનિયાના અણુવિજ્ઞાનીઓમાં પ્રથમ પંક્તિમાં સ્થાન ધરાવતા 'ડૉ. હોમી ભાભા'ને પણ કેમ ભૂલાય?

પારસીઓમાં' વાડિયા' તથા 'કૂપર' અટક ચાલે છે. વહાણો બાંધનાર તે 'વાડિયા' અને મજબૂત તથા ગળે નહિ એવાં લાકડાનાં પીપ બનાવનાર કુશળ કારીગર તે 'કૂપર'. વલસાડ જિલ્લામાં વહાણ બાંધનાર ઘણા હિંદુ કારીગરો પણ વાડિયા અટક ધરાવે છે.

(બીલીમોરા) —અરવિંદ બ. ભગત

લઘુકથા આસ્વાદવામાં કેટલાક વાચકોને નડતી મુશ્કેલી, મને સમજાય છે તે પ્રમાણે, સહજ વિસ્તારથી કહું તો આ પ્રમાણે છે: કોઈ ભાવપરિસ્થિતિ પેદા કરવા માટે વાર્તામાં કેટલીક બાબતોનું પુનરાવર્તન જરૂરી બને છે. ધીરેધીરે કેટલીક વખત તો વાચક પોતે પણ પામી ન શકે એ રીતે એકની એક હકીકત જુદાજુદા સ્વરૂપે રજૂ થવાથી ધારેલી અસર પેદા થઈ શકે છે. Edith Ronald Mirrielees નું અવતરણ ટાંકું તો 'No matter what kind of story, the writer of it must tap repeatedly on the same spot. Tapping on one spot, yet he must vary the sound of every tap. The reconciling of these two seemingly contradictory requirements is basic to all story-making. What is to impress a reader must be repeated and re-repeated, ground into his mind by repetition.'

લઘુકથામાં આ repetitionનો પૂરો અભાવ રહેવાનો. એટલે 'ઘટ ઘટ પી જવા' ટેવાએલા વાચકને આ કલાપ્રકાર કદી નહિ ફાવવાનો. એણે તો શબ્દોની કિંમત સમજવી પડશે. વળી વાચકને આમાં 'તૈયાર ખીચડી' પણ ન મળે. એટલે એ પૂરતો સંવેદનશીલ ન હોય તો પ્રથમ વાચને એ આ લઘુકથાઓ નહિ માણી શકે. બાકી એમાં ઘણુંઘણું હોય છે જ. 'સ્ત્રીઓ'નો જ દાખલો લો: થોડા સ્ખલન માટે પતિ ઉપર ભારે રોષે ભરાએલી સ્ત્રી પોતાનો પતિ ચારિત્ર્યહીન છે એવી છાપ બહાર ન ઊપસે એ માટે કેટલી કાળજી રાખે છે! પરસ્પર સંઘર્ષ કરનારા બે ભાવ પ્રચ્છન્ન રાખી લેખકે માત્ર કાર્ય દેખાડ્યું. પેલા ભાવો સંવેદનશીલ વાચકે સમજવા રહ્યા. એ જ વાર્તામાં બીજી સ્ત્રી, જે માણસે પોતાની પ્રત્યે અક્ષમ્ય અપરાધ કર્યો એનો ગુનો, પોતે માફ કર્યો હોય કે ન હોય તો પણ, હસતું મોં રાખીને બોલાવી શકે છે! આમાં સ્ત્રીની નિર્બળતા કહો, ઉદારતા કહો કે પરિસ્થિતિ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક જોવાતી વૃત્તિ, જે કહો તે, પણ સ્ત્રીના સ્વભાવનું સુંદર દર્શન તો છે જ. આટલી નાનકડી કથામાં આ બધું સમાઈ શકતું હોય તો એને કલાત્મક શા માટે ન કહેવી?

ચમત્કૃતિનો આગ્રહ શા માટે? ખરેખર તો ચમત્કૃતિ ભાવપરિસ્થિતિ પેદા કરનાર જ એક ચોટ છે. જો બીજી રીતે અસરકારક ભાવપરિસ્થિતિ પેદા થઈ શકતી હોય તો ચમત્કૃતિની જરૂર નથી એમ હું માનું છું.

એટલું તો હું ચોક્કસપણે માનું છું કે કોઈ પણ અજાણ્યા કલાપ્રકારથી (આ કલાપ્રકાર અજાણ્યો નથી, પણ આપણે ત્યાં કે બીજે, ઓછો ખેડાએલો તો છે જ) ટેવાતાં ભાવકોને થોડી વાર લાગે છે. પણ પછી તો ભાવકને એનો ખરેખરો રસ જ જાગે છે. લઘુકથા માટે મને આ બાબતે પૂરી શ્રદ્ધા છે અને એટલે જ ખાતરીપૂર્વક કહેવાની રજા લઉં છું કે વાચકો થોડા વખત પછી એ કથાઓ ખૂબ માણશે.

(કડી) —મોહનલાલ પટેલ



શેક્સપીઅરની નાટયકથાઓ

લેખક • ડૉ. મધુસૂદન પારેખ

એક કૉલેજિયન મિત્રે કહ્યુ:
'કુમાર'માં આવેલા 'મૅકબેથ'ના વાર્તાંતરે
મને પાસ થવામાં મદદ કરી.

પણ

**એ એક મિત્રને જ શા માટે?
અને 'મૅકબેથ' જ શા માટે?**

'કુમાર'માં ગયા આખા વર્ષ દરમિયાન પ્રકટ થતી રહેલી એ બધી નાટયકથાઓ અનેક વિદ્વાનો, વિવેચકો અને વાચકોને આનંદપ્રદ ને ઉપયોગી જણાઈ હોઈ સૌએ એને ઉમળકાથી વધાવી છે.

શેક્સપીઅરની લગભગ તમામ ખ્યાતનામનાટયકૃતિઓનોએના રસ અને રચનાની સમજણ સાથે એમાં સમાવેશ કરેલો છે.

આસ્વાદ માટેનું સરસ વાચન માત્ર જ નહિ, પણ શેક્સપીઅરની નાટયકૃતિઓ ભણતા વિદ્યાર્થીઓને પણ એ ઉપયોગી છે.

કિંમત રૂ.૪ાા (પોસ્ટેજ સાથે રૂ.૫)

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



←**ચામરધારી** ઈ. સ. આશરે ૯૦૦ની દક્ષિણ ભારતની આ પ્રસન્નમુખ અને સુષ્ઠુ-દેહ મૂર્તિને શિલ્પીએ જે એકાગ્રતાથી શણગારી છે એ એની કલાનિષ્ઠા અને કલાદૃષ્ટિ બંનેની દ્યોતક છે.



જાગૃતિ→
ગયા અંકના પૂઠા પરના કૅપ્ટન રાજારામના શિલ્પ 'માલણ'ની પેઠે અહીં પણ શિલ્પીએ લાકડાના વળિયાનો સુંદર વિનિયોગ કરીને નારીદેહને ઉઠાવ આપ્યો છે.
ઊર્ધ્વ બાહુ અને પ્રલંબ આકાર શિલ્પના વિષયને વધુ ચોટદાર બનાવે છે.
શિલ્પી: એસ. એસ. પરાશર



પ્રણય : મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાંનું ૧૮મી સદીની રાજસ્થાની શૈલીનું આ ચિત્રરત્ન અન્ય બધી રીતે તો મનોહર છે જ, પણ એમાં આલેખેલા ત્રણ દીપલક્ષ્મી દીપ પણ આ અંકમાંના ભારતીય દીપવૈવિધ્ય વિષેના લેખના અનુસંધાને નોંધપાત્ર છે. આ જ સમયના અન્ય ત્રણ દીપ આ અંકમાં પાછળ આપ્યા છે. (Blocks: Courtesy Esso Standard Eastern Inc.)

ફૂલ રડે છે?!/ચંદ્રકાન્ત શેઠ

·સવૈયા·

ફૂલ રડે છે?

વાતાયનથી સળિયાનાં કૈં રોમ ખડાં રે કરતો,
શ્યામ રેશમી પિચ્છ ઉપરથી સરે જેમ જલબિન્દુ
એમ હવાની સ્થિર સપાટી પરથી સરતો આવે
મૂગા મૂગા, વદન ઢાળીને રડતા કોઈ ફૂલનો જાણે
તુષાર-આંસુ-ભીનો કોમળ સાદ.

ભીંત કાનના પડદાની જ્યમ કંપે!
કૂંડામાંનો છોડ, જરાશો ઝબકી, જાગી,
નાખીને નિઃશ્વાસ, ફરી શું જંપે?
મંદ ટમકતા દીપકની આ જ્યોતિ, જાણે
અવાક ખુલ્લા હોઠે મુજને પૂછે?—ફૂલ રડે છે?!

હું શું બોલું?
અતીતના આ રેશમવસ્ત્રે જતન કરી રાખેલા
મારા ગુલાબની પાંખડીઓમાં છે ભીનાશ
એ મુજ પાંપણ કૈંક કળે છે!......

લખચોરાસી/ભાનુપ્રસાદ ત્રિવેદી

·વસંતતિલકા·

જેમાં ન'તું ફરીથી હા અટવાવું મારે,
બીજો કયો અનુભવે ય થવો હતો ત્યાં?
ઢાંકી સદા સ્મિતમહીં ઉરને રીબાતા,
દોડયે અપંગ જવું, ઝાકળને સહારે!

ખોવાય ના કશું, છતાં ચિર જેની ખોજ,
ના પક્ષ્મ યે મિલિત, શો પણ ચક્ષુ-બોજ!
બે કોર ચુંબક થકી અણુ યે અણુ જ્યાં
ખેંચાય, ક્યાં પછી રહેવું? અને જવું ક્યાં?

આ સૌ પુનઃ ન'તું અનુભવવું, પરંતુ
ભોળાં ભીરુ નયન બે!
ક્યમ ક્યાંથી ક્યારે
ઘેરી પ્રગાઢ મુજને અસહાય કીધ,
ના જાણુ કૈં રહી અને સપડાવી દીધ!

ના માર્ગ અન્ય! છટકી જવું ક્યાં? મુંઝાઈ—
યેં શૂન્ય શૂન્ય બની ફીકી ગયો સમાઈ.

શબ્દો/ચિનુભાઈ મોદી

·ગઝલ·

કદી આંસુઓનું લઈ રૂપ આવે,
કદી ફૂલ પેઠે પરોવાય શબ્દો.

કદી ઓઠ પર આવી પાછા વળે છે,
ઘણીવાર ઠાલા જ શરમાય શબ્દો.

થઈ એરુ વળ ખાય જયારે વિચારો,
હૃદય જેમ ત્યારે લીલા થાય શબ્દો.

હતો મૌનનો એક સાગર છલકતો,
કિનારે રહીને તરી જાય શબ્દો.

વીતેલો સમય એટલે શૂન્ય ઘરમાં
શમી જાય, ક્યારેક પડઘાય શબ્દો.

ખખડતું રહ્યું શહેર મધરાતના પણ,
અવા જે અવાજે વગોવાય શબ્દો.

ગ્રીષ્મ/રાવજી પટેલ

·અનુષ્ટુપ·

ગણ્યાગાંઠયા દિનો રહેલાં વસંત જે સરકી ગઈ,
એહનો ઝુહેકતો પાલવ કાનમાં ફરકયા કરે.

વૃક્ષની ડાળ પે ભોળાં પાસપાસે વિહંગ કૈં
અન્યને પણ માનીને બેઠાં છે કયા...રનાં પણે.

મને લાગે: કશે કેફી એ હવા પણ ખરી પડી.
ચોગમ કયારનો ઘૂમું લૂ સમો સઘળે...

ડિસેમ્બર ૧૯૬૫
તંત્રી · બચુભાઈ રાવત

વ્યક્તિ-ઘડતર: ૬

જીવનધ્યેય

રેવ૦ ફાધર વાલેસ

માણસો પોતાની શક્તિનો પૂરો ઉપયોગ કરતા નથી એ અનુભવસિદ્ધ વાત છે, અને કોઈ પણ માણસ પોતે ધારે એથી ય વધારે શક્તિ તેનામાં છે એ પણ હકીકત છે. માનવ વ્યક્તિમાં રહેલું શક્તિભંડોળ અખૂટ છે. પણ પોતાની જાત પાસેથી પૂરું કામ લેતાં ઘણાંખરાંને આવડતું હોતું નથી. રણના પેટમાં પાણીનો ભંડાર ભરેલો છે, પણ નળ નાખીને પાણીને સપાટી પર લાવવામાં ન આવે ત્યાં સુધી તો રણ એ રણ જ રહેશે.

'મહેનત કરી હોત તો વધારે માર્કસ આવત...' 'તૈયારી કરી હોત તો હરીફાઈમાં ઇનામ લાવત...' 'જુવાનીમાં કંઈક ધ્યાન આપ્યું હોત તો આગળ ઉપર નામ કાઢત...'

હા, નામ કાઢવા કે માર્ક લાવવાની શક્તિ તો હતી જ. પણ એ શક્તિનો ઉપયોગ કરવાની આવડત ન હતી. અને પાણી તો રણના પેટમાં જ રહ્યું. એ પાણી કાઢવું શી રીતે!

જરા વિચાર કરીએ.

વિદ્યાર્થીમાત્રનો અનુભવ: મહિનાઓ સુધી વંચાયું નહિ. પછી પરીક્ષા નજીક આવી એટલે રાતદિવસ એક કરીને ચોપડીઓમાંથી ઊંચો ન આવે. પરીક્ષા નજીક આવી: વાંચવાનું કારણ મળ્યું: કામનો હેતુ મનમાં ઊતર્યો: ધ્યેય બંધાયું અને ધ્યેય મળ્યું કે મનનું નાજુક યંત્ર ચાલુ થયું.

માણસની પાસે કામ કરાવનાર બળ તેનું ધ્યેય હોય છે. જેમ એ ધ્યેય દૃઢ ને ઉમદા ને વિશાળ હોય તેમ એ માણસ પાસે વધારે કામ કરાવી શકે. વાંચવાની શક્તિ જેટલી માર્ચમાં છે તેટલી જૂનમાં પણ હતી જ. પણ જૂનમાં ધ્યેય મોળું હતું, જ્યારે માર્ચમાં એ તીવ્ર બન્યું. વળી પરીક્ષામાં પાસ થવું એ કંઈ

ઉચ્ચ કક્ષાનો આદર્શ નથી. બે મહિના સુધી કંઈક પાણી ચડાવે એટલું જ. પણ આખા વરસ સુધી, જિંદગી સુધી પ્રેરણા આપે અને શક્તિનો સંચાર કરે એવો આદર્શ મનમાં ને દિલમાં ઊતરે ત્યારે આખું જીવન પલટાઈ જાય.

એક વિદ્યાર્થી કૉલેજમાં ભણતો હતો. સામાન્યમાં ખપતો. એક દિવસ તેનાં બા(તેના પિતા તો વર્ષો થયાં ગુજરી ગયા હતા) તેને બોલાવીને ધીરેથી વાત કરવા લાગ્યાં: 'તું હવે નાનો છોકરો નથી, મોટો થઈ ગયો છે; એટલે ઘરની વાત તારે જાણવી જોઇએ. તારા બાપુજી ગયા ત્યારે દેવું કરીને ગયા. એમનો દોષ ન હતો, પણ એ પૈસા તે પાછા ન આપી શક્યા. લેણદાર તો સમજુ છે એટલે એનો વાંધો નથી; પણ, બેટા, તારા બાપુજીના નામનો સવાલ છે. એ દેવું તું ચૂકવીશ ત્યારે એમનો દીકરો કહેવાઈશ.'

છોકરાના મનમાં બાની એ વાતની જાદુઈ અસર થઈ. એને પ્રેરણા મળી, ધ્યેય મળ્યું, અને તે જ દિવસથી વર્ગમાં, અને આગળ જતાં તેના ધંધાકીય કામમાં પણ એ હમેશ મોખરે રહ્યો. બાપનું દેવું ચૂકવતાં જ તેનું પોતાનું જીવન ઉન્નતિને પંથે ચડ્યું.

બીજી એક સાચી ઘટના:ત્રણ નાના છોકરાની મા. સુખી કુટુંબમાં ઊછરેલી એટલે કામને હાથ ન અડાડે. પણ પતિ ગુજરી ગયો ત્યારે એણે કમર કસી. ઘરકામ, નોકરી, મજૂરી સુદ્ધાં કરતાં એ અચકાઈ નહિ. ત્રણે છોકરાને ભણાવ્યા, પરણાવ્યા. છેલ્લો પરણ્યો ત્યારે મા ઢગલો થઈ ગઈ ને બોલી: 'હવે મારાથી કશું ય કામ નહિ થાય!' છોકરાની જવાબદારી માથે હતી, જીવનકાર્ય બાકી હતું, ધ્યેય પાર પાડવાનું હતું, ત્યાં સુધી જ શક્તિ રહી.

ઇચ્છાશક્તિ મન ને દેહ પાસે કામ કરાવે છે; અને જીવનધ્યેય ઇચ્છાશક્તિ બાંધે છે. દરેક કાર્ય માટે, સાહસ માટે—અને વિશેષ તો જીવન માટે જ પ્રેરકબળ મળ્યું એટલે કામ પાર પડ્યું. વ્યક્તિની સુષુપ્ત શક્તિ જગાડવા આદર્શનું તેજ જોઇએ. જીવનધ્યેય એ વ્યક્તિ-ઘડતરનો કીમિયો છે.

મનોવૈજ્ઞાનિક લિન્ડવોસ્કી લખે છે: 'જ્યાં ધ્યેય હોય ત્યાં ઇચ્છાશક્તિ મળે જ; ને જ્યાં પ્રબળ કાયમી ધ્યેય હોય ત્યાં પ્રબળ કાયમી ઇચ્છાશક્તિ પણ મળવાની જ. કોઈ પણ કાર્યની સફળતાનું માપ તે કામ પાછળનું પ્રેરકબળ છે; અને માણસના વ્યક્તિત્વનું માપ તે માણસનું જીવનધ્યેય છે.' પછી અનેક પ્રયોગો, કિસ્સાઓ ને આંકડાઓ ટાંકીને એ બતાવે છે કે ઇચ્છાશક્તિનો આધાર ટેવ ઉપર નહિ પણ પ્રેરણાબળ ઉપર હોય છે.

એવી જ રીતે અભ્યાસમાં નિષ્ફળ થતા સારા વિદ્યાર્થીઓની વિશાળ પાયા ઉપર તપાસ કર્યા પછી સંશોધક બટરવિક નિષ્ફળતાનું પહેલું કારણ 'એમના મનમાં અભ્યાસનું કોઈ સ્પષ્ટ લક્ષ્ય હોતું નથી.' એ આપે છે.

ભણવાની શક્તિ તો છે જ. પણ ભણવું શા માટે? હા, ડિગ્રી, નોકરી, પૈસા મેળવવા માટે પણ. આ તે કોઈ ઊંચા આદર્શો નથી. તેથી ભણતર પણ ઊંચી કક્ષાએ પહોંચતું નથી. એક ધોરણ પછી બીજામાં બેસાય; સ્કૂલ પછી કૉલેજમાં જવાય;આમ ગાડરની જેમ ચલાવે ત્યાં સુધી ચાલવાનું. ક્યાં જવાનું છે એ પણ ખબર નથી કે પૂછવાની ઇંતેજારી નથી. પછી ઉત્સાહ ક્યાંથી સ્ફુરે?

મોહનદાસ કરમચંદ ગાંધી આફ્રિકા જતાં પહેલાં સામાન્ય આદમી હતા. નિશાળમાં ('હું ભાગ્યે સામાન્ય કોટિનો વિદ્યાર્થી ગણાતો હોઇશ'—આત્મકથા: પાનું ૫), કૉલેજમાં ('અહીં ઝટઝટ પાસ થવાય એમ નથી લાગતું' -પા. ૩૪), લંડનમાં ('હું લૅટિનમાં નાપાસ થયો'-પા. ૫૧) એમના ભવિષ્ય વિષે ખાસ આશા બાંધી શકાય એમ કોઇને લાગતું ન હતું. વળી તેઓ શરીરે નબળા ('હું માયકાંગલો હતો'-પા. ૧૮), સ્વભાવે શરમાળ (એટલે સુધી કે ક્રિકેટ ટીમમાં જોડાવાની શરમ લાગે-પા. ૧૪), અને જાહેરમાં બોલવાનો એમને અત્યંત ક્ષોભ(દસ મિત્રોની વચ્ચે ઊભા થઇને આભારવિધિનાં લખેલાં વાક્યો પણ વાંચી ન શકે એવો ક્ષોભ.-પા. ૫૭). પણ એ શરમાળ ને સંકોચવાળા આદમીના મનમાં એક અદ્ભુત આદર્શ ધીરેધીરે આકાર પામવા લાગ્યો: માતૃભૂમિની આઝાદી. અને જેમજેમ એ આદર્શ મજબૂત બનતો તેમતેમ એમની શક્તિ ઓર વધતી જતી. નબળું શરીર છતાં તેઓ માઇલો સુધી કૂચ કરશે ને દિવસો સુધી ઉપવાસ કરશે; સંકોચ ભૂલીને તેઓ વાઇસરૉય ને ગવર્નર જનરલને મળશે; ક્ષોભ અવગણીને વિશાળ માનવસમુદાય વચ્ચે ઊભા થઇને ભાષણ કરશે...; અને પોતાનો આ પ્રાણ સમો આદર્શ એ મૂર્તિમાન કરશે, પોતાની માતૃભૂમિને સ્વતંત્ર બનાવશે ત્યારે જ જંપશે. જીવનધ્યેયથી મનોબળ, મનોબળથી વ્યક્તિત્વ, ને વ્યક્તિત્વથી જીવનમાં ને સમાજમાં શુભ પરિવર્તન, એ ક્રમ ગાંધીજીના જીવનમાં પ્રત્યક્ષ જોવા મળે છે. મનમાં આદર્શ પ્રગટે ત્યારે જીવનમાં કેવો પલટો આવે એનો ઇતિહાસમાં સૌથી ઉજ્જ્વળ દાખલો ગાંધીજીનો છે.

સાચો આદર્શ ઉમદા અને પરલક્ષી હોય. પોતાને માટે નામ કાઢવું કે પૈસા ભેગા કરવા એ કોઈ આદર્શ નથી, સ્વાર્થ છે. સ્વજનોનું રક્ષણ અને પાલનપોષણ કંઈક સારું ધ્યેય છે, પણ હજુ સંકુચિત છે. જે પ્રમાણમાં માણસ પોતાનો સ્વાર્થ ત્યજીને બીજાંઓને માટે જીવે તે જ પ્રમાણમાં તેનું સાચું વ્યક્તિત્વ ખીલે.

લોકસેવાનો આદર્શ ઉત્કૃષ્ટ છે તેનું કારણ એ જ છે. માટે એ પવિત્ર આદર્શ આપણા જીવનમાં યથાશક્તિ ઉતારવા આપણે સતત પ્રયત્ન કરવો જોઇએ. બીજાંઓનું દુ:ખ–મનનું, દિલનું કે દેહનું—આપણી નજરે ચડે ત્યારે એ દુ:ખ નિવારવા કે ઓછું કરવા આપણામાં તાલાવેલી જાગવી જોઇએ. અને એ શુભ કામ ડૉક્ટર કે એન્જિનીઅર, વકીલ કે મિલમાલિક, દરેક માણસ પોતપોતાના ક્ષેત્રમાં કરી શકે, અને દરેક માણસ એમાંથી પોતાનાં દુ:ખ સહન કરવા ને પોતાની શક્તિનું પૂરું વળતર લેવા પ્રેરણા ને ઉત્સાહ મેળવી શકે.

સાચો આદર્શ આદર્શ તો હશે જ—નહિ તો આપણને ઊંચે કેવી રીતે લાવી શકશે?—પણ સાથે સાથે એ વાસ્તવિક ને વ્યવહારુ પણ હોવો જોઈએ. કલ્પનામાં ને આદર્શમાં મૂળગત ફેર છે. કલ્પના દોડાવવાથી મનની શક્તિ વેડફાય છે, જ્યારે સાચો આદર્શ સેવવાથી મનમાં અદ્ભુત શક્તિનો સંચાર થાય છે.

જીવનધ્યેય તો જીવન આખા માટે છે; તેની પ્રાપ્તિ જિંદગી પર્યંતની જ વાત છે; પણ તેની અસર આજથી જ રોજના જીવન પર જણાવી જોઇએ. આગળઉપર દેશના વૈજ્ઞાનિક વિકાસમાં ફાળો આપવો છે..., તો આજે તમારો આ ગણિતનો પાઠ બરાબર કરી લો; આગળ ઉપર દેશના કલ્યાણાર્થે રાજકારણમાં પડવું છે..., તો આજે નકામી નવલકથાઓ વાંચવાને બદલે દેશપરદેશના પ્રશ્નોનો અભ્યાસ કરો અને લોકશાહી તંત્રનો પરિચય મેળવો; આગળઉપર લોકોની સેવા કરવી છે..., તો આજે પ્રેમથી ને સરળતાથી તમારા સહાધ્યાયીઓને મદદ કરતાં શીખો ને ગરીબોને ત્યાં જવાનો અનુભવ લેવા માંડો.

તમારું જીવનધ્યેય તમારી યાત્રાની દિશા બાંધશે; એ દિશામાં આગળ ધપવા પ્રેરણા અને શક્તિ આપશે; દુ:ખમાં સહનશીલતા અને સુખમાં વિવેક સુઝાડશે; જીવનમાં અણધારી સફળતા અપાવશે.

તમારું જીવનધ્યેય એ તમારું પ્રેરકબળ, તમારા ચારિત્ર્યનો પાયો, તમારા વ્યક્તિત્વનું માપ છે.

આજથી સો-સવાસો વર્ષ પર જ્યારે ગુજરાતી ભાષા અને સાહિત્યનું ક્ષેત્ર સાવ ઉપેક્ષિત હતું ત્યારે પોતાના પુરુષાર્થથી 'જ્ઞાનયજ્ઞ'નું મંગલાચરણ કરીને સાહિત્યસંસ્થાઓ, પુસ્તકાલયો, સમાચાર-પત્રો, કન્યાશાળા તેમજ ઇતિહાસ-સંશોધનની પ્રવૃત્તિઓ દ્વારા દેશી પ્રજામાં નવજાગૃતિ આણનાર એક આંગ્લ મહાનુભાવ

એલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ

અથવા ફાર્બસ સાહેબ



લેખક
પ્રો. નરોત્તમ વાળંદ

ઈ. ૧૨૫૦ના અરસામાં, ફ્રાન્સના વાયવ્ય ખૂણે આવેલા નૉર્મંડી પ્રાન્તનો એક સાહસવીર જ્હૉન ફૉર્બ્સ ગ્રેટ બ્રિટન ગયો અને તેણે સ્કૉટલૅન્ડમાં, લંડનથી ઉત્તરે ૬૦૦ માઈલ દૂરના આબર્ડીન બંદરે વસવાટ સ્વીકાર્યો. એ વીર પુરુષે એ વેળાના સ્કૉટલૅન્ડના રાજવી વિલિયમ ધ લાયનના લશ્કરી ખાતામાં રહીને એવી તો સુંદર સેવા બજાવી કે રાજાએ એને આબર્ડીન પરગણું બક્ષિશ આપ્યું અને આસમાની રંગની ઢાલ ઉપર રૂપેરી રીંછના માથાવાળું રાજચિહ્ન પણ બક્ષ્યું. ત્યાર બાદ આ પરગણું ફૉર્બ્સ પરગણા તરીકે ઓળખાવા લાગ્યું.

પછી તો જ્હૉન ફૉર્બ્સનો કુટુંબ વડલો વિસ્તર્યો અને તેણે ચોમેર વડવાઈઓ નાખી. જ્હૉન ફૉર્બ્સનો ચોથી પેઢીનો પ્રપૌત્ર સ્કૉટલૅન્ડની રાજકુમારીને પરણ્યો અને દાયજામાં કેટલાંક ગામ, સુવર્ણ મુકુટ, સુવર્ણ કટિબંધ અને ઉમરાવપદ પામ્યો. તેનો પુત્ર રાજાને ખૂબ પ્રિય થઈ પડવાથી તે પણ રાજચિહ્નનો વાવટો અને કૂકડાના કીર્તિચિહ્નની ટોપી પામ્યો. વળી, એના યે પુત્રને રાજાએ 'ઍલેક્ઝાન્ડર વૉરિયર'નો ખિતાબ આપીને નવાજ્યો. તે પછી કેટલાક ફૉર્બ્સ વંશજો સ્કૉટિશ રાજાની શસ્ત્રશાળાના અધિપતિઓ થયા હતા અને જાગીર પણ પામ્યા હતા. એ વંશના જેઈમ્સ ફૉર્બ્સે એક મોટો કિલ્લો બંધાવ્યો હતો, તો એ વંશના એક મોટા સરદારને આયર્લૅન્ડમાં 'લૉર્ડ ઑવ ગ્રેનાડ'નું બિરુદ પ્રાપ્ત થયું હતું. લૉર્ડ બિશપ પૅટ્રિક નામે ફૉર્બ્સવંશી ઇતિહાસપ્રસિદ્ધ ધર્મપુરુષે તો આયુષ્યભર બ્રહ્મચર્ય પાળ્યું હતું અને દ્રવ્યાદિ પોતાનું સર્વસ્વ ધર્મહિતાર્થે આપી દીધું હતું. કેટલાક ફાર્બ્સવંશીઓ 'સર'ની પદવી પામ્યા હતા અને અમીરો પણ થયા હતા.

અઢારમા સૈકાની અધવચમાં ફૉર્બ્સવંશી સર આર્થર ફૉર્બ્સ આબર્ડીન પરગણાના પ્રતિનિધિ તરીકે ઇગ્લૅન્ડની પાર્લમેન્ટમાં વિરાજતા હતા. આ સર આર્થરના પૌત્ર જ્હૉન ફૉર્બ્સના આઠ પુત્રોમાંના એક પુત્ર તે આ ઍલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ. કિન્લૉક ફૉર્બ્સના માતામહ બંગાળમાં તોપખાનાના કર્નલ હતા. આમ, પૂર્વજો તેમ જ માતા પક્ષથી કિન્લૉક ફૉર્બ્સને વીરતાનો વારસો સાંપડ્યો હતો.

ફાર્બસ સાહેબ (કિન્લૉક ફૉર્બ્સને હવે એ જ નામે ઓળખીશું)-નો જન્મ લંડનમાં ઈ.સ. ૧૮૨૧ના જુલાઇની સાતમી તારીખે થયો હતો. તેમને શિલ્પશાસ્ત્રી થવાના કોડ હતા એટલે વિખ્યાત શિલ્પી જ્યૉર્જ બાસ્સેવી પાસે તેમણે તેનું શિક્ષણ લેવા માંડ્યું; પરંતુ તેમના ભાગ્યમાં પથ્થર ઘડવાનું નહિ પણ માનવીઓ ઘડવાનું કાર્ય સર્જાયું હતું. ઇન્ડિયન સિવિલ સર્વિસમાં ઈ. સ. ૧૮૪૨ના ડિસેમ્બરની ૩૦મી તારીખે, ઇસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રતિનિધિ તરીકે તેમની વરણી થતાં તેમને શિલ્પશાસ્ત્રનો અભ્યાસ આઠેક માસ બાદ અધૂરો છોડવો પડ્યો અને હૅલીબરીની પાઠશાળામાં તે જોડાયા, જ્યાં પોતાની તેજસ્વી મેધા વડે સારી ખ્યાતિ અને ઘણાં પારિતોષિકો પ્રાપ્ત કર્યાં. અભ્યાસકાળ દરમિયાન પ્રસિદ્ધ અંગ્રેજ સંસ્કૃતાચાર્ય સર વિલિયમ જોન્સની કૃપાના પ્રતીકરૂપ તેમના તરફથી કેટલાક ગ્રંથો તેમને ભેટ મળેલા.

આમ, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સદ્‌ભાવનાનાં બીજ હૃદયમાં રોપીને ઈ. સ. ૧૮૪૩ની ૧૫મી નવેમ્બરે ફાર્બસે મુંબાઈના કિનારે પગ મૂક્યો. ત્યાંથી પાંચેક દિવસમાં અહમદનગર આવ્યા અને ૧૮૪૪ની ૧૦મી જાન્યુઆરીએ હિન્દુસ્તાની ભાષાની પરીક્ષા પાસ કરીને અહમદનગરમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમાયા. પછી નવ જ માસમાં મરાઠી ભાષા શીખી લઈ ૧૦મી ઑક્ટોબરે તેની પરીક્ષા પાસ કરીને ખાનદેશ જિલ્લાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમાયા. ત્યાં દોઢેક વર્ષ રહીને ૧૮૪૬ની ૬ઠ્ઠી એપ્રિલે મુંબાઈની સદર અદાલતના ડેપ્યુટી રજિસ્ટ્રાર થયા અને છએક માસનો અનુભવ લઈને ૧૮૪૬ની ૧૫મી નવેમ્બરે ૨૫ વર્ષની ભરયુવાન વયે તે અમદાવાદ આવ્યા.

તેમની દૃષ્ટિ શિલ્પશાસ્ત્રીની-કલાકારની-હતી, એટલે અમદાવાદનાં હિન્દુ-ઈસ્લામી સંસ્કૃતિનાં પ્રતીક શાં હિન્દુ જૈન મંદિરો અને મસ્જિદ-રોજા જોતાં એમને અહીંના પ્રાચીન ઈતિહાસ વિષે જાણવાની તમન્ના જાગી. એ માટે કોઈ વિદ્વાનની તેમણે તપાસ આરંભી. ત્રણચાર વ્યક્તિઓને નાણી જોઈ, પણ સંતોષ ન થયો. એ વેળાએ અમદાવાદની દીવાની અદાલતમાં ભોળાનાથ સારાભાઈ મુનસફપદે હતા. તેમને પૂછપરછ કરતાં ભોળાનાથે પોતાના કાવ્યગુરુ કવિ દલપતરામનું નામ સૂચવ્યું. દલપતરામ ત્યારે વઢવાણ હતા. તાર-ટપાલ અને આગગાડી વિહોણા એ જમાનામાં દલપતરામને તાત્કાલિક તેડાવવા માટે ખાસ ખેપિયો દોડાવવામાં આવ્યો.

ઈ. ૧૮૪૮ની પહેલી નવેમ્બરે અમદાવાદમાં સાબરમતીને કાંઠે આવેલા ચાંદાસૂરજના મહેલમાં ફાર્બસ-દલપત મિલન થયું. દલપતરામે તેમને કૃષ્ણની અષ્ટ પટરાણીઓનાં બે કવિત સંભળાવ્યાં અને નારદજીના ટીખળની પણ કથા કહી. ફાર્બસ સાહેબ સંતોષ પામ્યા. પછી પગારની વાત ચાલી. એ વેળા થોડીક રમૂજ પણ થઈ. દલપતરામે સો-સવાસો રૂપિયાની માગણી મૂકી. ફાર્બસ સાહેબે પોતાને મળતા પગારમાંથી માસિક વીસ રૂપિયા આપવાનું જણાવ્યું. વાતનો ઘટસ્ફોટ થતાં કવિએ હરખભેર કહ્યું: 'સાહેબ, મેં તો વરસના સો-સવાસો માગ્યા હતા અને આપ તો મને બમણા આપવાનું કહો છો!'

તે જ દિવસથી દલપતરામનો પગાર ચડતો થયો. દલપતરામ રોજ સવારે દસથી બાર સુધી સાહેબને ગુજરાતી ભાષા ભણાવતા ને બાકીનો સમય ઐતિહાસિક ગ્રંથોની માહિતી મેળવવામાં અને સામગ્રી શોધવામાં ગાળતા. એ માટે કોઈ વાર પરગામ પણ જવું પડતું.

ગુજરાતી ભાષા માટે ફાર્બસ સાહેબનો એવો મત હતો કે એ સાહિત્યભાષા નથી, માત્ર બોલી છે; વાણિયાના ચોપડા લખવાના જ કામમાં આવતી એક બજાર-ભાષા છે; એમાં કોઈ સાહિત્ય નથી. પણ પાછળથી જૂના ગ્રંથો મળતા ગયા તેમ તેમ આ વિચારો બદલાતા ગયા અને વર્તમાન ગુજરાતી ભાષા-સાહિત્યની ઉન્નતિ અર્થે એક સંસ્થા ઊભી કરવાની તેમને જરૂર લાગી. એટલે, દલપતરામનો સાથ લઈને, ઈ. સ. ૧૮૪૮ની ૨૬મી ડિસેમ્બરે યુરોપિયન અને દેશી ગૃહસ્થોની સભા બોલાવીને તેમણે 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી'ની સ્થાપના કરી. એમાં ૧૯ અંગ્રેજ ને ૧ દેશી સભાસદ હતા! મુંબાઈના ગવર્નર લૉર્ડ ફૉકલૅન્ડ તેના મુરબ્બી થયા અને ફાર્બસ તેના મંત્રી બન્યા. ગુજરાતી ભાષાસાહિત્યનો પ્રચાર, વર્તમાનપત્રનું પ્રકાશન, પુસ્તકાલયની સ્થાપના, ગુજરાતી કોષ માટે પ્રયત્ન, હાથપ્રતોનો સંગ્રહ, કેળવણીની વૃદ્ધિ અર્થે શાળાની સ્થાપના, શાળોપયોગી તથા અન્ય પુસ્તકોનું ભાષાન્તર તેમ જ પ્રકાશન,—આ સર્વ ઉદ્દેશો સોસાએટીએ નજર સામે રાખ્યા હતા.

એ વેળા અમદાવાદમાં એક પણ દેશી પુસ્તકાલય નહોતું, એટલે ૧૮૪૯ની ૫મી જાન્યુઆરીએ એક 'નેટિવ લાયબ્રેરી' સ્થાપવાનો સોસાએટીએ ઠરાવ કર્યો. આ પુસ્તકાલય ભદ્રના મેડા ઉપર છએક વર્ષ રહ્યું. એ પુસ્તકાલયની પાછળ જ કેદખાનું હોઈ સરકાર તરફથી એ ત્યાંથી ખસેડી લેવાની તાકીદ થઈ. આથી પુસ્તકાલયના અલગ મકાન માટે ઈ. ૧૮૫૫ની પાંચમી સપ્ટેમ્બરે દલપતરામે જાહેરસભા યોજીને ફાળાની વિનતિ કરી. એ માટે નગરશેઠ હીમાભાઈ તરફથી ઉદાર સહાય મળી અને ઈ. ૧૮૫૫ની ૨૪મી ડિસેમ્બરે મુંબાઈના ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટનના શુભ હસ્તે પુસ્તકાલયના નવા મકાનનું ખાતમુહૂર્ત થયું અને તેનું નામ 'હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' રાખવામાં આવ્યું.

પછી સોસાએટી તરફથી એક છાપું પણ પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો અને ઈ. ૧૮૪૯ની ૪થી એપ્રિલે 'વરતમાંન' પ્રગટ થયું. વાર્ષિક છ રૂપિયાના લવાજમવાળા એ પત્રની ત્યારે લગભગ સવાસો જેટલી નકલો ખપતી હતી. એ દર બુધવારે પ્રગટ થતું હોઈ 'બુધવારિયું' કહેવાતું. તેમાં બજારભાવ અને શહેરના સમાચાર છપાતા. ફાર્બસ સાહેબ પોતે પણ એમાં લેખો લખતા. તે વેળાના હીરાલાલ ફોજદારના ચકચારભર્યા કેસને પ્રસંગે તેમાં અદાલતની ટીકા કરતાં લખાણો ફાર્બસ સાહેબ તરફથી પ્રસિદ્ધ થતાં સદર અદાલત તરફથી સર્ક્યુલર આવ્યો કે કોઈ સરકારી નોકરે છાપામાં લખવું નહિ. આથી ફાર્બસ સાહેબનું લખવું બંધ થયું. પ્રેસસ્વાતંત્ર્ય વિહોણા ને અજ્ઞાન તથા તેહુકમીના એ જમાનામાં વર્તમાનપત્ર ચલાવવાનું કાર્ય આમ મુશ્કેલ બન્યું એટલે પત્રને સોસાએટીથી સ્વતંત્ર તો કરાયું, પણ પાછળથી તે બંધ પડ્યું. તે પછી સને ૧૮૫૦ની ૧૫મી મેથી 'બુદ્ધિપ્રકાશ' નામે પખવાડિક પત્ર પ્રગટ થવા લાગ્યું. શિલાછાપ (લીથો પદ્ધતિ)થી છપાતા એ સોળ પાનાના પત્રની છૂટક કિંમત માત્ર દોઢ આનો હતી. તે પણ સવાએક વર્ષ ચાલીને બંધ પડ્યું. ઈ. સ. ૧૮૫૪ના એપ્રિલમાં 'વિદ્યાભ્યાસક મંડળે' એને સજીવન તો કર્યું પણ એને નિભાવવું એ એના ગજા બહારની વાત હતી. એટલે સોસાએટીએ એને પાછું ખોળે લીધું ને કવિ દલપતરામ એના તંત્રી થયા. પાછળથી તે માસિકપત્ર બન્યું.

હવે કન્યાકેળવણી માટે સોસાએટીના પ્રયત્નો ચાલુ થયા. ઈ.સ. ૧૮૫૦ની ૮મી જુલાઈએ એક કન્યાશાળા શરૂ કરવામાં આવી અને હરકુંવર શેઠાણી તરફથી ઉદાર સહાય મળતાં, ઈ.સ. ૧૮૫૮ની ૩૦મી એપ્રિલે તેના મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. બીજી કન્યાશાળા શેઠ મગનભાઈ કરમચંદ તરફથી શરૂ થઈ તે પણ સોસાએટીના પ્રયત્નનું જ પરિણામ હતી.

ઈ. સ. ૧૮૫૦ની ૧૫મી એપ્રિલે ફાર્બસ સાહેબ આસિસ્ટન્ટ જજ તરીકે સુરત ગયા. કવિ દલપતરામ તેમની સાથે જ હતા. અહીં પણ તેમની જાહેર પ્રવૃત્તિઓ ચાલુ રહી. સૌપ્રથમ તો તેમણે 'સુરત સમાચાર' નામનું પત્ર શરૂ કરાવ્યું. પછી 'સુરત સોસાએટી' સ્થાપીને પોતે એના મંત્રી થયા. સુરતના ન્યાયમૂર્તિ ઍન્ડ્રૂસના નામથી ઈ. ૧૮૫૦ના નવેમ્બરમાં લાયબ્રેરી સ્થાપી અને તેના ઉપક્રમે વ્યાખ્યાનમાળાઓ યોજવામાં આવી. જેમાં સૌપ્રથમ વ્યાખ્યાન દલપતરામનું 'હુન્નરખાનની ચડાઈ' વિષેનું હતું. લગભગ સવા વર્ષ લગી સુરતમાં રહી, તેને પ્રવૃત્તિથી ધમધમતું કરી મૂકીને ઈ. સ. ૧૮૫૧ની ૧લી મેએ ફાર્બસ સાહેબ અમદાવાદના આસિસ્ટન્ટ કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ તરીકે નિમાઈ પાછા ત્યાં આવ્યા, જ્યાંથી સવા જ વરસમાં—ઈ. સ. ૧૮૫૨ના ઑગસ્ટમાં મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ તરીકે તેમની બદલી થઈ. ત્યાંના તાલુકદારોના કુંવરોના શિક્ષણ અર્થે તેમણે સાદરામાં નિશાળ શરૂ કરાવી. એનું નામ 'ફાર્બસ સ્કૂલ' અને પાસેના બજારનું નામ 'ફાર્બસ બજાર' રખાયું.

ઈ. ૧૮૫૨માં, વિ. સં. ૧૯૦૮ની દિવાળીના દિવસોમાં, ઇડરના મહારાજ જુવાનસિંહજીની સહાયથી ફાર્બસે પોતાના ખર્ચે ઇડરમાં એક મુશાયરો યોજ્યો. ધનતેરસના દિવસે ત્યાં ગુજરાતના ગામેગામથી એકઠા મળેલા આશરે ૩૦૦ કવિઓ અને કવિતારસિકોનો એ મેળાવડો પાંચેક દિવસ ચાલ્યો. તેમાં પધારેલા કવિઓને ફાર્બસે પોતાના તરફથી શાલપાઘ અને શેલાંઓના શિરપાવ આપીને નવાજ્યા. આ પ્રસંગને અનુલક્ષીને કવિ દલપતરામે ઈ. સ. ૧૮૬૭માં 'ફાર્બસ વિલાસ' નામે જ્ઞાનવિનોદનું કાવ્ય રચ્યું. બાર અંકોમાં રચાએલા અને અલંકારકૌશલ, મર્મકથન, સમસ્યાઓ તથા પદબંધવૈવિધ્યથી મનોહર બનેલા આ કાવ્યમાં ફાર્બસ સાહેબની સાહિત્યરસિકતાને બિરદાવવામાં આવી છે.

ઈ. ૧૮૫૩ના જૂનમાં ફાર્બસ સાહેબ અમદાવાદની અદાલતમાં ન્યાયમૂર્તિ તરીકે નિમાયા. નવ જ માસ રહીને ઈ. ૧૮૫૪ની ૨૮મી માર્ચે તે વિલાયત ગયા. ઈ. ૧૮૫૭ની ૧૦મી જાન્યુઆરીએ સુરતમાં ન્યાયમૂર્તિ તરીકે નિમાયા અને ઈ. ૧૮૫૮ની ૨૪મી માર્ચે તેમની ખાનદેશ ખાતે બદલી થઈ. એવામાં કાઠિયાવાડનું રાજકારણ ડહોળાએલું હોવાથી સરકારે તેમને ઈ. ૧૮૫૯ની ૧૧મી ઑક્ટોબરે પોલિટિકલ એજન્ટ તરીકે સુવ્યવસ્થા સ્થાપવા ત્યાં મોકલ્યા. ઈ. ૧૮૬૦માં તે પાછા સુરત આવ્યા અને એક વર્ષ બાદ, ૧૮૬૧ની ૨૩મી ડિસેમ્બરે મુંબાઈની વડી અદાલતના ન્યાયમૂર્તિ તરીકે નિમાયા. ઈ. ૧૮૬૪માં રૉયલ એશિયાટિક સોસાએટીની મુંબાઈ શાખાએ તેમને પોતાના પ્રમુખપદે વિરાજવા નિમંત્ર્યા, પણ વિનયવિનમ્ર ફાર્બસે એ પદ નકાર્યું અને ઘણા આગ્રહને અંતે તેના ઉપપ્રમુખ થયા. આ અરસામાં તેઓ સર જમશેદજી જીજીભાઈ કલામંદિરના પ્રમુખ થયા. ૧૮૬૪ના ડિસેમ્બરમાં મુંબાઈ સરકારે તેમને મુંબાઈ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે—વાઇસ ચાન્સેલર પદે—નીમ્યા.

મુંબાઈમાં મનસુખરામ ત્રિપાઠી આદિના સહકારથી ફાર્બસે ત્યાં ગુજરાતી ભાષાની ઉન્નતિ અને વિકાસ અર્થે 'ગુજરાતી સભા' સ્થાપવાની યોજના હાથ ધરી. દેશી રાજ્યોના રાજાઓ, મુંબાઈના શ્રીમંતો અને અન્ય ગૃહસ્થોની પાસેથી ફાળો ઉઘરાવાયો અને વાલકેશ્વર પાસેના ફાર્બસ સાહેબના બંગલામાં તેની વિચારણા માટે એક


સભા મળી. તે પછી મુંબાઈના ટાઉન હૉલમાં ૧૮૬૫ની ૨૫મી માર્ચે મળેલી બીજી સભાએ 'ગુજરાતી સભા' સ્થાપી, જેના પ્રમુખ તરીકે ફાર્બસ સાહેબની તથા મંત્રી તરીકે મનસુખરામની વરણી થઈ.

વિદ્યા અને કળાની સદભિરુચિ ધરાવતા ફાર્બસ સાહેબ પોતાના હોદ્દાની ફરજ બજાવવા ઉપરાંત પ્રજાની સંસ્કારપ્રવૃત્તિમાં હોંશપૂર્વક ભાગ લેતા. તેઓ અમદાવાદ, સુરત, સાદરા, ઇડર, મુંબાઈ એમ જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં જ્ઞાનના કણ વેરતા ગયા. કવિ નાનાલાલે ઉચિત રીતે જ કહ્યું છે: 'ન્હાનો કે મ્હોટો, ફારબસ જ્ય્હાં જ્ય્હાં જતો, ત્ય્હાં ત્ય્હાં જ્ઞાનયજ્ઞ કરતો.' અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાએટી' (હાલની ગુજરાત વિદ્યાસભા) આજે ૧૧૭ વર્ષની થઈ છે; મુંબાઇની 'ફાર્બસ ગુજરાતી સભા'ને હમણાં જ ૧૦૦ વર્ષ પૂરાં થયાં.

ફાર્બસ સાહેબનું બીજું ખાસ નોંધપાત્ર ગણાશે તેમનું 'રાસમાળા'નું સંપાદનકાર્ય. જૂના રાજવંશો અને ઐતિહાસિક પ્રસંગોને લગતી માહિતી એકત્ર કરવાની જિજ્ઞાસાએ તેમને 'રાસમાળા' લખવા પ્રેર્યા. દલપતરામ, ભોળાનાથ અને અન્ય મિત્રોની પણ તેમણે મદદ લીધી. પ્રથમ પગલે જ અમદાવાદના ઝવેરીવાડામાંના ખડતર ગચ્છના ગોરજી પાસેથી દલપતરામ 'કુમારપાળ રાસો' અને 'વસ્તુપાળ રાસો' લઈ આવ્યા; ભોળાનાથે 'શંકર દિગ્વિજય'નો ગ્રંથ આપ્યો; અમદાવાદના શાહપુરના ભાટવાડાના વહીવંચાઓ પાસેથી સોલંકી વંશ અને વાઘેલા વંશની વંશાવળીઓ સાંપડી; હરકુંવર શેઠાણીના મારવાડી મુનીમે 'પ્રબંધચિન્તામણિ'નો ગ્રંથ આપ્યો. પછી તો રાજવીઓ, અધિકારીઓ, કારભારીઓ, વહીવંચા, બારોટો, શિલ્પીઓ અને પરિચિત વ્યક્તિઓ પાસેથી ફાર્બસે માહિતી એકઠી કરવા માંડી. પાટણ, જયપુર, ખંભાત, વડોદરા ને અમદાવાદના પુસ્તકભંડારો તેમણે જોયા; સિદ્ધપુર, અણહિલપુર, પાલીતાણા, આબુ આદિ સ્થળોનાં શિલ્પો, ખંડેરો, કીર્તિસ્તંભો, દેવાલયો વગેરે ઐતિહાસિક સ્થાનો જોયાં; જૂના શિલાલેખો, તામ્રપત્રો, દસ્તાવેજો ને દંતકથાઓની સામગ્રી એકઠી કરી; જાતે ફોટા લીધા ને ચિત્રો તૈયાર કર્યાં. પ્રબંધચિન્તામણિ, ભોજપ્રબંધ, દ્વયાશ્રય કાવ્ય, પૃથુરાજ રાસ, રત્નમાળા, પ્રવીણસાગર, બાબીવિલાસ, શ્રીપાળરાસ, કેસરરાસ, હમીરપ્રબંધ જેવા સંખ્યાબંધ પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ કર્યો. કેટલીક મૂળ પ્રતોના ઉતારા કરાવ્યા.

વહેમ, અણવિશ્વાસ, અજ્ઞાન, લોભ અને અદેખાઈના એ જમાનામાં ફાર્બસે પોતાની સુજનતા, ઉદારતા, વગમોભો અને વાણીની મીઠાશથી લોકહૈયાં જીતીને કામ લીધું હતું. રેલવેની સગવડ ત્યારે ન હોવાથી ઘણી વાર તો પગપાળા જ મુસાફરી કરવી પડતી. મુસાફરીમાં એક નકશો, નાણાંની કોથળી, પિસ્તોલ અને નેતરની લાકડી સાથે રાખતા. રસ્તે જતાઆવતા વટેમાર્ગુઓ સાથે મધુર વાતો કરતા ને એમ પંથનો કંટાળો હળવો કરતા. તેમના આ સંશોધનને વહેમની નજરે જોનારાઓ એમ ધારતા કે કોઈ છૂપો ખજાનો શોધી કાઢવા માટે કે જમીન ખાલસા કરવા માટે સરકારે તેમને નીમ્યા છે. આથી, વહેમી કારભારીઓ પોતાનાં રાજ્યોની માહિતી આપતા નહિ અને લાલચુ લોકો ઇનામની પણ આશા રાખતા.

એક વાર, પાટણમાં હીરજી નામે વૃદ્ધ બારોટ એક જૂનું પુસ્તક સાહેબ પાસે લઈ આવીને કહ્યું: 'અમારા ઘરમાં ઘણાં પુસ્તકો છે. એક વાર ગાયકવાડ સરકારને અમારા પૂર્વજે એક જૂનું પુસ્તક બતાવ્યું તેથી સરકારે ખુશ થઈને એક ગામ બક્ષિશ આપેલું છે. તો અંગ્રેજ સરકાર તો મોટો રાજા છે. માટે અમને એથી વધારે આશા છે.' સાહેબે હસીને દલપતરામને કહ્યું: 'તમે ભૂતનિબંધમાંની હનુમાન નાટકની વાત આ બારોટને સંભળાવો.' દલપતરામે વાત સંભળાવી: 'એક માણસે નાટકમાં હનુમાનને કહ્યું કે ઓ હનુમાનજી! તું મને બાયડી આપે તો હું તને તેલસિંદૂર ચડાવું. હનુમાનજી બોલ્યા કે તને આપવા સારુ મારી પાસે બાયડી હોત તો હું જ કુંવારો શા વાસ્તે રહેત?!' પછી સાહેબે કહ્યું: 'તમને ગામ આપવાની મારી શક્તિ હોય, તો હું જ શા વાસ્તે નોકરી કરું?' આ સાંભળી ભાટ નારાજ થયો અને તેણે પુસ્તક બતાવ્યું નહિ.


In the year of Nrip Shri Vikram, Sumvut 1361., in the month of Waishak, on the 15th Shud, this day, being Sunday, here in Shri Wardhamanpur, I have completed this work the Prabandh Chintamani.

ફાર્બસ સાહેબના હસ્તાક્ષરો

પાટણના જૈન ભંડારોમાં 'દ્વયાશ્રય' પુસ્તકની તપાસ અર્થે એક જૈન ઉપાશ્રયમાં ફાર્બસ સાહેબ ગયા ત્યારે બે જૈન મુનિઓ વ્યાખ્યાન વાંચી રહ્યા હતા. સાહેબ આવતાં સૌ ઊભા થયા અને એક જણ ખુરશી લેવા જવા લાગ્યો. સાહેબે સૌને બેસવાનું કહીને પોતે ચાકળા પર બેસી ગયા અને રૂ. ૧૦)ની કિંમતનું કાપડ તાત્કાલિક મંગાવીને બેઉ મુનિઓને ભેટ આપ્યું. 'દ્વયાશ્રય' પુસ્તકની નકલ કરવાના મહેનતાણા અને કાગળના ખર્ચ માટે મોંમાગી રકમ તે જ વેળા આપીને પોતાના ખર્ચે એ નકલ મોકલવાની વિનતિ કરી. એ જ રીતે 'પૃથુરાજરાસા'નો ગ્રંથ રૂ. ૧૧૦ ખર્ચીને છેક બુંદીકોટાના રાજદરબારમાંથી મંગાવી એની નકલ ઉતારીને પાછો મોકલી આપેલો.

પોતે એકઠી કરેલી વિપુલ સામગ્રીનું સંશોધન અને સંપાદન કાર્ય પૂરતો સમય માગી લે એવું હોઈ, એમણે વહીવટી કાર્યમાંથી ઇ.સ. ૧૮૫૪થી ૧૮૫૬ સુધીનાં ત્રણ વર્ષની રજા લીધી અને વિલાયત પહોંચ્યા. જતી વેળા ઇસ્ટ ઇન્ડિયા કંપનીની 'કોર્ટ ઑવ ડિરેક્ટર્સ'ના હસ્તકના કેટલાક લેખો અને પત્રો પણ કાળજીપૂર્વક વાંચી ગયા. ત્રણ વર્ષના પરિશ્રમને અંતે ઇ. ૧૮૫૬માં 'રાસમાળા' લંડનમાં રીચાર્ડસન બ્રધર્સ નામની પ્રકાશનસંસ્થા તરફથી પ્રસિદ્ધ થઈ. (એની બીજી આવૃત્તિ ઇ.સ. ૧૯૨૪માં ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ તરફથી પ્રસિદ્ધ થઈ છે.) એ 'રાસમાળા'નો ગુજરાતી તરજુમો રણછોડભાઈ ઉદયરામે કર્યો અને મુંબાઇની 'ફાર્બસ ગુજરાતી સભા' તરફથી બે ભાગમાં તે રૂ. ૧૩૦૦૦)ના ખર્ચે પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

ફાર્બસ સાહેબે કેટલાક સ્વતંત્ર લેખો પણ લખ્યા છે. 'જૉગ્રફિકલ ક્વાર્ટર્લી રીવ્યુ'માં તેઓ અવારનવાર લખતા. એમાંનો 'ઇન્ડિયન આર્કિટેક્ચર' વિષેનો મનનીય નિબંધ અને રૉયલ એશિયાટિક સોસાએટીના ઉપક્રમે અપાએલું 'સોમનાથ' વિષેનું પ્રવચન તેમની શિલ્પસ્થાપત્યની ઊંડી સૂઝ દર્શાવતી રચનાઓ છે. દેશી રાજ્યોનો ચિતાર

આપતો 'ધી રેવાકાંઠા'નો લેખ અને વ્રજ ભાષાના 'રત્નમાલા' ગ્રંથના કેટલાક ભાગનું ભાષાન્તર પણ તેમના કલમકૌશલનો ખયાલ આપે છે.

ફાર્બસ-દલપતની મૈત્રી એ બે સંસ્કૃતિઓના સુભગ સંયોગરૂપ હતી. બેઉ જણ પરસ્પરને સદ્‌ગુણે શણગારનારા સન્મિત્રો હતા. દલપતરામની અસરથી ફાર્બસે નાચગાનના મેળાવડામાં જવું બંધ કરેલું. એથી એવી અફવા પણ ઊડેલી કે દલપતરામે સાહેબને સ્વામીનારાયણી બનાવ્યા છે! બીજી બાજુ, દલપતરામની સુધારાલક્ષી સાહિત્યપ્રવૃત્તિનું પ્રેરણાસ્થાન ફાર્બસ હતા. 'ભૂતનિબંધ', 'જ્ઞાતિનિબંધ', 'બાળલગ્ન-નિષેધ', 'હુન્નરખાનની ચડાઈ', 'લક્ષ્મી' નાટક, 'સ્રી રં ભાષણ' વગેરે કૃતિઓ પાછળ ફાર્બસની પ્રેરણા હતી. આમાંની કેટલીક કૃતિઓ તો દલપતરામને સ્પર્ધામાં ભાગ લેતા કરવા માટે રચાવી હતી અને ઇનામ જીતતા કર્યા હતા. 'ભૂતનિબંધ'નું તો ફાર્બસે પોતે અંગ્રેજી ભાષાન્તર કર્યું હતું અને તે પરથી એનાં ઉર્દૂ અને મરાઠી ભાષાન્તરો થયાં હતાં. ઈ.સ. ૧૮૫૪માં ફાર્બસ વિલાયત ગયા તે પહેલાં દલપતરામને સાદરામાં સરકારી નોકરીએ મૂકતા ગયા હતા. ફાર્બસ-દલપતની ગેરહાજરીમાં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાએટીની સ્થિતિ ડામાડોળ થતાં ફાર્બસના એક સૂચનમાત્રથી દલપતરામે એ નોકરી છોડીને સોસાએટીનું સુકાન પુનઃ હાથ ધર્યું.

ઈ. સ. ૧૮૬૨માં શૅરસટ્ટામાં દલપતરામ રૂ. ૩૦૦૦)ના દેવામાં ડૂબી ગયા ત્યારે ફાર્બસે પોતા તરફથી એમને રૂ. ૧૦૦૦) તરત જ આપ્યા અને બાકીના રૂા. ૨૦૦૦) બીજા મિત્રોને ભલામણ કરીને અપાવ્યા; એમને ઉગારી લીધા. તો, ફાર્બસના અવસાન બાદ, તેમના કુટુંબને યથાશક્તિ સહાયરૂપ થઇને દલપતરામે મિત્રઋણ અદા કર્યું હતું.

ફાર્બસ એક દીર્ઘદ્રષ્ટા સુધારક હતા. તેમનો સુધારો ઉતાવળિયો નહોતો. ઈ.સ. ૧૮૫૦ના જાન્યુઆરીમાં સરકારી હુકમ અનુસાર ફાર્બસે સોસાએટીમાંથી ખસી જઈને તેનું સંચાલન પાદરી ડૉ. સીવર્ડને સોંપ્યું હતું. આ ડૉ. સીવર્ડે પોતાના બટલરના દીકરાને સોસાએટીની શાળામાં ભણવા મોકલ્યો. અંત્યજના છોકરાને જોઈને શાળાના છોકરાઓ ઘેર ચાલ્યા ગયા. શાળાના મહેતાજીએ આ વાત ડૉ. સીવર્ડને જણાવતાં, સીવર્ડે એ બટલરના છોકરાને ખાનગીમાં ભણાવવા આવવાનો હુકમ કર્યો. મહેતાજીએ પોતાની અશક્તિ દર્શાવી એટલે તેમને બરતરફ કરવાની ધમકી મળી. મહેતાજી દલપતરામ મારફતે ફાર્બસ સાહેબને મળ્યા ને બધી હકીકત જણાવી. સાહેબે તેમને આશ્વાસન આપી ડૉ. સીવર્ડ પર ચિઠ્ઠી લખી કે આવો સુધારો થવાને હજી ઓછામાં ઓછાં ૫૦ વર્ષની વાર છે. છેવટે મહેતાજીને પણ નોકરીએ લેવામાં આવ્યા અને સીવર્ડે પોતાનો દુરાગ્રહ પાછો ખેંચ્યો.

ઈ.સ. ૧૮૫૦માં સરકારે સુરતમાં શહેર સુધરાઇનો કાયદો લાગુ પાડીને શહેરને ફરતાં જકાતનાકાં બેસાડ્યાં. આથી લોકો વિરોધે ચડ્યા. સરકારને ભય લાગ્યો કે કદાચ હુલ્લડ થશે. એટલે કુનેહ વાપરીને લોકપ્રીતિપાત્ર ફાર્બસને ઈ. સ. ૧૮૫૧માં સુધરાઈ અમલદાર તરીકે નીમ્યા. ફાર્બસે દલપતરામ અને દુર્ગારામની મદદથી લોકમતને વાળીને વિરોધ શાન્ત કર્યો અને લોકોની પાસે કાયદો કબૂલ કરાવ્યો. આ કાર્યથી સંતુષ્ટ થઈને મુંબાઇ સરકાર વતી ગવર્નરે તેમનો આભાર માનતો પત્ર લખ્યો હતો. વળી, ઇ.સ. ૧૮૫૭ના મે માસમાં ભરૂચના મુસ્લિમો અને પારસીઓ વચ્ચે મોટો કલહ જાગ્યો ત્યારે અપરાધીઓનો નિર્ણય કરવાનું કામ સરકારે ફાર્બસને સોંપ્યું હતું. તે કામ તેમણે દીર્ઘદૃષ્ટિ, વિવેક અને નિષ્પક્ષપાતપણે સર્વને સંતોષ થાય એ રીતે પાર પાડ્યું હતું. ભારતની ઈ. ૧૮૫૭ની લોકક્રાન્તિ વેળા એમણે પ્રજાનો પક્ષ લીધો હતો એ તેમની પૂર્વગ્રહમુક્ત ઉદાર દૃષ્ટિ દર્શાવે છે.

સુરતના નવાબી કુટુંબના એક નબીરાએ ફાર્બસ સાહેબનો રૂ. ૧૫૦૦)ની કિંમતનો સરસામાન વેચાતો લીધેલો. એ કરજવાન માણસે પૈસા આપવાની તૈયારી જ બતાવી નહિ. એવા સંજોગોમાં તેના ઉપર ફરિયાદ માંડવાને બદલે રૂપિયા જતા કરીને ફાર્બસે પોતાના દિલની અમીરાઈ બતાવી હતી. તેઓ જ્યારે દાંતામાં હતા ત્યારે એક ભૂખ્યા માણસના દુઃખની વાતથી પ્રેરાઇને ત્યાં જ એક સદાવ્રત ખોલાવ્યું હતું. પોતે પોતાના પગારમાંથી દર સેંકડે બે ટકાની રકમ ગરીબોને મદદ કરવા અલગ રાખતા હતા. દાંતાથી અંબાજી થઈને આબુ જતાં, તેમની સાથેના એક સિંધી સિપાઈ ફતેહખાને રસ્તામાં વાઘનો શિકાર કર્યો. તેના શૌર્યની કદર રૂપે ફાર્બસ સાહેબે રૂ. ૫૦નો તોડો કરાવીને તેના પગમાં પહેરાવ્યો અને તેને 'વાઘમાર' કહીને નવાજ્યો. સાહેબ અમદાવાદ આવ્યા ત્યાર પછી જેલના દારોગાની એક જગ્યા ખાલી પડતાં ફતેહખાનને તેડાવીને એ જગ્યાએ નીમ્યો.

ફાર્બસ સાહેબ વડી અદાલતના ન્યાયાધીશ હતા તે દરમ્યાન ઈ.સ. ૧૮૬૫ના ઉત્તરાર્ધમાં તેમની તબિયત અસ્વસ્થ રહેવા લાગી. હવાફેર કરવા માટે તેઓ પૂના ગયા. કવિ દલપતરામ નોંધે છે તેમ, 'બહુ વિચાર કરવાથી અને ઘણાં કામ માથે લેવાથી મગજમાં રોગ થયો' અને ગુરુવાર તા. ૩૧મી ઑગસ્ટ ઈ.સ. ૧૮૬૫ના રોજ પંદર દિવસની ટૂંકી બીમારીમાં, ધી ઑનરેબલ એલિસના બંગલે તેમનો દેહાંત થયો. તેમનું સ્મરણ રાખવા સારુ તેમની સ્થાપેલી 'ગુજરાતી સભા' સાથે તેમનું નામ જોડવામાં આવ્યું. વળી, તેમના યુરોપિયન અને હિન્દી સન્મિત્રો તરફથી ઉઘરાવવામાં આવેલી રૂ. ૫૦૦૦)ની રકમ, તેના વ્યાજમાંથી ન્યાયશાસ્ત્રના શ્રેષ્ઠ વિદ્યાર્થીને 'ફાર્બસ સુવર્ણચંદ્રક' આપવાની શરતે, મુંબાઈ વિશ્વવિદ્યાલયને આપવામાં આવી.

સ્વતંત્ર મિજાજના, ન્યાયપ્રેમી અને વત્સલ અધિકારી ફાર્બસને અંજલિ આપતાં 'ધી બૉમ્બે સૅટરડે રીવ્યુ'એ તા. ૯મી સપ્ટેમ્બર ૧૮૬૫ના અંકમાં લખ્યું હતું: 'He (i.e. Forbs) recognised fully that, come what might, England could rule India on no other principles than those under which her own institutions have grown up.' તો વળી ઈ. ૧૮૬૫ના સપ્ટેમ્બરની ૧૫મીનો 'ડાંડિયો' ફાર્બસ સાહેબના ગુજરાતપ્રેમને આ રીતે વર્ણવે છે: 'ભાંગના ક્યારામાં કોઈ વખત તુલસીના છોડ ઊગી નીકળે છે, તેમ હાલ બેત્રણ વર્ષ થયાં ઘણી ચવાયલી અને સડેલી ડાઢે ચાવડેલી 'સિવિલસર્વિસ'માં પણ જૂના ટોપીવાળાઓમાંના કોઈ બડા અચ્છા સાહેબો નીવડેલા છે....તેવા મરનાર એલેક્ઝાંડર કી. ફોર્બ્સ સાહેબ થયા. ફક્ત એમણે સાહેબી ભોગવી જાણી નથી. એમણે તો ગુજરાત જ પોતાનું વતન જાણ્યું છે.'

ફાર્બસવિરહે પીડાતા કવિ દલપતરામ, એમની સેવાઓને યોગ્ય રીતે જ મૂલવે છે:

'મળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઈ જશે તે ચૂંથાઈ ચૂંથાઇને,
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં, તે
પાવલાંની કિંમતે કદી જશે વેચાઇને;
મસીદો, મિનારા કે કરાવેલા કીરતિથંભ,
ઘણે દા'ડે તે તો જશે સમૂળા ઘસાઈને;
કવિતાથી ઠામ ઠામ કહે દલપતરામ,
ફારબસ તણા જસ રહેશે ફેલાઇને.'

એક સ્ત્રી હતી, મત્સ્યગંધા, એના માનને સારુ શાંતનુ પુત્રે ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી. ને એક સ્ત્રી હતી...એના

દક્ષિણકરનું દાન

લેખક · શિવકુમાર જોષી

આખા દિવસની ઘસડપટ્ટીને અંતે થાક એવો ચડ્યો હતો કે ઘેર પહોંચી જમી પરવારીને પલંગમાં પડવા સિવાય કશું સૂઝે તેમ ન હતું. પરંતુ સૂતાં પહેલાં રોજનો વાર્તા સાંભળવાનો લાગો પ્રાર્થન જતો કરે તેમ ન હતો.

'એકાદ નાની સરખી વાત કરીને પતાવોને. હમણાં એ ઊંઘી જશે; ધમાચકડી એણે પણ ઓછી નથી કરી આખો દિવસ.' વાર્તા શરૂ કરવાની મારી આનાકાનીનો અણસારો પહોંચી જતાં ઊર્મિલાએ દીકરાનો પક્ષ લીધો. બગાસાં સમારતાં, અંગ મરોડતાં મેં વાત વિચારવા માંડી. આવા હઠીલા પુત્રમાં થોડી વિવેકબુદ્ધિ પ્રગટે એવી મુરાદથી પુરાણોમાંથી કોઈ એવો વિષય શોધવામાં હું પડ્યો. રામચંદ્ર, શ્રવણકુમાર કે પછી ધ્રુવ અથવા તો નચિકેતા, કોની વાત કઈ રીતે માંડું એની ગડમથલમાં હું હતો, ત્યાં રસોડામાંથી જ હુકમ છૂટ્યો: 'પાછી વેઠ ન ઉતારશો; તે દિવસની જેમ આખાં ને આખાં ગપ્પાં હાંકશો તો પકડાઈ જશો...તમારો દીકરો તમારાથી ઓછો ચાલાક નથી.'

મારી ચાલાકીને બિરદાવવામાં આવી તેનું સુખ મમળાવતો હતો, ત્યાં પ્રાર્થને સળવળાટ શરૂ કર્યો: 'એં, બાપુ, મા પણ ક્યારેક ઓછાં ગપ્પાં નથી હાંકતી હોં. કહેતી'તી કે ભીષ્મદાદા હતા ને, તે બાણની પથારીમાં સૂતેલા, ને પાણીની તરસ લાગી એટલે એમને બાણોથી વીંધનાર અર્જુન પાસે જ બાણથી ટચબચેલ ખોદાવડાવ્યો, ને પછી પાણી પીધું ..' પ્રાર્થનની તે પછીની ટીકાઓ મારે કાને ન પડી. ભીષ્મની પિતૃભક્તિ મને યાદ આવી. પ્રાર્થનને પાસે ખેંચીને, મહાભારતકારે હિમ્મત કરી હતી તે કરતાં વિશેષ રંગરાગાન સાથે, રાજા શાંતનુ અને ભીષ્મની વાત મેં વિસ્તારી વાર્તાના પ્રવાહમાં પ્રાર્થન બરાબર તણાયે જતો હતો, અને એક વાર ઊંઘનો હુમલો ખાળ્યા પછી તો હું પણ રંગમાં આવી ગએલો, એટલે કામકાજથી પરવારી ઊર્મિલા ક્યારે પલંગને છેડે આવીને બેસી ગઈ એનો મને ખયાલ ન રહ્યો.

વાર્તાને અંતે ભીષ્મની પ્રતિજ્ઞાની જાહેરાતની સાથેસાથે જ લગભગ પ્રાર્થનની આંખો મીંચાઇ ગઇ અને મેં પણ કૃતકૃત્યતાની લાગણી સાથે ઊંઘતાં પહેલાં છેલ્લીવાર આળોટતો હોઉં તેમ સાડાપાંચ ઇંચનું બગાસું વિસ્તારવા માંડ્યું. ત્યાં ઊર્મિલાના મુખ ઉપર નજર પડતાં હું સ્તબ્ધ બની ગયો. એની આંખમાંથી આંસું વહેતાં હતાં!

'અરે એય, શું થયુ?' મેં પૂછ્યું. પણ એણે જવાબ ન આપ્યો. એની દૃષ્ટિ ભોંય ઉપર જડાએલી હતી. પ્રાર્થનને સરખો સુવાડીને હું એની નજીક સર્યો. માર્દવતાથી મેં એને ખભે હાથ મૂક્યો અને ફરી પૂછ્યું: 'શું થયું ઊર્મિ? અરે! આમ તો તું રડે છે, છતાં હોઠ ઉપર તો સ્મિત અંકાયું છે! વાત શી છે? ભીષ્મની પ્રતિજ્ઞાએ હલાવી મૂકી?'

'હા, પ્રતિજ્ઞાએ હલાવી મૂકી...લગભગ ભીષ્મ જેવી જ કોઈની પ્રતિજ્ઞાએ...' નજર જ્યાં હતી ત્યાં જ ખોડેલી રાખીને છૂટા છૂટા શબ્દો વેરતી એ બોલી. પણ મને કશું સમજાયું નહિ. વર્ષો સુધીના સહજીવન પછી પણ ઊર્મિલા દુરારાધ્ય હતી, ગૂઢ હતી, એમ મને અવારનવાર પ્રતીતિ થતી. એની ચિબુક કુમાશથી ઊંચી કરીને એની નજરમાં નજર ગોઠવતાં મેં જોયું કે એની આંખોમાં પારદર્શક કરુણા તરતી હતી. ક્ષણો પછી સ્વસ્થ બનીને એણે પોતે જ લાગલો પ્રશ્ન કર્યો:

'પેલી કુરંગીને જોઇ છે ને?'

'કુરંગી? અરે હા રે...એક વાર એને જોયા પછી કેમ ભુલાય? કુરંગી નિયોગી, નહિ? સવારના પહોરમાં એનું એ રૂપાળું હસુંહસું મુખ જોવા મળે તો સમજવું કે દિવસ સારો જવાનો! હિંદની પ્રતિનિધિ તરીકે આંતરરાષ્ટ્રીય સમારંભમાં મારે કોઇને રજૂ કરવાનું હોય તો હું કુરંગીને જ આગળ ધરું. શું રૂપ! શી છટા! અને એની ચાલ! હમણાં વળી કોઇ બંગાળી છાપામાં એનો ફોટો પણ છપાયાનું તું કહેતી હતી ને?'

'આ વર્ષે ઈન્ટર આર્ટ્સમાં યુનિવર્સિટીમાં પહેલી આવી છે એ.'

'અરે વાહ! વિધાતાએ રૂપગુણ બધાં સાથે જ ઢાલવ્યાં લાગે છે! તે રાતે પૂજાપૅન્ડલમાં એણે રવીન્દ્ર-સંગીત ગાએલું, ત્યારે થયું કે—'

'એ બધી વિદ્યા, એ કલાની જાણકારી પાછળ એક વ્યક્તિની તપશ્ચર્યા છે તે જાણો છો?'

'એટલે તું નિયોગી સાહેબની વાત કરે છે ને? એવી દીકરી આપણે હોય તો આપણે પણ પાછાં પડીએ?'

'ન પડીએ ધારો કે; પણ...' ઊર્મિલાએ 'પણ' ઉપર વાત અટકાવીને ઊંડો શ્વાસ લીધો; આજુબાજુ નજર ફેરવી લીધી; ફરીથી એની આંખમાં આંસુ ચમક્યાં; ને થોડી સ્વસ્થ થઇને એ બોલી: 'પણ કિશોર, કુરંગી નિયોગી સાહેબની દીકરી નથી.'

'શી વાત કરે છે? તને કોણે કહ્યુ?'

'પેલાં મિસિસ ચૌધરીએ; અને—'

'મિસિસ ચૌધરીએ? સારા યે કૉલોનીની ઉતાર છે એ તો! એની વાત મનાતી હશે? કોઈનું પણ સારું એ ખમી શકતી નથી. તે દિવસે પેલા બીચારા પાયલૉટ ઑફિસર માથુરની પત્નીની બાબતમાં—'

'પણ આ એક નિયોગી સાહેબની બાબતમાં એ પણ પોતાની રોજની નિંદાખોરી છોડીને ભારે અહોભાવથી જ વાત કરતાં હતાં... જોકે એમણે શરૂઆત તો એવી રીતે જ કરેલી...'

'કેવી રીતે?'

'સામેથી કુરંગી આવતી હતી, વહેલી સવારે મિલ્કડેપો ઉપરથી દૂધ લઈને. એનાં અસ્તવ્યસ્ત સોનેરી ઝુલ્ફાં હવામાં થનગનતાં હતાં. આંખોમાં હજી નિંદર આળોટતી હતી, અને છતાં યે એનું રોજનું સ્મિત મુખ ઉપર અંકાઈ રહ્યુ હતું. એવી મીઠડી લાગતી હતી!

હું તો એની સામે જોતી ઊભી જ રહી. મને હોઠ અને આંખોથી જ જાણે વંદન કરતી બાજુમાંથી એ પસાર થઈ ગઈ. એના ગયા પછી મિસિસ ચૌધરીએ પાછળથી મને ખભેથી પકડીને બોલવા માંડ્યું: 'મિસિસ દેસાઈ, આ કુરંગી છે ને, એની વાત જાણો છો?'

'હં હં, પછી?'

'તે સવારે મિસિસ ચૌધરી પાસેથી અને તે પછી તો જેમના ઘરમાં નિયોગી સાહેબ ભાડે રહે છે તે મિસિસ સન્યાલ પાસેથી મેં વિગત વાર બધું જાણ્યું...' ઊર્મિએ વાત માંડી:

કુરંગી નિયોગીસાહેબની દીકરી નથી. વર્ષો પહેલાં એમના કૉલેજના દિવસોમાં જદુનાથ નિયોગી અને મન્મથ રાય કૉલેજ સ્ટ્રીટ પાસેની એક ગલીમાં આવેલી મેસમાં સાથે રહેતા. બન્ને નિકટના મિત્રો બની ગએલા. અભ્યાસમાં એકમેકથી ચડે. પ્રેસિડેન્સી કૉલેજમાં પહેલા નંબર માટે એ વર્ષોમાં જોકે ત્રણ જણ વચ્ચે હરીફાઇ થતી: જદુનાથ નિયોગી, મન્મથ રાય અને માધવી સરકાર વચ્ચે.

પણ બીજી એક બાબતમાં બે જ હરીફો હતા. માધવીની વરમાળ પામવા માટે જદુનાથ અને મન્મથ બે જ.

મન્મથ રાય સાચે જ મન્મથ સમા કાન્તિમાન હતા. રૂપ હતું, જૂની જમીનદારીની ઠીકઠીક આવક હતી, અને મેધાવી તો ખરા જ. જ્યારે જદુનાથ ઢાકાની કોઈ સરકારી કચેરીના સામાન્ય અફસરનો પુત્ર. અકાળે મૃત્યુ પામેલા એ પિતાએ પાછળ બહોળા કુટુંબની માત્ર જવાબદારી જ વારસામાં સોંપેલી; અને તે ઉપરાંત સળગતી દેશદાઝ.

મન્મથ રાય એમ.એ. થઇને ઍડવોકેટ થયા. પરંતુ બીજા વિશ્વયુદ્ધને કારણે વિલાયત જઇને બૅરિસ્ટર થવાનું ન બન્યું એનો વસવસો એમને રહી ગયો. એ દરમ્યાન જદુનાથ જેલમાં હતા. બેંતાળીસથી યે પહેલાંની ઍનાર્કિસ્ટ (વિપ્લવવાદી) પ્રવૃત્તિમાં કર્ણધાર સમા એ ગણાતા, તે હિસાબે.

બીજું વિશ્વયુદ્ધ સમેટાયુ ત્યારે માધવીની નજર સામે મન્મથ અને જદુનાથ ઊભા હતા. સાવ સ્વાભાવિક ગણાય તે રીતે માધવીએ મન્મથ રાયના કંઠે વરમાળ આરોપી.

જદુનાથ કલકત્તા છોડીને દૂર નવી દિલ્હી ચાલ્યા ગયા. ત્યાં મળી એવી મધ્યસ્થ સરકારની કોઈ ચાકરી સ્વીકારી લીધી.

આ બાજુ મન્મથની પ્રૅક્ટિસ જામતી ગઈ તેમ તેમ શરીર પ્રત્યેની બેદરકારી વધતી ચાલી. માધવી ચિંતાતુર બની બેસતી, પણ પોતાની કારકિર્દી જમાવવા પાછળ મન્મથ કશાની પરવા ન કરતા.

... ...

'અરે મન્મથ! તને થયું છે શું? તારી તબિયત સામે તો જો!'

રજા લઇને એક વાર જદુનાથ બે ત્રણ વર્ષે કલકત્તા આવ્યા હતા. મિત્રની કંગાળ તબિયત જોઈને એ ફફડી ઊઠયા, માધવીએ એમાં સૂર પુરાવ્યો: 'એ કોઈનું યે સાંભળતા નથી. હજી તો કલકત્તા કૉર્પોરેશનના ઇલેક્શનમાં એમને ઊભા રહેવું છે! કહે છે કે આ બિસ્માર, રોગિષ્ઠ શહેરનો ચહેરો પલટાવી નાખવો છે. એક વાર મેયર થાઉં, પછી ધારાસભા, પ્રધાનપદું, અને......અને પછી મધ્યસ્થ સરકાર! પાર્લમેન્ટ ગજાવવાના એમને કોડ છે.'

'તને હજી તો અઠ્ઠાવીસ થયાં છે મન્મથ; ઘણાં વર્ષો છે એ બધી મહત્ત્વાકાંક્ષાઓને પહોંચી વળવા માટે. પણ જ્યાં સુધી તબિયત બરાબર નહિ જાળવે—પોતે નરવા થયા સિવાય લોકોના રોગ ક્યાંથી દૂર કરી શકવાનો હતો તું?' બહુ સમજાવટ પછી પૂજાની લાંબી રજાઓમાં જદુનાથ મન્મથ ને માધવીને હવાફેર માટે પહાડોમાં તાણી ગયો.

ભૂરા આકાશને અઢેલીને ઊભેલાં હિમશિખરોનું સૌંદર્ય નીરખતા મન્મથ રાય એક ટેકરીની ધારે બેસી ગયા. દોઢ બે માઈલ ચાલતાં શ્વાસ ચડી આવતો. માધવી અને જદુનાથ થોડાં આગળ નીકળી ગયાં હતાં. માધવી ધીરા અવાજે જદુનાથને પૂછતી હતી; 'નિયોગી! તમે હજી એકલા કેમ!' કશોક મનગમતો ઉત્તર સાંભળવાની તાલાવેલી એના મુખ ઉપર અંકાઈ હતી. તે તરફ જોયા સિવાય નિયોગી હસીને બોલ્યા: 'કોઈ સુપાત્ર મળે એની રાહ જોઉં છું.'

માધવી ફિક્કી પડી ગઈ: 'સાચે જ નિયોગી! કોઈ સુપાત્ર મળી જાય તો તમે...તમે લગ્ન કરો?'

જવાબમાં દૂર દૂર વિસ્તરેલી પહાડોથી અંકાએલી ચડઊતર ક્ષિતિજ તરફ નજર ડેરવીને જદુનાથે ઘેરો નિસાસો નાખ્યો. માધવીને એ જ ઉત્તર ખપતો હતો.

... ...

મન્મથ રાયની બધી જ મહત્ત્વાકાંક્ષાઓ અધૂરી રહેવા સર્જાઈ હતી. બે મહિનાના પહાડોના વસવાટ દરમ્યાન, જદુનાથ અને માધવીની કાળજીભરી સંભાળને પરિણામે લાધેલી તંદુરસ્તી એમણે કલકત્તા પાછા વળીને જોતજોતાંમાં ખરચી નાખી.

માંદગીને બિછાને છેલ્લા શ્વાસ લેતાં ગર્ભવતી માધવીની નાજુક તબિયતની સંભાળ રાખવાનું કામ એમણે જદુનાથને સોંપ્યું: 'માધવીને મેં અન્યાય કર્યો છે, જદુ....અને...અને તને પણ...હિમાલયનાં ઉત્તુંગ અને દુર્ઘર્ષ શિખરો સમી મારી મહત્ત્વાકાંક્ષાને આંબવા જતાં, સામાન્ય માનવી ગૌરવ લઈ શકે એવું સ્નેહછલોછલ દામ્પત્ય-જીવન હું ઊભું ન કરી શક્યો...માધવી પણ જાણે મારે મન મહત્ત્વાકાંક્ષાઓને પહોંચવા માટેનું એક અદનું સોપાન માત્ર હતી....જો તો, એની મેં શી દશા કરી મૂકી છે! મારા અહમ્‌ના સામ્રાજ્યમાં રૂપવતી વિદુષી પત્નીનું એક ખૂણે નાનકડું સ્થાન માત્ર હતું...પ્રિયતમ કે પતિ હું ન બની શક્યો એનો રંજ આજે મને સતાવે છે...પિતાનું ગૌરવપદ પામવાની અનુકૂળતા વિધિએ સરજી ત્યાં તો તેડું આવ્યું!'

... ...

પોતાના રૂપના પૂર્ણ અંશો પામેલી બે વર્ષની પુત્રીનાં સોનેરી ઝુલ્ફામાં ફૂશ આંગળાં પરોવતાં, પતિના મૃત્યુ પછી લગભગ સવા બે વર્ષ પછી માધવીએ પણ જદુનાથ પાસે આખરી વાત માંડી:

'રાય સિવાય જીવન અકારું હતું, નિયોગી! ...આ લાડકી તરફના વાત્સલ્યનું પણ એવડું બળ ન નીપજ્યું કે એમની પાછળ જતાં હું રોકાઉં......એમની ડુંગર જેવી એષણાઓ છતાં અદ્‌ભુત પ્યારથી ભરપૂર એમનું હૈયુ હતું. એની ખોટ કશાયથી નહિ પુરાય. તમારાથી! ના; ખબર નથી. એવી અવેજી તમને ને મને મંજૂર પણ ક્યાંથી હોય? એટલે જીવન બોદું બનતું ચાલ્યું ને એ બોદો ભાર અસહ્ય બનવા લાગ્યો. મારું બાપડું મન ને શરીર હવે સાથ આપે તેમ નથી. પણ નિયોગી, થોડી ક્રૂર બનીને એક વિનંતી કરું છું: આ-આ મારી કુરંગીને તમારી છાતીથી અળગી ન કરશો. અને થોડો વધુ હક્ક કરું!'

માધવીની નિસ્તેજ બન્યે જતી આંખોમાં જદુનાથને નવું તેજ ઊભરાતું દેખાયું. માધવીના ત્રુટક શબ્દો કાંઈ એવી સદ્ધર ભોમકામાંથી એમને પ્રગટતા લાગ્યા કે એક એક શબ્દ જાણે વેદવાક્ય ન હોય તેમ એ ઝીલતા રહ્યા. પોતાના છેલ્લા પ્રશ્નોનો હકારમાં જવાબ મળ્યો એવી ખાતરી સાથે માધવી બોલતી હતી: 'તમારા જીવનમાં હવે પણ...હવે પણ બીજી કોઈ સ્ત્રીનું સ્થાન નથી હોં જદુનાથ...જો જો રે, અપરમાનો ભાર આ કૂમળી બાળકી નહિ સહન કરી શકે...મને ભરોસો આપો ...કે...'

છેલ્લા શ્વાસ માટે મથામણ કરતી માધવીના રુગ્ણ હાથમાં જદુનાથે પોતાનો હાથ મૂક્યો. પેલી કૃષ આંગળીઓ એક વાર જોરજોરથી ભીંસાઈ અને પછી સુકાએલી પાંદડીઓ વૃન્તનો આધાર છોડી દે તેમ નિશ્ચેષ્ટ બનીને પથારીમાં પથરાઈ ગઈ...

હું સાંભળી રહ્યો હતો. મિસિસ સન્યાલની વાતોમાં ઊર્મિએ પોતાની લાગણીઓ ગોઈ હતી. એ ઉપર એના અશ્રુનો અભિષેક ચાલુ જ હતો....મોં ધોવા એ બાથરૂમમાં ચાલી ગઈ ત્યારે મારી પોતાની પણ નજરે પડતાં ડરતું હોય તેમ આંખને ખૂણે આવીને બેસી પડેલું ઝળઝળિયું મેં ઝડપથી લૂછી નાખ્યું.

પછી તો જદુનાથ નિયોગી સાથેનો નાતો વધ્યો—મેં વધાર્યો. હું ઊર્મિલ નથી; છતાં નિયોગી માટે હમદર્દી વધવા માંડી: મરતાં મરતાં પણ માધવીએ એને બાંધી લીધો! અજબ હતી એ સ્ત્રી!

... ...

(અનુસંધાન પૃ. ૫૬૯મે)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૪૭

લેખક-આલેખક : રવિશંકર રાવળ



હાર્મોનિયમ માસ્તરને ત્યાં

૨૧૩ ટ્યૂશન મળ્યું

થોડા દિવસમાં માસ્તર ખબર લાવ્યા કે તેમના એક ટ્યૂશન-વાળાના મિત્ર નાટકમાં હાર્મોનિયમ માસ્તર છે, તેને શરૂથી અંગ્રેજી શીખવું છે. ગ્રાંટરોડનાં થીએટરો પાસેની નાટકવાળાની ચાલીઓમાં તે રહે છે. ત્યાં સવારના સાતથી આઠનો કલાક આપવો જોઇશે. મેં તે કબૂલ રાખ્યું ને તેમની સાથે જઈ તે સ્થાન જોઈ આવ્યો; ને બીજે દિવસે વહેલો ઊઠી, નાહી પરવારી, ગ્રાંટરોડની લાંબી મજલ કરી હાર્મોનિયમ માસ્તરને ત્યાં પહોંચી ગયો. આખે રસ્તે સાફસૂફી થતી હોય, પાણી છંટાતાં હોય, ને મુંબાઈના રાત-રખડુઓને તહેનાત આપતી ગ્રાન્ટરોડની ગવાએલી નારીદેહની દુકાનો બંધ પડી હોય, એ જોતો હું ટ્યુશન-સ્થળે પહોંચ્યો. મારા વિદ્યાર્થીની એ આખી ચાલી નાટક-વાળાની જ વસાહત હતી. ચાલીના પહેલા દાદરે ચડી, ઉપર આખી ચાલી વીંધીને છેવટની તેની હવાપ્રકાશવાળી ઓરડી સુધી પહોંચવાનું હતું. તે વખતે મોં પર સફેદો હોય, હોઠ રંગેલા હોય એવા, અંબોડા-વાળા, મેલાં કપડાંમાં ઝીંથરાં-ઝટિયાંવાળા પોરિયા સામા મળે.

જાડાં ચશ્માં પાછળ ઝીણી આંખો ચમકાવતા જુવાન હાર્મોનિયમ માસ્તર વહેલા ઊઠી, નાહીધોઈ સુઘડ થઇને, સ્વચ્છ ધોતિયું ને બદન ચડાવી, ચાખડીઓ પહેરીને અંદરની ઓરડીઓમાંથી બેઠકની ઓરડીમાં આવ્યા. એકૂંએ ફૂગેલાં મોંવાળા તેમના આશ્રિત પોરિયા રૂમની સાફસૂફી કરતા હતા તેમને તતડાવી તેમણે બહાર કાઢ્યા, અને મને વિનયપૂર્વક વંદન કરી ટેબલ પાસે મારી સાથે ખુરશીમાં બેઠા. પ્રાઈ-મરથી પાઠ શરૂ કરવાના હતા. સી એ ટી ‘કૅટ’ અને બી એ ટી ‘બૅટ’થી અંગ્રેજી શરૂ થયું. એક કલાક પૂરો થયો એટલે તેમણે અને મેં ઘડિયાળ સામે જોયું. કરાર મુજબ હું નમસ્કાર કરી નીકળી ગયો.

રોજની આ વેઠ પછી હું મહિને પાંચ રૂપિયા કમાવાનો હતો. તેમાં ઘણી વાર સંગીતમાસ્તર રાતના ખેલથી મોડા સૂતા હોય તો હું જાઉં ત્યારે જાગે, અને એટલો પાઠ ઓછો થાય; છતાં ઘણી વાર ૦ા કલાક વધારે રોકાવાની મહેરબાની કરું; કારણ કે બીજી તરફ મારે પણ આટ સ્કૂલનો સમય બરોબર પાળવાનો હતો. કાતરિયે પહોંચું ત્યાં નવ ઉપર વખત થઈ ગયો હોય; એટલે થયું હોય તે જમી ચાલતો જ સ્કૂલમાં પહોંચી જતો.

૨૧૪ કાલબાદેવીનો રસ્તો

વળતાં ધોબી તળાવને રસ્તે, કાલબાદેવી રસ્તાની એકએક દુકાન જોતોજોતો આવતો. પ્રિન્સેસ સ્ટ્રીટમાં ભાગ્યે જતો; પણ શાપુરજી ભેદવારનો ફોટો-સ્ટૂડિયો જોવાનું મને ખાસ આકર્ષણ રહેતું. ત્યાં માણસોની છબીઓ ઉપરાંત માનવપાત્રોથી કરેલી સુંદર ચિત્રરચના ફોટોગ્રાફીની સૃષ્ટિમાં કલાગભાવ દર્શાવતી. ભારતના એ સર્વશ્રેષ્ઠ ફોટો-ગ્રાફરને એ વખતે મેં નજરે જોયા નહોતા. થોડા વખત પછી ભેદવારનું નામ ભૂંસાઈ ગયું ને ત્યાં તારાપોરનું નામ લાગી ગયું. મને ખયાલ પણ ન હતો કે મને ભવિષ્યમાં એ મહાન ફોટોગ્રાફરોનો પ્રત્યક્ષ સમાગમ થશે. મુંબાઈમાં ફોટોગ્રાફર તરીકે શ્રેષ્ઠ મનાતા બોર્ન ઍન્ડ શેફર્ડ, રાજા દીનદયાળ શર્મા ને દેવારેનાં પાટિયાં કોટમાં હું રસ્તા પરથી વાંચતો. તેમના ગ્રાહકો રાજાઓ ને મોટા શ્રીમંતો કે ગવર્નર અને ઉચ્ચ અધિકારીઓ જ હોય. પરંતુ યુરોપની ફોટો-હરીફાઈમાં ચૅમ્પિયનશિપ મેળવનાર પહેલા હિંદી ફોટોગ્રાફર શાપુર ભેદવારે પ્રિન્સેસ સ્ટ્રીટના દેશી લત્તામાં સ્ટૂડિયો બનાવી શરૂઆત કરી હતી.

કાલબાદેવી પર મુંબાઈના લોકપ્રિય ફોટોગ્રાફર હોરમસજીના સ્ટૂડિયોમાં ગુજરાતી સમાજના અને નાટકોનાં જાણીતાં પાત્રોના અભિનયભર્યા ફોટોગ્રાફો જોવામાં આવતા. ફોટોગ્રાફીમાં લોકોનો શૉખ હજુ પ્રચાર પામતો જતો હતો. સ્ટૂડિયો માટે આકાશનો પ્રકાશ મળે એવાં મકાનોની અછત વગેરે કારણોથી ફોટોગ્રાફરો ઓછા હતા. ઘણા વખત પછી ફ્લૅશ પાઉડર વપરાતો થયો હતો.

જરા આગળ ચાલતાં એક ખૂણે વઢવાણવાળા નાનાલાલ જાની-ના ભાઈ મણિલાલ જાનીએ તૈલ-તસવીરોની દુકાન ખોલી હતી. પગે લંગડા હતા. એણે નાનાલાલ જાનીની રીતે ફોટો-એન્લાર્જમેન્ટની તરકીબો પકડી લીધી હતી. ફર્નિચર વિનાની દુકાનમાં બેચાર કૅનવાસ-છબીઓ ભીંત પર રાખતા, એકાદ નવું થતું ચિત્ર ઘોડી પર મૂકતા અને વચ્ચે એક અરધો પડદો તાર પર રાખી પાછળ ચિત્રકામ કરતા બેસતા. ઘણા માણસો એ દુકાનમાં થોડી વાર બેસીને ચિત્રો જોઈ ચાલતા થતા. એ દુકાન ક્યારે બંધ થઇ એ યાદ નથી, પણ મને એ દુકાનમાં બદલાતી તસવીરો જોવાનો એક નાદ લાગી ગયો હતો. એક વાર એ ચિત્રકાર સાથે વાતચીત પણ કરેલી; પણ ચિત્રકળાના આદર્શો વિષે તેમને કંઈ કહેવાનું હતું નહિ.

કૅથેડ્રલ સ્ટ્રીટમાં વળતાં પહેલાં એક બાંધેલા ચોગાનવાળી વાડી-માં તેના દરવાજા પાસે પેઈન્ટર રામજી મૂળુની હાથે બાંધેલી છાપરી-માં સાઈનબોર્ડ અને નાટકનાં પ્રોગ્રામોનાં ચિત્રોવાળાં બોર્ડ થતાં. બદલાતા નાટકનાં ચિત્રોવાળાં એ ચોકઠાં પણ મારે માટે રમૂજ રૂપ હતાં. એ દુકાનના થડા પર મોટી મૂછોવાળા ઊંચા રામજી મૂળુ પેઈન્ટર બેસતા ને દક્ષિણી પોરિયાઓ એમનું ચિત્રકામ અને પાટિયાંના ઑર્ડર ઉકેલતા. પોસ્ટરના ધંધાની આહીં જેવીતેવી શરૂઆત હતી.

મારા કાતરિયામાંથી દેખાતી સામી ઇમારતમાં વૈદ્ય ત્રંબકલાલની દુકાન અને વૈદ્ય પોપટ પ્રભુરામની ફાર્મસી હતી. તેની બાજુમાં એક દુકાને ‘છબી ચિત્રકાર બચુભાઈ’ નામનું ગુજરાતી પાટિયું હતું. દુકા-નમાં કાચનો પડદો હતો, અને આગળના ભાગમાં સોનેરી ફ્રેમોમાં

કોઈ આર્ટિસ્ટે કરેલી છબીઓ બહુ સુરુચિથી ભીંત પર ગોઠવેલી હતી. તેમાં સર પટ્ટણીની દાઢીવાળી એક છબી પણ હતી.

૨૧૫ બચુભાઈ પેઈન્ટર

આ છબીની દુકાન હું કાતરિયાની બારીમાંથી રોજ જોતો. કદીકદી બહાર જતાં-આવતાં દુકાનમાંની છબીઓ પગથિયા પરથી જોતો. અંદર તો ચિત્રકાર-માલિક એક ઘોડી પર ચિત્ર મૂકી ચીતરતા હશે એવું અનુમાન કરતો, કારણ કે અંદરના કાચના બારણા પાછળની બારી આગળ વધુ જગ્યા હતી નહિ એ સ્પષ્ટ હતું. પણ અહીંની છબીઓ તૈલ રંગોમાં થએલી નહોતી, પેસ્ટૂલ્સ (રંગીન ચાક)થી બનેલી હતી, એની મને નવાઈ હતી. આખા મુંબાઇમાં રંગીન ચાક-ચિત્રો કોઈક જ ઠેકાણે દેખાતાં, કારણ કે તે ચિત્રો કાચ વગર રહે તો હાથે બૂંસાઈ જાય એવાં બનતાં એટલે ટકાઉપણા ખાતર લોકો તૈલ-તસવીરો જ કરાવતા; પણ રંગની તેજી અને હવાઈ મિશ્રણ પેસ્ટૂલમાં થતાં એવાં તૈલચિત્રોમાં બતાવનારા મેં જોયા નહોતા. ટાઉનહૉલનાં માત્ર મુલ્લરનાં ચિત્રોમાં મેઘધનુ જેવાં તૈલરંગનાં મિશ્રણો જોએલાં. એ ચિત્રકારની તો મને મોહિની લાગી હતી, પરંતુ તેના સુધી પહોંચવાની કલ્પના સુદ્ધાં હું કરી શકતો નહોતો. પણ આ છબીકાર મારી સામે જ હતા એટલે તેનો પરિચય પામું તો એક જીવંત ગુજરાતી ચિત્રકારને મળ્યાનો લહાવો મળે એવા મનસૂબા કર્યા કરતો.

એક દિવસ મારી નજર ચમકી. એ દુકાનમાંથી મેં અમારા ભાવનગરના સંબંધી વૈદ્યરાજ ધીરાભાઈના પુત્ર ચંદુભાઇને બહાર નીકળતા જોયા, એટલે તેમને સાદ મારી હું નીચે ગયો: 'ઓહો ચંદુભાઈ, તમે અહીં ક્યાંથી?' ચંદુભાઇએ મને તરત ઓળખ્યો અને મારા ખબર પૂછ્યા. હું મુંબાઈમાં ચિત્રકામ શીખવા આવ્યો છું એ તેમણે જાણ્યું કે તરત બોલી ઊઠ્યા: 'શું તમે બચુમામાને ઓળખતા નથી? આ પાટિયાવાળા ચિત્રકાર તે બચુભાઈ મૂલાણી પેઈન્ટર, અગાઉ કાઠિયાવાડી નાટક કંપનીમાં જે પડદા ચીતરતા હતા તે જ. કંપની ભાંગી તેમાં તે પણ ખૂબ હેરાન થયા, એટલે હવે આ રીતે ગુજરાન શરૂ કર્યું છે.'

આ સમાચાર મારા માટે તો ખૂબ જ આનંદ આપનારા હતા. તેઓ મને લઇને તરત પાછા દુકાનમાં ગયા અને બચુભાઈને કહ્યું: 'બચુમામા, બહાર આવો એક ખરું ઓળખાણ કરાવું. ભાવનગરવાળા મહાશંકરકાકાના પુત્ર રવિભાઈને તમારી લાઇનનો શોખ હતો; હવે એ અહીં સ્કૂલ ઑાવ આર્ટમાં દાખલ થઇ ગયા છે; સામે જ રહે છે.'

બચુભાઈ—તે વખતે મારાથી ઘણા મોટા, લગભગ ચાલીસ-પિસ્તાલીસની વયના, ટટ્ટાર કાઠીના, થોડા ધોળા થએલા વાળવાળા, નરમ આંખોવાળા, અવાજે જરા થોથરાતા—મને જોઈ 'એમ? એ તો આપણા જ કહેવાય' કહીને મળ્યા. મેં કહ્યું: 'હું અહીં કોઈ મનમાનતી સોબત વિના મુરઝાઉં છું. તમે મળ્યા તેથી મનને મોકળાશ મળશે.' એમણે કહ્યું: 'હજી મને રહેવા નજીકમાં ઘર મળ્યું નથી, મારા સાઢુભાઈ દામોદર વૈદ્યને ત્યાં રહું છું-જમું છું. પણ તમે ગમે ત્યારે મારી પાસે આવતા રહેજો. મને પણ ગમશે.'

ચંદુભાઇએ છૂટા પડતાં જણાવ્યું કે 'બાપુ (ધીરાકાકા)નું દવાખાનું પણ અહીં ભૂલેશ્વરની ચાલીમાં જ છે. રહેવાનું પણ ત્યાં જ છે. મારી તબિયત સારી રહેતી નથી એટલે અભ્યાસ બંધ છે. પણ મારા ફોઈના દીકરા જુગતરામ એલએલ.બી.નો.અભ્યાસ કરે છે તે અને હું સાથીદારો છીએ. જરૂર આવજો. બાપુને પણ સારું લાગશે.'

ચંદુભાઇએ આમ બચુભાઈ સાથે જે પરિચય કરાવ્યો તે સ્નેહ-સંબંધ બચુભાઇએ જિંદગીના છેડા સુધી રાખ્યો. તેઓ પોતે મિત્રધર્મ સમજતા હતા. કશી જ તાલીમ વગર ધંધામાં પડ્યા હતા. વડોદરા કળાભવનમાં શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') થોડો વખત પ્રિન્સિપાલ થયા ત્યારે બચુભાઈમાં રંગ અને ચિત્રોનો શોખ જોઈ તેમણે કલાભવનના રંગાટી વર્ગમાં તેમને બેસાડી દીધા હતા. પણ બચુભાઈ ચિત્ર, કાવ્ય વગેરેના વાતાવરણમાં રહેલા તેથી ચિત્રો અને કાવ્યોની રસિકતા વધારે માણી શકતા. એટલે જ્યારે વિશ્વનાથ ભટ્ટ અને કવિ મૂળશંકરભાઈએ કાઠિયાવાડી નાટકમંડળી ઊભી કરી ત્યારે તેમને નાટકના પડદા ચીતરનાર તરીકે પોતાના સાથમાં ખેંચી લીધા. મેં 'કૃષ્ણચરિત' નાટકમાં તેમના કરેલા પડદા જોએલા. એ કામ તેમણે યશસ્વી બનાવ્યું હતું. પણ કંપની તૂટી અને દેવાદાર બની, તેમાં તેમને પણ ભાગીદાર ગણી કોર્ટે તેમની મિલકત પણ જપ્તીમાં લીધી એટલે આ 'છબી કરવા'ની દુકાન તેમણે કરી હતી. નાટકના ચટકદાર રંગોની તેમને સૂઝ હતી એટલે પેસ્ટલના રંગો તેમને ફાવ્યા હતા. સારા સારા સંબંધોની લાગવગના આધારે કામ તો મળતું, પણ ચિત્રો કરી ફ્રેઈમ કરાવી કપડામાં વીંટી, ઘરાકોને ત્યાં આશ્રિતની માફક આપવા કે નવું કામ લેવા જવું પડતું. સ્થિતિ તંગ રહેતી.

તેમની પાસે મેં ઈંગ્લંડની રૉયલ ઍકેડેમીનાં વાર્ષિક પ્રદર્શનોનાં ભરચક ચિત્રોવાળાં કૅટલગો જોયાં. એ વખતે એ સમૃદ્ધ કૅટલગો એક શિલિંગે (મુંબાઈમાં એક રૂપિયે) મળતાં અને બચુભાઈ વર્ષોવર્ષ તે ખરીદી રાખતા. તે ઉપરાંત મુંબાઈનાં પ્રદર્શનો તેમજ ચિત્રકારોની બાબતમાં પણ માહિતગાર રહેતા. ઈંગ્લંડના જે ચિત્રકારો વિષે મેં વાંચેલું તેમની વર્ષોવર્ષની પ્રગતિનો આંક મને એ કૅટલગોમાં પ્રત્યક્ષ જોવા મળ્યો. હું તેમની દુકાનમાં બેસીને આ કૅટગલો ધરાઇને જોતો. આવી તક મને બીજા કોઈ સ્થાનમાં કે લાયબ્રેરીમાં હજી મળી નહોતી. એ કૅટલગો વારંવાર જોયા પછી મને તે સમયના બ્રિટિશ ચિત્રકારોની કૃતિઓનો એટલો તો ગાઢ પરિચય થઈ ગયો કે હું કોઈ ચિત્ર જોતાંવેંત નીચે નામ વાંચ્યા વિના તે ચિત્ર કોનું હશે તે કહી શકતો. લૉર્ડ લેઈટન, એડવર્ડ જે. પૉઈન્ટર, બ્રિટન રેવાયેરી આલ્મા ટૅડેમા, માર્કસ સ્ટોન, જી. એફ. વૉટ્સ, હોલમન હન્ટ, જૉન એવરેટ મિલે વગેરેની શૈલીઓ મને એટલી સુગત બની ગઈ કે તેમના વિષે કંઈ પણ ઉલ્લેખ કે નોંધ આવે તે હું રસપૂર્વક વાંચતો. મુ. શ્રી બચુભાઈ મૂલાણીને આ ચિત્રકારો વિષે ચર્ચા કરવાનો સારો રસ હતો, પણ તેમાંથી પોતાની કળામાં સાધના વધારવાનો ઉમંગ નહોતો. તે કલ્પનાઓ સારી કરી શકતા, ભાવોની ચર્ચા પણ કરતા, પરંતુ તેમના હાથમાં સ્કેચ કરવાની કે સંયોજન કરવાની કળા પ્રકટી નહિ. પણ એમની રસિકતા અને કળા-ચર્ચા મને બહુ ગમતી. મારી અને તેમની ઉમર વચ્ચે મોટો ભેદ છતાં તેમને કળાપ્રદેશમાં વિહાર કરાવનાર સમકક્ષી કોઈ તેમના મિત્રમંડળમાં હતું નહિ, તેથી તે બહુ જ પ્રીતિપૂર્વક મને સખાપદ આપી મારું એક આશ્વાસન-સ્થાન બની ગયા હતા.

૨૧૬ કાતરિયામાં વિસંવાદ

અમારા કાતરિયાના જીવનમાં અનેકવિધ વિસંવાદોમાં જીવન ઘસડાતું હતું. નીચેના માળ પર વસતા શેઠ અમ ભાડૂતોને કોઈ ગુમાસ્તા વર્ગના માણસો લેખતા હતા. અમે બધા બ્રાહ્મણો છીએ તે વાતની માસ્તર-પત્નીએ તે બધામાં જાણ કરી દીધી હતી. એમણે અત્યંત સંકોચમય જીવન ગાળેલું એટલે શેઠાણી તરફથી કોઈ કોઈ વાર ગોરણીઓ થાય, વસ્ત્ર કે પદાર્થનું દાન થાય તે ખુશીથી સ્વીકારી લેતાં. થોડી આવકમાં વસ્ત્રાલંકાર વસાવવાની તો શી આશા હોય, એટલે

(અનુસંધાન પૃ. ૫૭૧મે)

અમૃતં મર્ત્યેષુ

માણસ જ્યારે શિકાર કરી પેટ ભરતો અને એ ન મળે તો કંદ-ફળ ખાઇ લેતો એ કાળે એની પ્રવૃત્તિઓ સૂર્યાસ્ત થતાં સુધીમાં પતી જતી. રાતનો ઓળો પથરાતાં એ પોતાના આશ્રય-સ્થાનમાં પેસી જતો. અંધકાર એને મન કોઇ દૈત્ય હતો. સૂર્યપ્રકાશ એને હૂંફ આપતો એટલે એને મન તે દેવ હતો.

કાલાનુક્રમે એણે એક નવી શોધ કરી: અગ્નિની. એ પણ પ્રકાશ અને હૂંફ આપતો. અંધકારના દૈત્ય સામે એ એને હિંમત આપતો. અગ્નિ પણ એને મન દેવ બની ગયો.

ઋગ્વેદમાં અગ્નિનું સ્થાન ઈન્દ્ર પછી તુરતનું યા ઈન્દ્રની બરોબરનું જ લેખવામાં આવ્યું છે. અગ્નિની જ્વાળા, વાદળાંની વીજળી અને સૂર્ય તારા વગેરે અગ્નિનાં જ સ્વરૂપો મનાયાં છે. અંધકારનો નાશ કરી દૈત્યોને નસાડનાર અને પ્રકાશ ફેલાવનાર અગ્નિ કાલવૃદ્ધ હોવા છતાં ચિરયુવાન છે, એ મહાન છે, એ દેવતા છે. ગૃહ, ગ્રામ અને બલિનો એ રાજા છે. જ્વાળાઓ એ એના દાંત છે. ઘૃત અને કાષ્ઠ એનો આહાર છે. જાતવેદસ અગ્નિ મંત્રોનો પ્રેરક અને અમર્ત્ય દેવદૂત છે. એને અપાએલ બલિ એ પરમેશ્વરને પહોંચાડે છે અને સાંસારિક જીવનમાં એ સુખ લાવે છે. વૈદિક સાહિત્યમાં આમ અગ્નિની ઘણી સ્તુતિ છે. સૂર્ય એ અગ્નિનું દેવસ્વરૂપ છે.

ભૃગુ ઋષિએ અગ્નિની આસપાસ વેદિ રચી. ઋષિઓનાં આશ્રમોમાં યજ્ઞવેદિ એ ત્યાંની સઘળી પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન હતું. બ્રાહ્મણો ઉપનિષદો અને સંહિતાઓ આ વેદિની આસપાસ જ રચાયાં, એટલું જ નહિ, ભારતની સાંસ્કૃતિક પરંપરા આ યજ્ઞવેદિ પાસેથી જ પ્રસરતી રહી છે. એની અગ્નિશિખાઓનું સૂક્ષ્મ સ્વરૂપ તે દીપશિખા. 'અગ્નિજ્યોત, સૂર્યજ્યોત, ચંદ્રજ્યોત, એ બધાંમાં દીપજ્યોત ઉત્તમ છે' એમ સ્કંદપુરાણ કહે છે.

દીપજ્યોતના પ્રાકટ્ય સાથે ભારતીય સંસ્કૃતિનું એક નવું જ પ્રકરણ આરંભાયું. સૂર્ય અને અગ્નિના અંશરૂપ દીવો ઈશ્વરઆરાધનાનું એક પવિત્ર અને અનિવાર્ય અંગ ગણાયું. એની ઉપસ્થિતિમાં માણસને અનિષ્ટનો ભય રહેતો નથી. વળી દીપજ્યોત એ જ્ઞાનજ્યોત છે. એ પવિત્રતમ છે. એનો પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકાર કર્યા પછી એના શિવ સ્વરૂપને સુંદર સ્વરૂપ આપવાનો માણસ પ્રયત્ન કરે જ.

પ્રારંભના છીપ કે પથ્થરના દીપ પછી પકાવેલી માટી અને ધાતુના દીપ બનવા લાગ્યા અને રામાયણ-મહાભારતમાં સુવર્ણ અને રત્નદીપના ઉલ્લેખો પણ મળે છે. પાંડવો માટે બાંધેલા મહેલમાં 'ગુપ્ત દીપ' મૂકીને મયાસુરે કૌરવોને મૂર્ખ બનાવ્યાનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે. પુરાણ કથાઓમાંથી યે પુષ્કળ પ્રેરણા મેળવી દીપકના ઘડનારાઓએ એનાં અનેકવિધ સ્વરૂપો વિકસાવ્યાં છે. વિષ્ણુના દશાવતારોએ પણ એમને કલ્પના પૂરી પાડી છે. મત્સ્ય, કૂર્મ, વરાહ વગેરેના આકારોનો વિનિયોગ ઘણા દીપકમાં જોવા મળે છે. ગોકર્ણ મહાબલેશ્વરના દીપકમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ વગેરે વિષ્ણુની સંજ્ઞાઓનો પણ બહોળો ઉપયોગ થયો છે.

આરંભમાં દીપપાત્ર એક તરફ વાટ મૂકવાના ખાંચા સાથેનું વાડકી ઘાટનું બનતું. લાકડાની કે પથ્થરની પીઠિકા પર એ મુકાતું. પછી દેવસ્થાનોમાં થતી કોતરણીથી પ્રેરાઈ કારીગરોએ દીપપીઠિકાઓને પણ શણગારવા માંડી અને આગળ જતાં તો એ દીપકના જ અંગ તરીકે એની સાથે જોડાઈ ગઇ. એના અવનવા ઘાટ-આકાર સર્જાવા માંડયા. કાલાનુક્રમે ઉપયોગ અને પ્રસંગાનુરૂપ એના અનેકવિધ પ્રકારો રચાયા. વિવિધ વૃક્ષવલ્લી, અવનવાં પશુપ્રાણી અને લાવણ્યમયી નારીઆકૃતિ પણ દીપરચનામાં કંડારાઈ. નંદાદીપ, મયૂરદીપ, દીપલક્ષ્મી, ઈત્યાદિ અનેક નામાભિધાનથી એ બધાં ઓળખાય છે.

મંદિરના પ્રવેશદ્વાર નજીક સંત્રી પેઠે ખોડેલા દીપસ્તંભો પણ હજી જોવા મળે છે. ઓછીવત્તી ઊંચાઇના, પથ્થર કે ઈંટથી ચણેલા એ સ્તંભોમાં કોરેલા કલામય ગોખમાં જ્યારે સંખ્યાબંધ દીવા પ્રકટે ત્યારે મંદિરને ઓર ભવ્યતા મળે છે.



ગણેશ-દીપ (૧૯મી સદી, નેપાલ); આદિવાસીના કાપાલીશ્વર દીપ (૧૫મી સદી, દ. ભારત) અને ગજલક્ષ્મી દીપ (૧૯મી સદી, દ. ભારત)



દીપલક્ષ્મી



શુકદીપ (રાજસ્થાન-૧૮મી સદી)



૧૮મી સદીનો મોગલ-દીપ


આરતીદીપ

આરતીદીપ તો ભારતવાસીની શ્રદ્ધાનું પ્રતીક છે. હાથમાં પકડીને એને ફેરવવાની હોઈ એમાં હાથાની ખાસ જરૂર પડે, એટલે કારીગરોએ એ હાથાને પણ સુંદરતાથી શણગાર્યા. નાગના અનેકવિધ વળાંકાઓનો એમાં વિનિયોગ જોવા મળે છે. નાગ આવે એટલે કાલીયમર્દન કરનાર બાલકૃષ્ણ પણ યાદ આવે જ. અને આરતીની અનેક વાટ મૂકવા માટે બહુદલ કમલ પણ કેમ ભુલાય? એક-બેથી માંડી એકાવન વાટવાળી આરતી જોવા મળે છે.


આરતીની જ્યોત એ ભક્તના આત્માનું પ્રતીક છે. ઈશ્વરના દૈવી પ્રકાશથી દેદીપ્યમાન આરતી દ્વારા ભક્ત દેવને પોતાની જાતનું સમર્પણ કરી દે છે. છેક વેદકાળથી માંડી આજ સુધી આરતી સાથે પ્રાર્થનાસ્તોત્રો ને મંત્રોચ્ચારનો નિયમ ચાલ્યો આવે છે. આપણો એ મહામૂલો વારસો છે. પ્રાર્થનાગીતોએ તો આપણા વાઙ્મયને સમૃદ્ધ કર્યું છે એટલું જ નહિ, ભારતીય સંગીતના વિકાસમાં પણ એનો મોટો ફાળો છે.

પદ્મદીપ

આરતી વેળા મંદિરમાં લોકસમુદાય એકઠો થાય છે. માત્ર ઈશ્વર-સ્તવન માટે જ નહિ, અન્ય અનેક સાંસ્કૃતિક સભાઓ પણ મંદિરમાં જ યોજાતી આવી છે. દિવસભરની રોજિંદી કામગીરીથી પરવારી અહીં ઈશ્વરસાન્નિધ્યમાં રાત્રે ધર્માખ્યાન થતાં, ગામના વિવિધ પ્રશ્નો ચર્ચાતા, ઉત્સવોમાં નાટ્ય અને નૃત્યપ્રયોગો પણ થતા અને અનેક વાટવાળા, સુંદર લટકતા 'પદ્મદીપ' એ બધા પ્રસંગને અજવાળતા. આ મંદિરની આસપાસ પ્રજાનું સમગ્ર જીવન વણાએલું રહેતું. મંદિરની દીવાલો પર પૌરાણિક પ્રસંગો ચીતરાતા. ઘૂમટ, છત, સ્તંભો અને બારીબારણાંમાં સુંદર કોતરણી કરી પ્રજા પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતી. શિલ્પ, સંગીત, સાહિત્ય વગેરે કલાશક્તિનો મંદિરમાં સુમેળ રચાતો. એમાં એને પ્રકાશિત કરનાર દીપકો પણ સાદા શેં રહી શકે? કારીગરોને અહીં બધી પ્રેરણા મળી રહેતી. મંદિરમાં ખાસ પ્રસંગે થતાં નૃત્યની મુદ્રાઓ અને ભંગિઓ એમને જોવા મળતી. દર્શનાર્થે દૂરથી



ડાબી બાજુ છેડે એ શૃંખલા દીપ. [૧] અંગકસરતનો દાવ કરતી નટસ્ત્રીની આકૃતિના સુંદર વિનિયોગ વાળો દક્ષિણ ભારતનો દીપ અને [૨] પોપટની આકૃતિવાળો ગુજરાતનો દીપ. [૩] ૧૬મી સદીનો દક્ષિણનો વૃંદાવન દીપ. ત્રણે દીપ લટકાવવાના છે.



ત્રણ દીવીઓ : ૧ દીપલક્ષ્મી, ૨ પંજાબની એક દીવી અને ૩ દ. ભારતનો ગુરુ-શિષ્ય દીપ

આવતા વિવિધ થરના ભક્તો પણ ગાડા રથ કે પાલખીના અવનવા આકારો લઈ આવતા. મંદિરની ફૂલવાડીનાં સુંદર પુષ્પો, તેની તલાવડી-માં રમતાં માછલાં, કાચબા ને હંસો પણ જેમ યાત્રીની દૃષ્ટિને તૃપ્ત કરતાં તેમ કારીગરોને પણ પ્રેરણા પાતાં જ. અને એનું પ્રતિબિંબ તેઓ દીપરચનામાં યે ઉતારતા.

વૃંદાવનદીપ

ઘર-વપરાશના દીવા ઘરધણીની સગવડ-સમૃદ્ધિ પ્રમાણે નાના-મોટા ને સાદા યા કલામય રહેતા. ઘરઆંગણે તુલસીક્યારે મુકાતો વૃંદાવન દીપ જોકે પાછળથી આવ્યો, પણ એનું મહત્ત્વ ઘણું ઊંચું ગણાતું રહ્યું છે. સંધ્યાકાળના આ દીપનું એક અન્ય મહત્ત્વ પણ છે. ગોરજ સમયે ચરીને પાછી ફરતી ઘરની ગાયો સાથે એ કાળે લક્ષ્મી પણ ઘરમાં પ્રવેશે છે એવી માન્યતાથી એ બંને સુખદાતાનું માનપૂર્વક સ્વાગત કરવાની ભાવના પણ એ દીપ મૂકવા પાછળ છે. સુખી ઘરમાં આ દીવો પિત્તળના જાળીદાર સુંદર પિંજરમાં મુકાતો. એથી પ્રકાશ પણ મળે અને આંગણામાં વાતા પવન કે વરસાદના છંટકાવથી અંદર-ના દીપનું રક્ષણ પણ થાય. આજે યે તુલસીના ક્યારે કે કૂંડામાં ભારતીય ગૃહિણી એટલી જ શ્રદ્ધાથી સાંજે દીવો મૂકે છે.

ગૃહદીપ

પ્રાચીન ઘરમાં દરેક ખંડમાં અને પરસાળમાં દીવા મુકાતા. પરસાળમાં મુકાતો દીવો 'શમાઈ' નામે પણ ઓળખાય છે. દીવાના ફારસી નામ 'શમા' પરથી એ શબ્દ આવ્યો છે. એની બેઠક અનેક પ્રકારની બનતી. શમાઇમાં અનેક વાટ પેટાવી શકાય એવી રચના યે થતી. ફુદાંને દૂર રાખવા એના પર ઢાંકણ મુકાતું ને એ ઢાંકણ પર ટોચે મોર, હાથી કે સર્પનું સુંદર સુશોભન રચાતું. આ પ્રકારના ઘણા સુંદર દીવા મળી આવ્યા છે. નેપાળમાં તો નાનકડા મંદિર જેવા સુંદર કારીગરીયુક્ત દીપક બનતા. ચાર ખૂણે ચાર સિંહવાળા શિખર આકારના દીવા, તારક આકારના દીવા, ગણેશદીપ, પીપળપાનનાં તોરણ જેવાં દીપતોરણ વગેરે અનેક પ્રકારના દીપ પણ આપણાં ઘર-આંગણાંને અજવાળતા.

ગણેશદીપ

ઘરની બારસાખે ગણેશદીપ કે ગજલક્ષ્મી દીપ તો હોય જ. અંદર દરેક ખંડમાં પણ દીવો મૂકવાના ખાસ ગોખ બનાવ્યા હોય. રોજિંદા વપરાશના દીવાની પીઠિકામાં હાથી, ઘોડા કે બળદની આકૃતિઓ ઉપરાંત મધુર સ્મિત કરતી 'દીપાંગના'ઓની મૂર્તિઓ પણ સારી પેઠે જોવા મળે છે. લાંબો સમય ટકી રહે એ સારુ ઘણા દીવાઓના સુંદર બાહ્ય અંગોની અંદર બકનળી (સાઈફન)નો ઉપયોગ પણ થતો, જેથી દીવામાં ધીરેધીરે સતત તેલ પુરાતું રહે. હાથમાં દીવો લઈ ઊભેલી દીપલક્ષ્મી, દીપબાળા કે દીપાંગનાઓના તો ભારતમાં અનેક નમૂના મળી આવ્યા છે. એની પીઠિકાઓની રચના, એમનાં કેશગુંફન, એમના પોશાક વગેરે પરથી એ ક્યા પ્રદેશનો દીપ હશે તે કળી શકાય

છે. ભારતના કલાવિકાસનાં અનેક પાસાં આ રીતે એના દીપવૈવિધ્યમાં પ્રતિબિંબિત થાય છે.

દીપસ્તંભો

ઘરઆંગણું જ નહિ, બહાર શેરીઓમાં પણ પ્રકાશ માટે દીપસ્તંભોની વ્યવસ્થા પાંચ હજાર વર્ષ પહેલાં યે અહીં હતી એમ સિંધુતટની સંસ્કૃતિનાં ખોદકામોમાંથી જાણવા મળે છે. દીપરચનામાં અગ્રસ્થાને રહેવા માટે સિંહ અને હાથી વચ્ચે તો જાણે કે હોડ જ ચાલી હોય એટલા બધા નમૂના મળી આવ્યા છે, એ જ રીતે ગણેશ અને લક્ષ્મીની મૂર્તિઓના વિનિયોગવાળા દીવા પણ મબલખ છે.

શૃંખલાદીપ

સાંકળે લટકતા દીવાઓમાં પણ ઘણું વૈવિધ્ય મળે છે. વિવિધ પશુપક્ષીની આકૃતિઓનો એમાં બહોળો ઉપયોગ થયો છે. આવા શૃંખલાદીપ મોટાં પ્રવેશદ્વારોમાં, સભાખંડોમાં ને પરસાળોમાં મુકાતા. બજાણિયાના ટોળામાં અંગકસરતના દાવ કરતી સ્ત્રીઓને પણ ભારતીય કારીગરોએ દીપમાં ઉતારી છે.

છેલ્લી કેટલીક સદીમાં ઉત્તર ભારતના દીપમાં મુઘલ અસર સ્પષ્ટ જોવા મળે છે. એમાં દેખાતી કારીગરીમાં એ સમયની સમૃદ્ધિ અને અગ્નિ તથા દીપ પ્રત્યેની અકબરની ભાવનાની પણ અસર સ્પષ્ટ જણાય છે. અબુલફઝલના મત પ્રમાણે અકબર અગ્નિને બહુ પવિત્ર ગણતો અને દીવાની દરેક જ્યોતને દૈવી પ્રકાશસ્રોત સૂર્યના અંશ રૂપ સમજી એનું માન જાળવતો. દીપકને એ ઈશ્વરના આધિપત્યની મશાલ સમજતો. બાદશાહ જ્યારે પ્રવાસમાં હોય ત્યારે શાહી તંબુ નજીક ૧૨૦ ફૂટ ઊંચો સ્તંભ ઊભો કરી તેની ટોચે પતંગના આધારે દીવો બાંધી રખાતો. શાહી ખાણામાં વિષ હોય તો એ પારખી કાઢવા એક 'ઝહર મોહરા' દીપ પણ સદા શાહી સવારીમાં સાથે રહેતો. મહિના, તિથિ અને ચંદ્રની કળાની ખબર પડે એટલા સારુ ઓછીવત્તી જ્વાળાવાળી અગ્નિવેદિઓ પણ એણે ખાસ બનાવડાવેલી. આમ, શાહી માન પામનાર દીપકને પ્રજા પણ વધુ શણગારે એ સ્વાભાવિક છે.

જાલદીપ અને વલયેક્ષ

એ કાળના દીવા મોટે ભાગે પિત્તળના છે. ઇસલામી અસરને કારણે એમાં ભૌમિતિક આકૃતિઓની કોતરણી વધુ જોવા મળે છે. એમાં દીવા ઉપર ઘૂમટ પણ હોય છે. રાત્રે જ્યારે એ ફાનસમાં દીવો પ્રકટે ત્યારે એની જાળીમાંથી બહાર પડતો પ્રકાશ ભોંતળ અને દીવાલો પર છાયાપ્રકાશની એક અનોખી ભાત રચી રહે છે.

મુઘલ કાળનો એક 'વલયેક્ષ' (ગાયરોસ્કોપિક) દીપ પણ મળી આવ્યો છે. કંદુકાકાર–એ દીપને ગમે તેમ ગબડાવવામાં આવે તો યે અંદરની વાટ તો એક જ સ્થિતિમાં રહે એવી સુંદર એની રચના છે! રૂપમનોહર ઝીણી જાળી કોતરેલા એ પ્રકાશના ગોળા જેવા દીપ એકસામટા મોટી સંખ્યામાં શાહી ઝનાનખાનામાં આરસની ફરશ પર દડતા હશે ત્યારે કેવું દશ્ય સર્જાતું હશે!

આકાશદીપ અને દીવડો

આમ અનેક નામના અનેક દીવા ભારતીય જીવનમાં ઓતપ્રોત થઈ ગયા છે. અહીં એ માત્ર પ્રકાશનું સાધન જ નથી પણ રોજિંદા જીવનનું એક અંગ છે. આકાશમાં ઊંચે લટકતો 'આકાશદીપ' કે હિંદુ લગ્નોનો શુકનવંતો 'દીવડો' યા લોટની વાટકીમાં પેટાવેલી ઘીની વાટ કે પછી ગંગાજળમાં તરતો મૂકેલો દીવો એ બધાં જ દીવાનાં વિવિધ સ્વરૂપ હોવા ઉપરાંત ભારતીય જીવનનાં અનેક પાસાંનાં પ્રતીકો છે. આપણે મન એ આપણા સૌ સારામાઠા પ્રસંગોનો દૈવી સાક્ષી છે. હજી યે ઘણે સ્થળે ગંભીર નિર્ણયો, સોગંદો અને તડજોડમાં દીવાની સાક્ષી રાખવામાં આવે છે.

દિવાળી એ તો દીપાવલી: જાણે કે ખાસ દીવાનું જ પર્વ. આખા યે દેશમાં એ ઊજવાય છે. કૌટુંબિક મિલનનો એ પ્રસંગ. સૌને ઘેર, બારણે અંતરમાં ને આંખમાં એક જ્યોત ચમકતી હોય છે. અને એ





ડાબી બાજુ: દીપલક્ષ્મી. ઉપર: નેપાલનાં તુલાદીપ.



ત્રણ આરતીદીપો: ૧૯મી સદીનો નેપાલનો આરતીદીપ. વચ્ચે: અનેક વાટવાળો દક્ષિણ ભારતનો ૧૮મી સદીનો આરતીદીપ અને જમણી બાજુ ૧૭મી સદીનો આરતીદીપ. એમાં નાગફેણની નીચેની વાટકડી કપૂર મૂકીને પેટાવવા માટેની છે.

પહેલાંની નવરાત્રિમાં પણ દીવાનું ઓછું માહાત્મ્ય છે? પેલો માતાનો ગરબો! ખરેખર ભારતની પ્રજાએ દીવાને જે અવનવે સ્વરૂપે વધાવ્યો છે એટલો કદાચ બીજી કોઇ પ્રજાએ બહલાવ્યો નહિ હોય.

ગત દિવસોમાં યુદ્ધે ચડતા કે વિજય મેળવી પાછા ફરતા વીરને વધાવવામાં પણ દીવો તો ખરો જ. અરે છેક હમણાં ગાંધીજીએ પણ દાંડીકૂચ આરંભી ત્યારે માર્ગમાં દરેક ગામડે એમના સ્વાગતમાં દીવો તો હતો જ. અને આ યુગમાં હવે સંસ્થાઓ અને શુભ પ્રવૃત્તિઓનાં ઉદ્‌ઘાટન પણ દીપક પ્રકટાવીને જ થાય છે.

દીપદાન

ભારતીય સંસ્કૃતિમાં 'દીપદાન'નું પણ મહત્ત્વ છે. પુરુષોત્તમ માસમાં સ્નાનાદિક કરી સૂર્યોદય પહેલાં દાન દીધેલો દીવો આ પાર્થિવ દેહ છોડી જતા પ્રાણને માર્ગમાં પથ દર્શાવે છે અને યમરાજાને પણ પ્રસન્ન કરે છે. દક્ષિણ ભારતમાં દીપદાનના સોળેક વિધિઓ છે. ઈ. ૧૨૨૫ના એક ચોલ તામ્રપત્રમાં મંદિરના નંદાદીપમાં પૂરવા માટેના ઘી સારુ કેટલીક ગાયોનું દાન અને એ ગાયોના પોષણ માટેની પણ ખાસ વ્યવસ્થા કર્યાનો ઉલ્લેખ છે.

દેશની લોકમાતા નદીઓની યાત્રા વેળા દર્શનાર્થે આવેલો ભાવુક સંધ્યાકાળે એક પાંદડાના પડિયામાં ઘીની વાટ પેટાવીને પાણીમાં તરતી મૂકવાનું નહિ વીસરે. રાતના ઊતરતા અંધારામાં ગંભીરતાથી વહી જતી નદીના નીર પર તરતા એ દીવા મોટી સંખ્યામાં હોય કે ઓછી, આકાશગંગાની યાદ આપતા એક અનુપમ દૃશ્ય રચી રહે છે.

દીપનૃત્યો

ઉત્તર પ્રદેશમાં મથુરા નજીક વ્રજમાં હોળી પછી ત્રણેક દિવસ એક લોકનૃત્ય રચાય છે. એમાં માથે કળશ ને એના પર દીવો મૂકી તથા બંને હાથમાં એકેક દીવો લઈ શણગાર સજેલી એક કન્યા નાચે છે. મનાય છે કે એથી વસંતઋતુ વહેલી આવે છે. પંજાબમાં વળી લગ્ન વખતે 'જાગો' નામે એક આગવું જ દીપનૃત્ય થાય છે. એમાં વર પક્ષની એક સુવાસિની બાઇ માથે ફૂલે શણગારેલો કુંભ લે છે. આ કુંભનું મોં ઘઉંના લોટથી છાંદી દઈ એના પર પંચકોણાકારે દીવા મૂકેલા હોય છે. કન્યા પક્ષની સ્ત્રીઓ એની આસપાસ ફરી ગીત ગાતી નાચે છે.

આદિવાસીઓમાં

આદિવાસીઓમાં તો એમના દેવની પ્રતિમા સાથેનો દીવો જ આરાધ્ય ગણાય છે. એમના અનેક પ્રસંગોનો નિકાલ એ દીવાની સાક્ષીમાં જ થાય છે. એમની મરઘીનાં બચ્ચાં માંદાં પડે કે એમનાં ઢોર સુકાવા માંડે તો એ તુરત એમના દેવને પ્રાર્થવા દોડી જાય ને એમની મનેચ્છા પૂરી થાય એટલે દેવનો દીવો પેટાવી એની આગળ એકાદ ગાડરબકરાનો ભોગ ધરી દે. એમના એ દેવદીવાના ઘડતરની કારીગરી ભલે અણઘડ લાગે પણ એમના અંતરમાંથી એ સ્ફૂરેલી છે. એમની લાગણીને એ પૂરેપૂરી વ્યક્ત કરે છે. ઘરમાં માતા રોજ એક લોઢાનો દીવો પેટાવે છે. એ એમના આરાધ્ય દેવનો દીવો છે. ચોખાના લોટની વાટકડી કરી એમાં દીવો કરી તેઓ એમની કજિયાની વડજોડ કરે છે. ઘોડા, હાથી કે મોરના આકારના દીવા પણ એમનામાં જોવા મળે છે. એ દેવસન્મુખ જ રખાય છે ને ખાસ પ્રસંગોએ જ પેટાવાય છે. એમની અણઘડ આવડત છતાં એ દીવા ઘણા પ્રભાવશાળી લાગે છે. મધ્યપ્રદેશના ગોંડ લોકોમાં લગ્નપ્રસંગે વિશિષ્ટ પ્રકારના દીવા જોવા મળે છે. સમારંભની મધ્યમાં પાંચેક ફૂટનો એક સ્તંભ રોપાય છે. એને કોડીની આંખો અને શરીરે લાલભૂરાં ચપકાં હોય છે. સ્તંભની મધ્યમાં ચાર દીવા મુકાય છે. ક્વચિત એ સ્તંભ પર હરણાં ને માનવઆકૃતિઓ પણ આલેખે છે ને પતરાના દીવા પણ જડે છે. સૌરા નામે એક જાતિમાં તો ખાસ ચમત્કારી દીવો હોય છે, એના પર એક બાજુએ મૃત્યુના પ્રતીક તરીકે મોર અને બીજી તરફ સૌરા સાધ્વીઓના મૃતાત્માઓની બે આકૃતિઓ હોય છે.

આજે યે દેશનાં ગામડાંમાં અંધારું થયે બાળકો એમનાં વૃદ્ધ દાદાદાદીને ઘરના ફળિયામાં વીંટળાઈ વળે છે. તુલસીક્યારાનો દીવો એમને અજવાળું આપે છે અને એ શાંતગંભીર વાતાવરણમાં વાર્તાઓની અવનવી સૃષ્ટિ રચાવા માંડે છે. ત્યારે એ વાર્તાઓમાં યે ક્યાંક પાછો જાદુઇ દીવો આવી જાય ખરો. દીવાના ઉપયોગ ને એની સાથે વણાએલી ભાવનાઓ અને કલ્પનાઓનો જાણે કે અંત જ નથી.

વેદમાં એને 'મર્ત્યોમાં અમર્ત્ય' કહ્યો છે. રામાયણે લંકાના વર્ણનમાં સુવર્ણ અને રત્નદીપનાં વર્ણના કર્યાં છે. મહાભારતમાં દ્રોણપર્વમાં દીવાના પ્રકાશમાં યુદ્ધ કરવાનાં રોમાંચક વર્ણનમાં. હસ્તિદળ અને ઘોડેસવાર ટુકડીનાં વિગતે વર્ણન કરી જણાવે છે કે 'એ યુદ્ધ જોવા યક્ષો, કિન્નરો ને ગાંધર્વો તથા સમગ્ર આકાશીય સામ્રાજ્ય હાથમાં દીવા લઈ એ જોવા આવ્યું હતું અને એના પ્રકાશને પરાવર્તિત કરતી એમના ગળામાંની રત્નમાળાઓને લીધે પ્રકાશ વધુ દેદીપ્યમાન

જણાતો હતો. પૃથ્વી પરનું એ એક અદ્‌ભુત દૃશ્ય હતું.'

ભારતીય તત્ત્વજ્ઞાનમાં આત્માને સ્વયંપ્રકાશિત જ્યોત સમો ગણવામાં આવ્યો છે. જીવન દીવા સમું છે. એના વડે અન્યના જીવનમાં પણ પ્રકાશ રેલાવી શકાય છે. અને તત્ત્વદર્શન જ શા માટે? લલિત વાઙ્મયમાં પણ દીપકના સંખ્યાબંધ ઉલ્લેખો છે. કાલિદાસે રઘુવંશમાં ઇન્દુમતિ સ્વયંવરનું વર્ણન કરતાં લખ્યું છે:

संचारिणी दीपशिखेव रात्रौ, यं य व्यतीयाय पतिंवरा सा।

દીપશિખા જેમ જતી ઇન્દુમતિ રાજવીઓની નજીક જતાં એમનાં આશાવંત મુખ પ્રકાશી ઊઠતાં, પણ જ્યારે એ એમની પાસેથી આગળ જતી રહેતી ત્યારે એના પર કાલિમા છાઈ જતી. મેઘદૂતમાં પણ કાલિદાસે અલકાનગરીમાં નાગરિકોના શયનખંડના રત્નદીપો વર્ણવ્યા છે.

જ્ઞાનેશ્વરે એમના એક દર્શનગ્રંથને 'ભાવાર્થદીપિકા' કહ્યો છે. એ જ રીતે વિજયનગરના દાર્શનિક વિદ્યારણ્યે પોતાના 'પંચદશી' ગ્રંથનાં પ્રકરણોનાં શીર્ષક 'જ્ઞાનદીપ', 'ધ્યાનદીપ' એમ રાખ્યાં છે.

એક બીજું દૃષ્ટાંત:

दीपोवातभयान्वीतः कामिन्या वसनान्तरे।
दृष्ट्वा तु कुचसौन्दर्यं शिरः कम्पयते मुहुः॥

નાયકને મળવા જતી નાયિકા હાથમાં દીવો લઈ જાય છે. પવનથી એની જ્યોત થથરે નહિ એટલા સારુ એને એ પોતાના વસ્ત્રની આડશમાં ઓપાવી રાખે છે, પણ છાતી પાસેનો દીવો નાયિકાનું કુચસૌન્દર્ય આટલું નજીકથી જોઇ રોમાંચિત થઈ કંપે તો છે જ.

શિષ્ટ સાહિત્યમાં એમ લોકસાહિત્યમાં પણ દીવો વણાયો છે. ડુંગરાઓમાં આથડીને નાયક સાથે સાંજે ઘેર પાછી ફરતી નાયિકા અંધારામાં પંથ દેખાય તે માટે માર્ગમાંની કેતકીના ફૂલમાં દીવો પેટાવે છે. તો કોઈ લોકવાર્તામાં 'દીપારાણી' ખલપાત્રોથી ઘરના નિર્દોષ માણસની રક્ષા કરે છે. બાળકોનાં ઉખાણાંમાં પણ દીવો પહોંચી ગયો છે: 'એક જનાવર ઇતું કે પૂછડે પાણી પીતું' વગેરે.

જેમ સાહિત્યમાં એમ શિલ્પકલામાં. અમરાવતી અને છેક બોરોબુદુર સુધીનાં શિલ્પોમાં દીવાના સંખ્યાબંધ નમૂના મળે છે. બુદ્ધ ભગવાનનાં માતા મહામાયાને બુદ્ધજન્મ પહેલાં સ્વપ્નમાં દીવો પણ દેખાએલો એનું ભાવવાહી ભાસ્કર્ય એમાં છે. બોરોબુદુરના સ્તૂપના શોભનમાં વાજિંત્રો, વાહનો ને પૂજાપાત્રો સાથે દીપકની પણ કોતરણી છે. ભારતના પલ્લવ અને ચૌલુક્ય કાળના શિલ્પની અસર છે.

જેમ શિલ્પમાં એમ ચિત્રકળામાં યે અનેકવિધ દીપકો જોવા મળે છે. ભીંતચિત્રો ને હસ્તલિખિત ગ્રંથોમાં એના સુંદર નમૂના છે.

જ્યોતિષશાસ્ત્રમાં ઉત્તમ કુંડળીને અને હઠયોગમાં કુંડલિનીને દીવાની જ્યોત સાથે સરખાવી છે. સંગીતમાં દીપક રાગ અને એ ગાઈને તાનસેને અકબરના દરબારના પ્રકટાવેલા દીવાની કથા તો પ્રસિદ્ધ છે.

દીપકની જ્યોતશિખાનો આકાર અને રંગ જોઈ શુકન-અપશુકન પણ પારખવામાં આવતાં. પુરુષોત્તમ માહાત્મ્યમાં કહ્યું છે:

रुक्षैर्लक्ष्मीविनाशः स्यात् श्वेतैरन्नक्षयो भवेत।
अति रक्तेषु युद्धानि, मृत्युः कृष्णशिखांषु च॥

કોરી રુક્ષ જ્યોત લક્ષ્મીનાશ, શ્વેત જ્યોત અન્નસંગ્રહક્ષય, અતિ લાલ જ્યોત યુદ્ધ તથા શ્યામ જ્યોત મૃત્યુની દ્યોતક છે. વળી, દીવાની જ્યોત કઇ દિશા તરફ ઢળે છે એના પરથી પણ ફલકથન થાય છે. દીવો હાથમાંથી સરી જાય કે પવનથી બુઝાઈ જાય એ અપશુકન લેખાય છે. પવનના ઝપાટાથી બુઝાવા માટે દીવો નથી. એને તો હાથ વડે કે પાલવથી ધીરેથી ઠરાય. એને મોંની ફૂંક ન મરાય. અરે, 'દીવો ઓલવવો' એમ પણ આપણે કહેતા નથી. આપણે કહીશું દીવો 'રામ' કરવો.


દીપશાસ્ત્રમાં દીવો પ્રકટાવવાનો પણ વિધિ વર્ણવ્યો છે. એમાં ક્યારે તેલ વાપરવું અને ક્યારે ઘી તે પણ જણાવ્યું છે. ઘીમાં પણ ગાયનું ઘી ઉત્તમ ગણ્યું છે, તેલમાં સરસિયું. દીવાની વાટ 'દેવકપાસ'-ની, હાથે જ બનાવેલી તથા સાત તારની હોવી જોઇએ. દીવામાં તેલ પૂરવા માટે પણ ખાસ પાત્ર રચાયું છે અને દીવાની વાટ સંકોરવા કે એનો મોગરો ખેરવવા કાતર જેવું એક વિશિષ્ટ સાધન પણ રચાયું છે.

ભાગ્યે જ અન્ય કોઈ દેશમાં દીવા વિષે આટલી બધી કલ્પનાઓ અને ભાવનાઓ વણાએલી હશે. શૈવ, વૈષ્ણવ, ગાણપત્ય, સૌર અને શાક્ત એવા પાંચ મુખ્ય ધર્મપંથ પ્રમાણે એમના દીપક પણ અલગઅલગ તારવી શકાય છે. શૈવ દીપમાં નંદી નાગ ને કીર્તિમુખની રચનાઓ, તો વૈષ્ણવ દીપમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ને ગરુડનો વિનિયોગ જોવા મળે છે. વૈષ્ણવોની મુખ્ય દેવી લક્ષ્મી ને એના વાહન ગજ(હાથી)ને પણ દીપરચનામાં એવું જ માનભર્યું સ્થાન છે. ગાણપત્યદીપમાં ગણપતિ, હાથી, મૂષક, સર્પ, શિવલિંગ અને રિદ્ધિસિદ્ધિ તથા સૌર દીપમાં સૂર્યમૂર્તિનું સંયોજન હોય છે. શાક્તદીપમાં કાલભૈરવ, કાલપંત ભૈરવ, કાલી ને ભૈરવી જોવા મળે છે. હઠયોગીઓ છીપના દીપ વાપરે છે.

ભારતીય વૈદક વિજ્ઞાન પણ પ્રસૂતાના ખંડમાં દીવાને એવી રીતે મૂકવાનું કહે છે કે જેથી એનો પ્રકાશ માતાના મોં પરથી પરાવર્તિત થઈ બાળકના મોં પર પડે. વાત્સ્યાયન નવદંપતીના શયનખંડમાં દીવાના મંદ પ્રકાશનું આયોજન સૂચવે છે.

આમ, ભારતીય સંસ્કૃતિ સૂર્ય અગ્નિ ને એના જ અંશ રૂપ દીપકની આસપાસ ગુંથાએલી છે. પાર્થિવ જીવનમાં માણસના પ્રવેશથી માંડી અંતિમ વિદાય સુધીના જીવનકાળમાં ડગલે ને પગલે દીવો હાજર રહ્યો છે. દરેક સારામાઠા પ્રસંગે એની હાજરી ગાંભીર્ય અને ગૌરવ વધારે છે. પ્રકાશ અને જીવનના દ્યોતક દીવા વિના બધુ જ અજ્ઞાત ને અંધકારમય છે. દીવો મર્ત્યમાં અમર્ત્ય છે. ❦

[ફોટોગ્રાફો: એસ્સો સ્ટાન્ડર્ડના સૌજન્યથી]



ડાબી બાજુ છેડે મોગલ કાળનો વર્તુલાક્ષ દીપ. કંદુક આકારનો આ દીપ ગમે તેમ રોડવવામાં આવે તો યે અંદરનો દીવો ઊંધો ન વળે એવી 'ગાયરોસ્કોપ' જેવી એમાં રચના છે. વચ્ચે: દીપમાં તેલ પૂરવાનું પાત્ર ને જમણી બાજુ દીવાની વાટ ઠારવાનું કાતર જેવું વિશિષ્ટ સાધન.


સાહિત્યસંપર્ક

મિખાઇલ શૉલોખોવ

નોબેલ પારિતોષિક નક્કી કરનાર સ્વીડિશ અકાદમી ટૉલ્સ્ટૉય જેવા સમર્થ સર્જકને પણ વિસરી ગઈ હતી એ અંગે એક વખત ટીકા કરનાર સુપ્રસિદ્ધ રશિયન સાહિત્યકાર મિખાઈલ શૉલોખોવને એમની 'ધીરે વહે દોન' (Quiet flows the Don) નામક 'રશિયન લોકોના જીવનના એક ઐતિહાસિક પ્રસંગનું પ્રામાણિક ને કુશળ નિરૂપણ કરનાર' કૃતિ માટે આ વર્ષનું નોબેલ પારિતોષિક મળ્યું છે એ સાહિત્યજગતનો નોંધપાત્ર બનાવ છે; કારણ કે અગાઉ જે બે રશિયન સર્જકોને આ બહુમાન પ્રાપ્ત થએલું તેમાંના પહેલા આઈવાન બુનિનને ઈ. ૧૯૩૩માં એ ઇનામ મેળવવા માટે રશિયા છોડીને ફ્રાન્સ જઈ વસવું પડેલું, અને બીજા બોરીસ પાસ્તરનાકને ઇ. ૧૯૫૮માં 'ડૉ. ઝિવાગો' માટે પ્રાપ્ત થએલું ઇનામ ત્યાંના વિરોધને લીધે નકારવું પડેલું!

જેની એક કરોડ કરતાં ય વધુ નકલો ખપી ગઇ છે અને દુનિયાની ૪૦ જેટલી વિવિધ ભાષાઓમાં જેના અનુવાદ થયા છે એ આ નવલકથા તો 'શાંત દોન' નામથી ૧૯૨૬થી શરૂ કરીને '૪૦માં પૂરી કરાએલી માળાનો એક મણકો જ છે. તેની પાર્શ્વભૂમિ દોન નદીનો તીરપ્રદેશ શૉલોખોવનો જ જન્મપ્રદેશ છે. ઈ. ૧૯૫૫માં એમના વનપ્રવેશ પ્રસંગે આ કથા માટે એમને 'ઑર્ડર ઑાવ લેનિન' એનાયત થયો હતો. રશિયન ક્રાંતિએ પ્રગટાવેલા આંતરવિગ્રહના મહાભારતમાં, કોઝાક પ્રજાજીવનની શક્તિઓ અને મર્યાદાઓનો તટસ્થ ચિતાર એમણે એમાં આપ્યો છે. દોન નદીના કિનારા પરના કૃષક જીવનનાં વાવણી ને લણણી કરતાં સ્ત્રીપુરુષોનાં તથા આકાશ, સંધ્યા, ઉષા, પશુપક્ષીઓ અને દોડતા અશ્વોનાં કવિત્વભર્યાં વર્ણનો તેમજ યુદ્ધની ઝપાઝપી, નાસભાગ, આક્રમણ ને પીછેહઠનાં સજીવ ને ગતિશીલ ચિત્રો આલેખતી આ નવલકથા પ્રાચીન રશિયાના વિસર્જનની વેદનામય કરુણતાની ને નવસર્જનના ઉલ્લાસની એકસાથે ઝાંખી કરાવે છે.

પ્રથમ વિશ્વયુદ્ધમાં અને તે પછી થએલા ત્યાંના આંતરયુદ્ધમાં એક મહાપ્રજા કેવી તાવણીમાંથી પસાર થઈ એનું સ્વાભાવિક ને સમૃદ્ધ ચિત્રણ આપતી આ કૃતિમાં લેખકે અપૂર્વ તાટસ્થ્ય ને સહજ સચ્ચાઈથી, ક્રાંતિકારી લાલ સેના ને એની સામે યુદ્ધે ચડેલી શૂરવીર કોઝાક પ્રજા, એ બંને પક્ષની પાશવતા ને માનવતા આલેખી છે, એટલું જ નહિ પણ દુશ્મન સામેની દ્વેષભાવના યે ક્વચિત્ માનવ લાગણીના અમૃતમાં પરિશુદ્ધ થતી તેમાં જોવા મળે છે.



શાંતિ, યુદ્ધ, ક્રાંતિ અને આંતરવિગ્રહ એ ચાર સોપાનોમાં ગોઠવાએલી, સોવિયેત સાહિત્યની આ યુગની અગ્રિમ ઐતિહાસિક નવલકથા તરીકે પ્રસિદ્ધ પામેલી, અને આંતરવિગ્રહની પશ્ચાદ્ભૂમાં આલેખાએલી પ્રેમકથા તરીકે પ્રતિષ્ઠા પામેલી આ લોકસમુદાયની કથા પર ટૉલ્સ્ટૉયની 'યુદ્ધ અને શાંતિ' (War and Peace)ની વાર્તાકલાની ખૂબ અસર પડી છે, એટલું જ નહિ પણ આ કથાનાં નાયક-નાયિકા ગ્રેગોર અને આક્સિનિયા, ટૉલ્સ્ટૉયના પીઅરી ને નટાશાની અર્વાચીન આવૃત્તિ જેવાં છે.

સામાન્ય માનવીની ઊર્મિઓ, અભિલાષાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ અત્યંત ઊંડાણથી ને કવિત્વમય રીતે આલેખવાની શક્તિ ધરાવતા, ભવ્ય સમર્પણના કલાકાર અને માનવધર્મી ને પ્રતિભાશાળી સર્જક શૉલોખોવના આલેખનમાં શ્રમમઢ્યા વાસ્તવ જીવનની એવી કવિતા વહે છે કે જે આપણને જકડીને દૂરદૂર ઘસડી જાય છે. કોઈ પણ સંવેદનશીલ આત્માને ખળભળાવી મૂકે એવી અનુભૂતિઓની અનર્ગળ સંપત્તિ, મૂલ્યવાન વિચારસમૃદ્ધિ અને સૂક્ષ્મ ભાવજગત ધરાવતા શૉલોખોવે અપૂર્વ ઉદારતાથી પોતાની આ ત્રિવિધ સંપત્તિ વિશ્વને સમર્પી છે.

શૉલોખોવના નિસર્ગપ્રેમની અને નિસર્ગની રમણીયતા આલેખવાની એમની શક્તિની વાચકો અને વિવેચકોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. એમની કથાના નાયકોને નિસર્ગ સાથે ગાઢ પ્રીતિ છે, એમનો કુદરતપ્રેમ માનવપ્રેમ અંકિત છે. શૉલોખોવ, જીવન જેવું દેખાય છે, અનુભવાય છે એવું જ તેની સમગ્ર કઠોરતા, નિષ્ઠુરતા, શુષ્કતા અને જડતા સહિત આલેખે છે; અતિશયોક્તિઅલંકાર વાપરીને કે અકારણ ઘેરા રંગો પૂરીને એને વિરૂપ બનાવતા નથી. તે જ્યારે માનવહૃદયના સૂક્ષ્મતમ, ઉદાત્તતમ અને સાચા ભાવોનું આલેખન કરે છે ત્યારે પણ વાસ્તવિકતાને વિસારતા નથી. એ રીતે તેઓ સત્ય, નિર્ભેળ સત્યના ઉપાસક છે. એમની કથાઓનાં પાત્રો ધીંગાં શ્રમજીવી અને વસુંધરાનાં લાડીલાં છે, જેમના માટે શ્રમ એ જીવનસમગ્રની પ્રેરણા છે—નીતિ સુદ્ધાંની. એમની દરેક કૃતિમાં કવિ, કલાકાર ને તત્ત્વજ્ઞાનીની આંખ દેખાય છે.

લેનિન-પુરસ્કાર ઉપરાંત સ્તાલિન-પુરસ્કાર પણ મેળનાર ને ખ્રુશ્ચોવના અંતરંગ મિત્ર તરીકે તેની અમેરિકાયાત્રામાં સાથી બનનાર, સોવિયેત સાહિત્ય અકાદમીના આગળપડતા સભ્ય ને સુપ્રીમ સોવિયેતના ચૂંટાએલા પ્રતિનિધિ, શ્રી મિખાઈલ શૉલોખોવનો જન્મ ઈ. ૧૯૦૫માં વિશેસ્કોમાં કુઝિલિન ગામે કોઝાક પિતા અને સર્ફ માતા આનાસ્તાશિયા દાનિલોવા (જેમનું નાઝીઓના બૉમ્બમારાથી મૃત્યુ થએલું) ને ત્યાં થયો હતો. પહેલા મહાયુદ્ધ વખતે ઇ. ૧૯૧૮

'ધીરે વહે છે દોન'

આ વર્ષના નોબેલ પારિતોષિકથી પુરસ્કૃત મિખાઈલ શૉલોખોવના મહાનવલ And Quiet Flows the Donનો કથાતંતુ

ઝારકાલીન રશિયામાં દોન નદીના તીરપ્રાંતમાં તાર્તાસ્ક નામના એક નાનકડા ગામમાં મેલેખૉવ નામે એક કુટુંબ વસે. તેનો સૌથી મોટો પુત્ર ગ્રેગોર. તેનો પાડોશી સ્ટેપાન લશ્કરમાં નોકરીએ ગએલો તેની ગેરહાજરીનો લાભ લઈ ગ્રેગોર તેની પત્ની આક્સિનિયાના પ્રેમમાં પડ્યો. પુત્રનું ચિત્ત ઠેકાણે લાવવા ગ્રેગોરના પિતાએ એનાં લગ્ન નાતાલિયા નામની યુવતી સાથે કરાવી દીધાં, પણ ગ્રેગોર નાતાલિયાને ચાહતો ન હોવાથી એમનામાં સુમેળ ન રહ્યો. થોડા વખત પછી ગ્રેગોર ખુલ્લી રીતે આક્સિનિયા સાથે ફરવા લાગ્યો અને એમનો આ સંબંધ ગામમાં ચર્ચાનો વિષય બન્યો.

આ વાત સાંભળતાં પિતાએ ગ્રેગોરને ચાબુકથી ફટકાર્યો. અપમાનિત અને ક્રોધિત ગ્રેગોર ઘરનો ત્યાગ કરી આક્સિનિયા સાથે ગામ બહાર લિસ્નિત્સ્કાય નામના શ્રીમંત જમીનદારને ત્યાં નોકરીએ રહ્યો. આક્સિનિયા એક પુત્રીની માતા બની ત્યારે એ લશ્કરમાં જોડાયો.

આ દરમિયાન ગ્રેગોરના પ્રેમથી વંચિત એની પત્ની નાતાલિયાએ આપઘાત કરવાનો એક નિષ્ફળ પ્રયાસ કર્યો, અને ત્યાર બાદ એ પોતાને પિયર ચાલી ગઈ. પણ તેનાં સાસરિયાંએ એને પાછી બોલાવતાં તે સુખથી તેમની સાથે આવીને રહી.

લશ્કરમાંથી રજા પર ઘેર આવતાં ગ્રેગોરને ખબર પડી કે આક્સિનિયા તો એના શેઠના યુવાન અને લશ્કરી કપ્તાન પુત્ર યૂજીન સાથે પ્રેમમાં પડીને પોતાને બેવફા નીવડી છે અને પોતાની પુત્રી અવસાન પામી છે! આ બેવડા આઘાતથી રોષે ભરાએલા ગ્રેગોરે આક્સિનિયાને ચાબુકથી ફટકારી અને પોતાને ઘેર પાછા ફરી પત્ની નાતાલિયા સાથે સમાધાન કર્યું. તેનાથી એક જોડિયાં પુત્ર-પુત્રી અવતર્યાં.

લશ્કરમાં પાછા ફરતાં ગ્રેગોરને સ્ટેપાનનો ભેટો થયો. પોતાની પત્નીને ભગાડી જનાર ગ્રેગોરનું ખૂન કરવાના સોગંદ એણે તો ખાધા હતા, છતાં ગ્રેગોરે એક હુમલા વખતે તેનો જાન બચાવ્યો. અપૂર્વ પરાક્રમથી લડતાં ઘાયલ થએલા ગ્રેગોરને એના શૌર્ય માટે સેન્ટ જ્યૉર્જનો ક્રૉસ મળ્યો. તે ઉપરાંત એ પોતાના ગામનો પ્રથમ 'કૅવૅલીઅર' બન્યો.

હવે લશ્કરમાં ઝાર સરકાર સામે અસંતોષ વધતો જતો હતો. બોલ્શેવિક ક્રાંતિકારીઓ સરકાર સામે અને સતત ચાલતા યુદ્ધ સામે છડેચોક ઝુંબેશ ચલાવવા લાગ્યા હતા. અંતે ઝારનો પરાજય થયો અને કેરેન્સ્કીની સરકાર સ્થપાઈ. પરંતુ બળવાખોરોએ તેને ઉથલાવી નાખીને 'સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક'ની સ્થાપના કરી. પણ ત્યાં તો આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. પોતાના સ્વતંત્ર વારસા માટે ગૌરવ ધરાવતા રાષ્ટ્રવાદી કોઝાક લોકોને દોન પ્રદેશમાં સ્વતંત્ર સરકારની રચના કરવી હતી. એથી એ લોકોમાંથી મોટાભાગના કોર્નિલોવ જેવાના હાથ નીચે પ્રતિક્રાંતિમાં જોડાયા અને બાકીના ઘણા દોન પ્રદેશમાં પોતાને વતન પાછા આવ્યા. ગ્રેગોર ક્રાંતિકારીઓમાં જોડાયો ને લાલ લશ્કરનો સેનાપતિ બન્યો. દરમિયાન રોસ્તોવમાં ક્રાંતિકારી ટુકડીઓ પર સખત હુમલો થયો જેમાં ક્રાંતિવિરોધી ટુકડીઓ વિજયી બની અને ક્રાંતિકારીઓને પાછા હઠવું પડ્યું.

ગ્રેગોર હવે વતનમાં પાછો ફર્યો ને યુદ્ધ પહેલાંના જેવું શાંતિમય જીવન જીવવા લાગ્યો. એવામાં લાલ ટુકડીઓ ગામ તરફ ધસીને આવી રહી છે એવા સમાચાર આવતાં પાડોશીઓ નાસવાની તૈયારી કરવા લાગ્યા, પણ ગ્રેગોર ભાગ્યો નહિ. આગ, લૂંટ ને બળાત્કારની વાતો આખા ગ્રામપ્રદેશમાં ફેલાતાં એક ક્રાંતિવિરોધી લશ્કરી અમલદારે દુશ્મનો સામે ગામને સજ્જ કરવા પ્રયાસ કરવા માંડ્યો અને ગ્રેગોરને સેનાનાયક બનાવવાની દરખાસ્ત મૂકી; પણ ગામલોકોએ એ સૂચન નકારી કાઢ્યું, કેમ કે ગ્રેગોર લાલ લોકો તરફ સહાનુભૂતિ ધરાવતો હતો અને એમના પક્ષમાં રહી લડ્યો હતો. પરિણામે એના ભાઈને સેનાપતિપદ આપવામાં આવ્યું.

ગ્રેગોર પોતાના ગામના સૈન્ય સાથે દુશ્મનો સામે ધસ્યો. પણ લક્ષ્યસ્થાને પહોંચતાં ખબર પડી કે લાલ ક્રાંતિકારીઓ હારી ગયા હતા અને એમના નેતાઓ પકડાઈ ગયા હતા. એ સૌને ગોળીએ દેવાના છે એવા ખબર મળવાથી ગ્રેગોર પોતાના પુરાણા ક્રાંતિકારી સેનાપતિ પોતિલ્કૉવને મળવા ગયો. પણ એણે તો ગ્રેગોર તકવાદી દેશદ્રોહી હોવાનો આરોપ મૂક્યો. આથી ગ્રેગોરમાં વતનપ્રેમ અને ધિક્કારની આજ સુધી દબાએલી રહેલી તમામ લાગણીઓ જ્વાળામુખીના અગ્નિની જેમ ભભૂકી ઊઠી. એણે સેનાપતિને, ખૂન માટે કરેલા હુકમોની યાદ આપી અને દોનના કોઝાકોને વેચી દીધાનો આરોપ મૂક્યો. અંતે ક્રાંતિકારી સેનાપતિઓ 'ક્રાંતિ અમર છે' એવું ભાવિ ભાખી ઠાર થયા અને ગ્રેગોર પોતાને વતન પાછો ફર્યો.

માં જર્મન સૈન્યનું આક્રમણ થતાં એમનું શિક્ષણ કિશોર વયે જ અટકી પડેલું અને એમને પોતાના જ ગામમાં શિક્ષક તરીકે કામ કરવું પડેલું. તે પછી ૧૯૨૦ સુધી રશિયામાં ચાલેલા આંતરવિગ્રહમાં એમણે મશિનગનર તરીકે સેવા આપી ને ત્યાર બાદ ઈ. ૧૯૨૬ સુધીમાં ચિત્રકાર, કડિયા, હિસાબનીસ, અન્ન-ઇન્સ્પેક્ટર અને આંકડાશાસ્ત્રીનાં વિવિધ કાર્યોનો–અને બેકારીનો પણ–અનુભવ એમણે મેળવ્યો.

ઈ. ૧૯૨૫માં વીસ વર્ષની વયે એમણે 'દોન નદીની ટૂંકી વાર્તાઓ' એ નામનો વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ કર્યો અને એ પછી તરત જ 'શાંત દોન'ની શરૂઆત કરી. આ નવલકથામાળા ઉપરાંત પ્રસિદ્ધ થએલી એમની કૃતિઓ છે: 'વર્જિન સૉઈલ અપટર્ન્ડ', 'હાર્વેસ્ટ ઑન ધ દોન', 'ધે ફૉટ ફૉર ધેર કન્ટ્રી', 'નશ્વર શત્રુ', 'કુટુંબનો માણસ' અને 'વછેરો'.

વાસ્તવવાદી સર્જક શૉલોખોવ એકલા લેખક રહ્યા નથી. રશિયાના રાજકારણમાં આગળ આવવા એમણે ૧૯૩૨થી સામ્યવાદી પક્ષના સભ્ય બનીએ સીડીનાં પગથિયાં ચડવા પ્રબળ પુરુષાર્થ કરેલો. એ માટે એમણે દોન પ્રદેશમાં ખેડૂતો પર થએલા અત્યાચારો વિષે સ્તાલિનને પત્રો લખવા છતાં પોતાની 'વર્જિન સૉઈલ અપટર્ન્ડ'નામની કથામાં તો એ હકીકતની ઉપેક્ષા કરી છે, તેમજ સમય મળ્યે સ્તાલિનની અતિશયોક્તિભરી પ્રશંસા પણ કરી છે. પોતાની આવી કુનેહથી તેઓ સત્તાની પકડમાંથી દૂર રહી સાહિત્યસર્જક તરીકે અગ્રિમ સ્થાન જાળવી શક્યા છે.

રોજ સાંજે નિયમિત માતાની કબરે જતા, થેલો ભરીને આવતા પત્રો વાંચી તેના ઉત્તરો લખતા, ગ્રામીણ લોકો સાથે ઉજાણીએ જતા, એમના નાનામોટા પ્રશ્નોમાં રસ લેતા ને સાથે સાથે યુદ્ધવિષયક એક બીજી નવલકથાનું આલેખન કરી રહેલા શૉલોખોવ આજે ૬૦ વર્ષની જૈફ ઉંમરે પણ અવિરત શ્રમ કરી શકે છે. તેમની કોઝાક પત્ની, બે પુત્રો ને બે પુત્રીઓના કુટુંબ પૈકી સૌથી મોટી પુત્રી સ્વેટલાના ભાષાશાસ્ત્રી છે અને નૌસેનાના અધિકારીને પરણી છે. 'ધ વર્જિન સૉઇલ અપટર્ન્ડ' પરથી ફિલ્મ ઉતારવામાં કોઝાક રીતરિવાજો વિષે

રામસિંહજી રાઠોડ



કચ્છ વિષેના પોતાના અભ્યાસલેખોને પ્રથમ 'કુમાર'માં લેખમાળારૂપે અને તે પછી 'કચ્છનું સંસ્કૃતિદર્શન'ના પુસ્તકરૂપે પ્રકટ કરીને તે માટે ગુજરાત સરકારનું રૂ. ૨૦૦૦નું અને કેન્દ્ર સરકારનું રૂ. ૫૦૦૦નું પારિતોષિક મેળવનાર શ્રી રામસિંહજી રાઠોડને એ પુસ્તક માટે ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી ગઈ ૧૮મી ડિસેમ્બરે રણજિતરામ સુવર્ણચન્દ્રક અર્પણ કરવામાં આવ્યો. અગાઉ બર્જેસ, જીવરામ ગોર કે ખખ્ખર આદિ પછી મોરારજી લાલજી અને દુલેરાય કારાણીએ કચ્છની થોડી યાદ ગુજરાતને આપી હતી હતી ખરી, પણ એનો સમગ્ર પરિચય તો એના આ નવયુગીય યુવાન સુપુત્ર શ્રી રામસિંહજી રાઠોડે જ આપ્યો એમ કહેવાય.

કચ્છના ભૂઅડ ગામમાં ક્ષત્રિય પિતા કાનજીભાઈ અને સુશિક્ષિત માતા તેજબાઇબાને ત્યાં ઈ. ૧૯૧૭ની ૮મી ડિસેમ્બરે એમનો જન્મ. કુટુંબના ચાર પુત્રોમાં સૌથી નાના હોઈ વડીલોનો તે વિશેષ પ્રેમ પામ્યા. મૅટ્રિક સુધીનું ભણતર ભૂજમાં યશસ્વી રીતે પાર પાડવા દરમિયાન ડ્રૉઈંગની પ્રાથમિક બે પરીક્ષાઓ પણ પાસ કરેલી; અને વ્યાયામપ્રવૃત્તિના ઉપક્રમે યોજાતા પ્રવાસોમાં કચ્છની નિસર્ગશ્રીના પરિચયે એમનામાં વતનપ્રેમની ચિનગારી મૂકી. અંગ્રેજી પહેલા ધોરણમાં પહેલે નંબરે પાસ થવા બદલ ભેટ તરીકે મોટાભાઈએ આફ્રિકાથી એમને માટે 'કુમાર'નું લવાજમ ભરી મોકલેલું, એ વાચને સાહિત્ય, કળા ને ફોટોગ્રાફી પ્રત્યેની એમની અભિરુચિ વધારી દીધી. મૅટ્રિકમાં પ્રથમ કક્ષામાં આવવા બદલ ટાગોરનું 'ગીતાંજલિ' ભેટ મળ્યું, એમાંથી એ કવિવરનાં સર્જનો પ્રત્યે ચાહના વધી. આ બધાંની અસર તળે એમણે એક મિત્ર સાથે 'બંસરી' નામે હસ્તલિખિત માસિક કાઢવા માંડ્યું, જેને 'કુમાર'ના આદર્શ પ્રમાણે નિજી ચિત્રોસુશોભનોથી તે સજાવતા.

મૅટ્રિક પછી તે સુરતની એમ. ટી. બી. કૉલેજમાં જોડાયા. એવામાં ૧૯૩૫માં કચ્છ રાજ્ય તરફથી એમને દેહરાદૂનની ઇમ્પીરીઅલ ફૉરેસ્ટ કૉલેજમાં વનવિદ્યાના અભ્યાસ માટે મોકલવામાં આવ્યા; અને ત્યાંથી ફૉરેસ્ટ્રીનો ડિપ્લોમા મેળવીને આવ્યા કે તરત ૧૯૩૭માં, કચ્છ રાજ્યના જંગલ ખાતામાં રેઈન્જ ફૉરેસ્ટ ઑફિસર તરીકે તેમની નિમણૂક થઈ. એ કામગીરીમાં કરવી પડતી ખેપોમાં ત્યાંની ઊષર અને રમણીય બંને ભૂમિનો સેંકડો માઇલોનો પ્રવાસ કરી તેના લોકસમૂહ, જંગલો, રણ, ડુંગરાઓ, ભૂપૃષ્ઠ, ઈતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ લોકસાહિત્ય તથા કળાનો ઊંડો અભ્યાસ કર્યો. 'કચ્છનું સંસ્કૃતિદર્શન' કરાવતી એમની કીર્તિદા લેખમાળાની પાર્શ્વાદ્‌ભૂમિ આ રીતે રચાઈ. દરમિયાન બનારસ હિંદુ યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગના વડા ડૉ. રાજનાથ કચ્છના ભૂસ્તરનો પ્રત્યક્ષ પરિચય કરવા આવ્યા ત્યારે રામસિંહજીની એ વિષયમાં ઊંડી સૂઝ જોઈ તેમણે રાજ્યને ખાસ ભલામણ કરી, જેને પરિણામે રાજ્યે એમને બે વર્ષ માટે રીસર્ચ સ્કૉલર તરીકે બનારસ યુનિવર્સિટીમાં ભૂસ્તરવિદ્યાના અભ્યાસ માટે મોકલ્યા. ત્યાંથી પાછા આવીને એ કચ્છ રાજ્યના ફૉરેસ્ટ સુપરિન્ટેન્ડેન્ટ નીમાયા.

ભૂસ્તરવિદ્યાની એમની આગવી સૂઝે, એમને ગુજરાતમાં ઘેરા ઊંડાણમાં પેટ્રોલિયમ હોવાની સંભાવના પ્રતિ દોર્યા; અને તે પરથી એમણે ઈ. ૧૯૪૯માં 'કુમાર'માં લેખ લખી, તેમાં આર્યકલ્પના ત્રેતાયુગના પડોનો વિસ્તાર વર્ણવીને હિંદને પશ્ચિમ કિનારે ખંભાતના ને કચ્છના અખાતના વિસ્તારનો ગુજરાતનો પ્રદેશ પેટ્રોલિયમની ખોજ માટે અતિ આશાસ્પદ હોવાનું સૌપહેલું, આજથી સોળ વર્ષ પર, પ્રતિપાદિત કરેલું. એમની એ આગમવાણી કેટલી ખરી હતી એ સાબિત કરવાની હવે, ગુજરાતમાં મબલખ તેલ મળી આવ્યા પછી, જરૂર નથી. હવે તેઓ કચ્છની ભરતકળા ઉપર સંશોધન કરી રહ્યા છે.

હાલ તેઓ વડોદરામાં ગુજરાત રાજ્યના વનવિભાગના માહિતી અને સંપર્ક અધિકારીના પદે છે. પ્રથમ નજરે તો એમની બહુવિધ પ્રતિભાનો ખયાલ પણ ન આવે એવો સંકોચશીલ સ્વભાવ હોવા છતાં તે ઘણા મિલનસાર છે ને બહોળું મિત્રમંડળ ધરાવે છે. અને કદાચ બધાંને જાણ નહિ હોય કે, જીવનનું કીમતી રસાયણ ભરેલાં શાંત-પ્રસન્ન કાવ્યોના ભાવનાશીલ સર્જક શ્રી દેશળજી પરમારનાં વચેટ પુત્રી ભારતીબેન સાથે એમનાં લગ્ન થએલાં છે. રામસિંહજીની ધ્યેયસાધના પાછળ એમના મૌન પાતિવ્રત્યનો ફાળો પણ ઓછો નથી.

—વિજયશંકર કામદાર

તેણે સારું માર્ગદર્શન આપેલું. બંને પુત્રો પરિણીત છે ને કૃષિવિજ્ઞાનનો અભ્યાસ કરે છે.

સ્વ. ગુણવંતરાય આચાર્ય

નાટ્યાત્મક પરિસ્થિતિઓ, ચિત્રાત્મક વર્ણનો ને ચમત્કારો જેવી રંગમય સામગ્રીભરી પોતાની નવલકથાઓ દ્વારા સામાન્ય વાચકોનો એક ચોક્કસ વર્ગ ઊભો કરનાર નવલકથાકાર ગુણવંતરાય પોપટભાઈ આચાર્યનું ગઈ તા. ૨૫મી નવેમ્બરે હૃદયરોગને લીધે રાજકોટમાં એકાએક અવસાન થયું.

એમનો જન્મ ઈ. ૧૯૦૦ની ૯મી સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રમાં જેતલસર કૅમ્પમાં થએલો. બહુ સામાન્ય સ્થિતિમાંથી સ્વાશ્રયે આગળ વધી મોરબી રાજ્યમાં ન્યાયાધીશ, ને પછી સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરોમાં પોલીસ ઉપરી, તથા

(આ અંકની માધુકરીમાં 'ભરવાડોના માંણેકથંભ'ના લેખક-જોરાવરસિંહ જાદવ)

શબ્દકથા: 'ચોગાન'

ગુજરાતીમાં 'ચોગાન'નો અર્થ 'ખુલ્લું મેદાન, ચોક કે આંગણું'. પરંતુ તેના ફારસી મૂળ 'ચૌગાન'નો અર્થ જુદો છે.

છોટુભાઈ નાયકની 'ગુજરાતી પર અરબી-ફારસીની અસર' (પૃ. ૩૯૮) અનુસાર આ શબ્દ મૂળ 'ચૌલ' (=વાળેલું) અને 'ગાન' (=સંબંધવાચક પ્રત્યય) મળીને બનેલો છે. 'હૉકી તેમજ પોલોની રમત રમવામાં વપરાય છે તેવી, છેડેથી વાંકી લાકડી માટે એ શબ્દ વપરાય છે.'


ઈ. સ. ૯૬૫માં પૂરા થએલા પોતાના અપભ્રંશ ભાષામાં રચેલા મહાકાવ્ય 'મહાપુરાણ'માં કવિ પુષ્પદંતે 'ચોવાણ' શબ્દ આ જ અર્થમાં વાપર્યો છે, અને તે અપભ્રંશમાં અત્યંત વિરલ મળતા ફારસી શબ્દનું ઉદાહરણ પૂરું પાડે છે. તે શબ્દવાળી પંક્તિઓ તેના અર્થ સાથે આમ છે:

ણવ દિણયરકર તંબિરઈ ગોસિ,
વિત્થિણ્ણઈ જહિં પંગણપએસિ.
ઝેંદુઉ જયસિરિસારહિં રાયકુમારહિં
ચલ ચોવાણહિં તાડિઉ
જણિયજણાણુરાયહિં પરકઈવાયહિં
ણાવઈ લોઉ ભમાડિઉ. (૧,૧૬, ૯-૧૧).

'ઊગતા સૂર્યનાં કિરણો વડે ત્રાંબાવર્ણા પ્રભાતમાં, વિસ્તીર્ણ પ્રાંગણપ્રદેશમાં, ઉત્તમ વિજયશ્રીવાળા રાજકુમારોએ વેગીલા ચોવાણથી (=ગેડીથી) પ્રહાર કરીને દડાને આખા લોકમાં ભમાડયો—જેમ પરધર્મી કવિઓની લોકલોભામણી વાણી લોકોને ભમાવે તેમ.'

—હરિવલ્લભ ભાયાણી

છેલ્લે વકાલત કરતા પિતા જોડે ગુણવંતરાયે નાનપણમાં ઘણાં ગોચર અગોચર સ્થળોની રખડપટ્ટી કરેલી ને એ દરમિયાન એ બધા પ્રદેશોની અવનવી કથાવાર્તાઓ સાંભળેલી. વહાણે ચડી એમણે બગદાદ-મસ્કતની ખેપ પણ કરેલી. એમની નવલકથાઓમાં એ બધાં સંસ્મરણોની સ્પષ્ટ અસર છે. હજી વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યાં પિતાના અવસાન પછી એમની ઉત્તરક્રિયા વિષે મતભેદ થતાં એમણે ઘર છોડયું. મુંબઈમાં રખડીરઝળી એમણે ઈન્ટર સુધી અભ્યાસ કર્યો ને પછી 'બૉમ્બે ક્રૉનિકલ'માં પ્રૂફરીડર તરીકે જોડાયા. એ પછી મુંબઇ સમાચાર, સૌરાષ્ટ્રમિત્ર, સૌરાષ્ટ્ર.ફૂલછાબ, નવસૌરાષ્ટ્ર, બહુરૂપી, ને ગુજરાત સમાચારના તંત્રીખાતામાં કામ કર્યું. રણજિત મૂવીટોનના વાર્તાવિભાગમાં રહી સાતેક વર્ષ એમણે ફિલ્મક્ષેત્રનો પણ અનુભવ કર્યો. 'મોજમજાહ'નું સંચાલન કર્યું તથા છાપખાનાં પણ ચલાવી જોયાં.



પ્રથમ પત્નીની ક્ષયની લાંબી માંદગીના ખર્ચને પહોંચી વળવા એમણે નવલકથાઓ લખવા માંડી. પ્રથમ નવલકથા 'પીરમનો પાદશાહ' 'પ્રજાબંધુ'ના ભેટ પુસ્તક તરીકે પ્રકટ થઈ અને એમની છેલ્લી નવલકથા 'રમત રમાડે રામ' પણ એ જ સંસ્થાના દૈનિક 'ગુજરાત સમાચાર'માં જ ક્રમશઃ પ્રકટ થઈ રહી હતી. એ વચ્ચેના ગાળામાં એમણે સામાજિક, ઐતિહાસિક, દરિયાઇ ને જાસૂસી નવલકથાઓ, નાટકો, નવલિકાઓ, જીવનચરિત્રો, હળવા કટાક્ષલેખો, અનુવાદો વગેરે લેખનની અનેક દિશામાં કલમ ચલાવીને ૧૦૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. એમનાં કેટલાંક નાટકો ભજવાયાં છે ને કેટલીક કથાઓ પરથી ફિલ્મ પણ બની છે.

એક વાર લખાઈ ગયા પછી તેઓ ફરી કદી એ વાંચતા નહિ; એ છપાય ત્યારે એનાં પ્રૂફસ તેઓ જોતા નહિ. એમની આ ખાસિયતની અસર એમનાં લખાણોમાં ક્યારેક સ્પષ્ટ જણાઇ આવે છે. અંગ્રેજી વાંચવાનો અને નાટકો જોવાનો એમને શૉખ હતો. સ્વભાવે વાતરસિયા ને લહેરી હોઈ એમનું મિત્રમંડળ પણ મોટું હતું.

કલાયાત્રી

યુસુફઅલી ધાલાભાઈ મર્ચંટનાં વૂડકટ

આ પેઢીના, એટલે કે બેથી ત્રણ દસકા પૂર્વેના ગુજરાતના અગ્રગણ્ય કલાકારોમાં શ્રી યુસુફઅલી ધાલાભાઈ સારી પેઠે પરિચિત છે. ભાઈ યુસુફે પોતાની કારકિર્દીનો આરંભ ચિત્રકલાથી કરી શ્રી જગન્નાથ અહિવાસીના માર્ગદર્શન હેઠળ અજંટા તેમજ મુઘલ શૈલીની અસરવાળાં જે અનેક ચિત્રો આપ્યાં તેમાંનાં 'બુદ્ધ-યશોધરા' તથા 'કુરાનનું વાચન' ખૂબ મર્મસ્પર્શી હોઈ ઘણાં લોકપ્રિય બનેલાં. એમનાં ચિત્રોમાં હૃદયની સૂક્ષ્મ લાગણીઓ સુંદર રીતે પ્રાદુર્ભાવ પામતી. ચિત્રકલા ઉપરાંત એમણે શિલ્પમાં પણ હાથ અજમાવ્યો અને વડોદરા ફાઈન આર્ટ્સ કૉલેજના પ્રા૦ શ્રી કાંતિલાલ કાપડિયાના સહકારથી ઘણી શિલ્પપ્રતિમાઓ બનાવી. 'કવિવીર નર્મદ', 'ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી', 'શ્રી વાડીલાલ સારાભાઈ' અને 'મહાત્મા ગાંધીજી'ની એમની પ્રતિમાઓ મુખ્ય છે.

ફિલ્મી જગતમાં પણ એમણે ઝંપલાવ્યું ને કેટલાંક ગુજરાતી તેમજ હિન્દી ચિત્રોમાં કલાનિર્દેશક તરીકે કામ કરી પોતાની શક્તિ દાખવી. પરંતુ ફિલ્મી જીવનની અનિશ્ચિતતા તથા કેટલાંક અન્ય કારણસર એ ક્ષેત્ર છોડી માટુંગાની અમુલખ અમીચંદ હાઈસ્કૂલમાં કલાના અધ્યાપક તરીકે બેસી ગયા. એમનો સર્જક આત્મા સાધનોની ઊણપ છતાં જંપી ન શક્યો ને ત્યાં એમણે વૂડકટ-લીનોકટમાં હાથ અજમાવવા માંડયો. આ અંકમાંનાં એમનાં કેટલાંક વૂડકટ એ એમાંનો ફાલ છે.



ગણેશ →

જમણી બાજુ
ઉપરથી નીચે
અનુક્રમે :
રાધાકૃષ્ણ
ટોપલાવાળી
અને
ઘંટી.

આ કૉલમની
નીચે :
ઊંટસવાર

સામેના પાનામાં
કબૂતર.





એમની ચિત્રસૃષ્ટિ અમુક જ વિષયોમાં મર્યાદિત ન રહેતાં ઘણાં ક્ષેત્રો આવરી લે છે. એમાં પણ મા ને બાળક, શ્રમજીવીઓ, પશુ-પંખી, બાળરમતો ને પૌરાણિક પાત્રો તથા ગૃહજીવનના રોજિંદા પ્રસંગો એમને વધુ ગમે છે.

આ અંકના પૂઠા પર, આ બે પાના પર તથા આ અંક સાથેના કૅલૅન્ડર પર એમની કેટલીક વૂડકટ કૃતિઓ આપી છે.

ગ્રાફિક આર્ટ્સ : યુ. એસ. એ. એ નામનું એક વૈવિધ્યસભર સુંદર ને ઉચ્ચ કોટિનું કલાપ્રદર્શન અમદાવાદના સંસ્કાર કેન્દ્રમાં જાન્યુઆરીની પહેલીથી આઠમી તારીખ સુધી ભરાઈ ગયું. અમેરિકામાં ભિન્નભિન્ન ક્ષેત્રોમાં ધંધાકીય કલાનો જે વિનિયોગ થાય છે તેનો ખયાલ આપતા આ પ્રદર્શનમાં લગભગ પાંચસો જેટલા મુદ્રણક્ષેત્રીય કલાના નમૂના મૂકવામાં આવેલા. તેમાં ચોપડીઓનાં જૅકેટો, રેકોર્ડના ઓઢા, વિવિધલક્ષી પુસ્તિકાઓનાં પૂઠાં, સામયિકોનાં પૂઠાં તથા તેમાં આવતી જાહેરખબરો, પ્રચારચિત્રો ને એવી અન્ય સામગ્રીઓનો સમાવેશ હતો. તે ઉપરાંત '૪૫ પ્રિન્ટ્સ યુ. એસ. એ.' નામક મુદ્રિત લલિત કલાકૃતિઓનું એક પ્રદર્શન પણ રજૂ થએલું. નામી કલાકારોની કૃતિઓ ઉપરથી સુંદર પ્રતો બનાવવા માટે અમેરિકામાં કઈ કઈ પદ્ધતિઓ યોજવામાં આવે છે તેનો આ વિભાગ દ્વારા ખયાલ આપવામાં આવેલો. રજૂ થએલા સર્વ નમૂનાઓની પસંદગી અમેરિકાની 'નૅશનલ સોસાએટી ઑવ આર્ટ ડાયરેક્ટર્સ' જેવી પ્રમાણભૂત સંસ્થાએ કરેલી, ને ભારતમાંના અમેરિકન માહિતી ખાતાના ઉપક્રમે આ પ્રદર્શન યોજાએલું. ઉદ્યોગ-ધંધાના

















'કુંડલિની' : મુંબાઈમાં હમણાં ભરાએલા પોતાના (૨૨મા) વૈયક્તિક પ્રદર્શનમાં કલાકાર શ્યાવક્ષ ચાવડાએ વિચાર અને પરિપાટીની નવી દિશાનો દોર સાંધતી કેટલીક કૃતિઓ રજૂ કરી હતી તે પૈકીની એક. 'કુંડલિની' એટલે 'મૂલાધાર (ગુદા અને ઉપસ્થની વચ્ચે આવેલા ચક્ર)માં સુષુમણા નાડીની જડની નીચે રહેલી મનાતી એક સર્પાકાર શક્તિ, જેને જાગ્રત કરવી એ યોગીઓનો એક મહા પુરુષાર્થ ગણાય છે.'

'આફ્રિક આર્ટ્સ-યુ.એસ.એ.'માંની કૃતિઓ. ઉપરની બે જાહેરખબરો. જમણી બાજુ ગ્રામોફોનની રેકૉર્ડનું ઓઢું અને પુસ્તકોનું જૅકેટ.

Education For Freedom
by Robert M. Hutchins

વિકાસમાં આફ્રિક આર્ટ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી અમેરિકામાં તો આ કલા માટેની ઘણી સંસ્થાઓ છે અને તાજેતરમાં તો કેટલીક મોટી યુનિવર્સિટીઓએ પણ આફ્રિક ડિઝાઈન માટેના ખાસ વિભાગોની સ્થાપના કરી છે.

THE MASTERS
(કલાસ્વામીઓ)

લગભગ ૧૧×૧૪ ઇંચના માપનું આ કલા-પ્રકાશન એક વર્ષના ૧૫ પૌંડ ૧૨ શિ.ના લવાજમમાં દર અઠવાડિયે એક લેખે ૫૨ ભાગમાં પ્રાપ્ત થશે, અને એવા એના આશરે ૨૦૦ અંક બહાર પડશે. તેનો પહેલો અંક સમર્થ સ્પૅનિશ કલાકાર ગોયાના પરિચયથી શરૂ થાય છે, અને એક પછી એક એવા જ પ્રસિદ્ધ ચિત્રકારોનાં, ચૂંટી કાઢેલાં ને મોટા સુંદર રંગીન ચિત્રો તેમાં રજૂ થશે. આ રંગીન પ્રતો અગાઉના બધા ચિત્રસંપુટોને ટપી જાય એવી સંપૂર્ણતાથી ને અસલ ચિત્રનો હૂબહૂ પરામર્શ કરાવતી પહેલી જ વાર જોવામાં આવે છે. ચિત્રોના ખંડદર્શનની છાપોથી કલાકારની પીંછીનું લાઘવ, રંગદૃષ્ટિ અને પાત્રનિર્માણની ઘડતર સહજ પ્રત્યક્ષ થાય છે. અને તે ઉપરાંત દરેક ચિત્રના ગુણો, વિશિષ્ટતાઓ તેમજ તેના સર્જનકાળનું જ્ઞાન આપતી ટૂંકી નોંધ તે તે ચિત્રની ટચૂકડી છાપ સાથે એક અલગ પાનામાં આપવામાં આવી છે તે આ સંપુટની વિશિષ્ટતા છે. ઊગતા કલાસાધકોને આ દ્વારા ઘેર બેઠાં દુનિયાની શ્રેષ્ઠ કલાકૃતિઓનો આસ્વાદ મળશે. સમર્થ કલાવિદો અને સિદ્ધ કલાવિવેચકોનું મંડળ આ સંપુટમાળાનું સંપાદન સંભાળી રહ્યું છે.

આજની જ્ઞાનવ્યાપ્તિમાં આ પ્રકાશનનો લાભ લેવામાં સર્વ કલાસંસ્થાઓ, મ્યૂઝિયમો



અને યુનિવર્સિટીઓ જરા પણ પ્રમાદ ન સેવતાં તેનો સમાદર કરવી ઘટે. પ્રાપ્તિસ્થાન : સચિન ઍન્ડ કંપની, બુક ડિપાર્ટમેન્ટ, ૨૫ બૅંક સ્ટ્રીટ, મુંબાઈ ૧ —રવિશંકર રાવળ

થોડા સિંહસંતાનનું અપહરણ

થોડા સમય પહેલાં નામદાર પોપ પોલ છઠ્ઠા ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે કેન્દ્ર સરકારે એમને સિંહનાં બચ્ચાં-ની એક જોડી ભેટ આપવાનું નક્કી કર્યું અને જૂનાગઢના વન-સંરક્ષક શાહ સાહેબને અને ત્યાંથી જૂનાગઢના ઝૂ સુપરિન્ટેન્ડેન્ટ શ્રીનિવાસ બક્ષીને ગિરના જંગલમાંથી ચોક્કસ દેખાવનાં બચ્ચાં પસંદ કરીને પકડી લાવવાનું કામ સોંપાયું. એમણે સાસણમાં મુકામ નાખી નિષ્ણાત શિકારીઓ તથા સંકચ્યુઅરી ઈન્સ્પેક્ટર મુખરજીને સાથે રાખી ગિર ખૂંદવા માંડી. શિકારીઓના જમાદાર હતા કાંથડ રાજા.

થોડા દિવસની રઝળપાટ પછી કેરભા નેસડે એક વનરાજના ટોળામાં જોઈતાં હતાં એવાં દોઢ-બે વર્ષનાં બચ્ચાં બક્ષીની નજરે ચડી ગયાં ને એમને જ પકડવાનું નક્કી કર્યું. સિંહનું ટોળું એ જગ્યા-એથી દૂર ચાલ્યું જાય નહિ એનું ધ્યાન રાખવા બક્ષી પોતાની શિકારી-પાર્ટી સાથે એ ગીચ જંગલમાં જ એક ઘેઘૂર વડલા નીચે સાફસૂફી કરીને ફરતી કાંટાની વાડ રચી ત્યાં પડાવ નાખ્યો, અને શિકારીઓને ત્યાં જ રોકી પોતે મુખરજીને લઈ પાંજરાની વ્યવસ્થા કરવામાં પડ્યા.

ટોળામાંથી અમુક પસંદ કરેલા પ્રાણીને પકડવાનું હોય ત્યારે સાધારણ રીતે વપરાતું ઉંદરિયા જેવું કમાનવાળું પાંજરું કામ આવતું નથી. એ માટે તો સરકસની રીંગ જેવું એક પાંજરું ઊભું કરીને તેમાં જ પેલાં બધાં પ્રાણી પકડવાં પડે છે અને પછી તેમાંથી પસંદ કરેલાં પ્રાણીને બીજા નાના પાંજરામાં ફેરવવાનાં હોય છે. અહીં એવું પાંજરું છેક ઝરડા નામની જગ્યાએ હતું. બક્ષીસાહેબે ટ્રક લઇને ઝરડા જઈ એ પાંજરું ખોલાવ્યું ને એનો બધો માલસામાન કેરભા પહોંચાડ્યો.

જંગલમાં તડકો ચડ્યે કામ થઈ શકે નહિ એટલે વહેલી સવારથી કામ કરવું પડતું. બેત્રણ દિવસે પાંજરું ઊભું થયું. હવે સિંહોને પાંજરા તરફ આકર્ષવા એની આજુબાજુ મારણ રાખી એમને હેળવવાની વ્ય-વસ્થા કરી. બે-ચાર દિવસમાં બચ્ચાં મળી જશે તેમ લાગતું હતું. ત્યાં સરકારે કહેવડાવ્યું કે ૪થી ૬ માસ સુધીનાં જ બચ્ચાં પકડવાનાં છે. થઈ રહ્યું! આ ટોળામાં તો દોઢ-બે વર્ષનાં પાઠડાં હતાં એટલે બધી મહેનત નિષ્ફળ જવાથી ઘડીભર તો સૌ હતાશ થઈ ગયા.

ખેર; ફરીથી ગિરના ગાળેગાળે ને ડુંગરાની ધારેધારે, ઝાડીએ-ઝાડીએ અને નેસડેનેસડે સાવજનાં નાનાં બચ્ચાંની શોધ ચાલી. આખરે એક સ્થળે એક સિંહણ ને પાસે બે બચ્ચાં મળી આવ્યાં. ફરી એ સ્થળે પાંજરું ઊભું કરાવ્યું ને સિંહણને હેળવવાનો પ્રયાસ આદર્યો. રોજ સાંજે જાતે જઈ બક્ષી એ સિંહણ તથા એનાં બચ્ચાંને જોઈ આવતા. પણ એક દિવસ જ્યાં સિંહણને મારણ અપાતું હતું ત્યાં બીજી બે સિંહણો પણ ક્યાંકથી આવી ચડી! જો આ બીજી બંને સિંહણો પણ પાંજરામાં આવી જાય તો તેઓ કદાચ પેલાં બચ્ચાંને મારી પણ નાખે એવો ભય હતો. એટલે વળી થોડા દિવસ બચ્ચાંવાળી સિંહણને બીજી સિંહણોથી દૂર રાખવાની તરકીબો કરવામાં આવી.

એક તરફ સૌ આ કામમાં લીન હતા ત્યાં હુકમ આવ્યો કે તાલાળા પાસેના ધાવા ગામમાં કૂવામાં એક દીપડી પડી ગઈ છે તેને કાઢીને ગામલોકોનું રક્ષણ કરવું. એટલે સેંક્ચ્યુઅરી ઇન્સ્પેક્ટર મુખરજી, બક્ષી સાહેબ અને શિકારી-પાર્ટી સિંહ પકડવાની ચાલુ કામગીરી છોડી ત્યાં ગઈ. ધાવાની એક વાડીના કૂવામાં એ દીપડી પડી ગઈ હતી અને નળના પાઇપને વળગી ઘૂજતી હતી. કૂવાની આસપાસ ભરી બંદૂકે

લેખક
દત્તાત્રેય
ફાટક

●



નામદાર પોપને
ભેટ અપાએલાં
અમર
અને
આશા

●

ફોટો
ચન્દ્રકાન્ત પટેલ

શિકારીઓ ગોઠવાઈ ગયા અને દોરડાં બાંધી કૂવામાં ખાટલો ઉતાર્યો દીપડી ઉપર તો આવી, પણ નાસી જવાને બદલે જીપની સામે જ તાકીને ઊભી. એકબે ક્ષણ, ને એ સીધી જીપ પર કૂદી! અંદર બેઠેલા ડ્રાઇવર તથા શિકારીઓ અને એ સાક્ષાત્ કાળની વચ્ચે માત્ર એક કાચ આડો હતો. દીપડી લપસી. કાથડભાઇએ તુરત બંદૂકનો કંદો ફટકારી તેને નીચે ઉતારી, પણ દીપડી બહુ દૂર ગઈ નહિ. ગામલોકો હવે વધુ ગભ-રાયા. એક તો દીપડાની જાત અને તેમાં યે છંછેડાએલું જાનવર! પછવાડે જીપ ચલાવીને દીપડીને આઘે તગડવા તો માંડી, પણ થોડું જ ચાલીને એ ફરીફરીને સામી થવા લાગી. સૂરજ આથમી ગયો હતો; અંધારું થતું જતું હતું; જો ખીજાએલી દીપડી વાડીમાં લપાઈ જાય તો સવારે કેટલા ય માણસને જખમી કરે અને એને ભગાડવા જતાં સામી ચોંટી પડે; એટલે અંતે એ દીપડીને ઠાર કરવાનું નક્કી કર્યું. શિકારીઓને તૈયાર કરી મુખરજી તથા શ્રીનિવાસભાઇએ હાકો કર્યો અને જાનવર જરાક નજદીક આવતાં જ ગોળી છૂટી ને દીપડી ખતમ થઈ. તેને જીપમાં નાખીને રાતે લગભગ ત્રણેક વાગ્યે સૌ સાસણ આવ્યા.

બીજે દિવસે ફરી પેલી સિંહણો પાછળ. આજે તો આ સિંહણને પકડવી જ તેમ નક્કી કર્યું. અંધારું થતાં પાછી ત્રણ સિંહણો આવી! મુખ્ય તો આ ત્રેખડને અલગ કેમ પાડવી તે જ વિચારવાનું હતું. શિકારીઓએ હવે એ ત્રણેયને જુદીજુદી દિશામાં મારણ મૂકી એમને છૂટી પાડવાનું નક્કી કર્યું. એ માટે બચ્ચાંવાળી સિંહણને પાંજરા બાજુ લાવવી ને બીજી સિંહણોને બીજે, એ દૂર નીકળી જાય ત્યારે ત્યાં મારણ આપી રોકી રાખવાનું વિચાર્યું. ત્યાંના શિકારી સંજ્ઞા કરે ત્યારે પાંજરા નજીકની બચ્ચાંવાળી સિંહણને સારુ પાંજરાની અંદર મારણ દેવાનું નક્કી કર્યું જેથી એ બચ્ચાં સહિત પાંજરામાં ઝડપાઈ જાય.

યોજના પ્રમાણે અંધારું થતાં સિંહણોને જુદી પાડવા મારણ લઇને શિકારીઓ જુદીજુદી દિશામાં ચાલ્યા. શ્રીનિવાસભાઈ ને બે શિકારી પાંજરા પાસે રહ્યા. સિંહણો નોખી પડી, સંજ્ઞાની વ્હિસલ થઈ, મારણ પાંજરામાં મુકાયું, બચ્ચાંવાળી સિંહણ પાંજરામાં પેઠી, શિકાર માર્યો અને ઝડપથી બચ્ચાં સાથે પાંજરાની બહાર નીકળી ગઈ! શિકારીઓ મૂંઝાયા. રાતના નવેક વાગ્યા હતા. ઘનઘોર જંગલમાં સર્વત્ર ભયંકર અંધકાર છવાયો હતો. એમાં આ બધી જહેમત નિષ્ફળ જતી જોઈ શિકારીઓ વિમાસણમાં પડી ગયા. છેવટે એવે ટાણે સૌ એ સિંહણને શોધવા નીકળ્યા. રાતના એ ઘોર અંધારામાં ગીચ જંગલ વચ્ચે બક્ષી વગર હથિયારે માત્ર ટૉર્ચના અજવાળે એ સિંહણને શોધતા હતા.

ટિકિટ-સંગ્રહ

જમણી બાજુ મથાળે આર્જેન્ટિનાએ કવિ દાન્તેની યાદમાં બહાર પાડેલી ખાસ ટપાલ-ટિકિટ (પ્રેષક : કિરણચન્દ્ર જોષી, અમદાવાદ) એની સાથેની ચાર ટિકિટ ઇટાલીમાં આવેલા એક નાનકડા પ્રદેશ સાન મેરિનોની છે. એના પર પ્રાગૈતિહાસિક મૃત-પ્રાય પ્રાણીઓનાં ચિત્રો છે. (પ્રેષક : પી. એન. વર્મા, અમદાવાદ)





જમણી બાજુની સાત ટિકિટો ટાનઝાનિયાએ નવી બહાર પાડેલી ચૌદ ચાલુ ટિકિટોમાંની છે. ચાલુ ઉહુરુ ટિકિટોને બદલે આ ટિકિટો ચાલશે. (પ્રેષક : માધવજી ડાહ્યા–ઇરિંગા)

આખરે એકાદ માઈલ છેટે એક વાંકળામાં એ દેખાઈ. ત્યાંથી મહામુસીબતે હાકો કરી એને પાંજરા તરફ પાછી વાળી. આ વખતે બચ્ચાં પાંજરામાં ઘૂસી ગયાં ને પડેલું મારણ ખાવા લાગ્યાં. પણ સિંહણ હજી બહાર જ હતી. બક્ષી અને મુખરજી પણ મૂંઝાયા. એક-દોઢ કલાક પછી યે જ્યારે સિંહણ પાંજરામાં ગઈ નહિ ત્યારે શિકારીઓએ સૂચવ્યું કે બચ્ચાં જો ધરાઈને બહાર જતાં રહેશે તો બધી મહેનત એળે જશે, માટે પાંજરું બંધ કરવું. અને આમ, એ મોટા રીંગ જેવા પાંજરામાં માત્ર સિંહણનાં બે બચ્ચાંને કેદ કરી બારણું અર્ધું બંધ કર્યું. પણ તેની મા તો પાંજરા પાસે જ બેસી ગઈ! હવે પાંજરામાંથી બચ્ચાં બહાર કેમ કાઢવાં? એમાં તો જીવનું જોખમ હતું!

સાહસિક બક્ષીએ પાંજરાનું બારણું પૂરું બંધ કરી દેવાની સૂચના આપી. બારણું બંધ થઈ ખટ્ અવાજ થતાંની સાથે તો પરિસ્થિતિ સમજી સિંહણ વિફરી ને કાળઝાળ થતી ઘૂમરી ખાવા લાગી! પણ આટલેથી જ બસ નહોતું. જો એ દરવાજામાં માથું મારે તો દરવાજો ખૂલી જાય ને બચ્ચાં બહાર નીકળી જાય. એટલે બારણાને સાંકળ-તાળું મારવાની જરૂર હતી. શ્રીનિવાસભાઇ, મુખરજી ને શિકારીઓ મોટરમાં ગોઠવાયા, બંદૂકો તૈયાર રાખી અને સર્ચલાઇટ ફેંકતી તથા હૉર્નનો અવાજ કરતી જીપ ધીમેધીમે પાંજરા તરફ સરકવા લાગી. વિફરેલી સિંહણ પણ સાવચેત જ હતી. પાંજરા નજીક જવામાં કલ્પનાને પણ છક્કડ ખવડાવે તેવું જીવનું જોખમ હતું. ઓચિંતી સિંહણ જીપની એક બાજુ પર થઈ ગઈ. હવે પાંજરા ફરતી જેમ સિંહણ ચકરાવા લેતી ગઈ તેમ જીપ ફરવા લાગી. અંધારામાં પાંજરાનું બારણું દેખાતું યે મુશ્કેલ હતું. બધાંનો જીવ તાળવે હતો. આખરે સાંકળ તો લાગી શકી નહિ, પણ બંદૂકનો ગજ (સળિયો) ભરાવી બારણું ફિટ કરી દીધું ને જીપ પાછી ગતિએ સરકવા લાગી. સિંહણ પાંજરા પાસે ચકરાવા લેતી રહી અને શિકાર પાર્ટી સાસણ ગેસ્ટ-હાઉસ તરફ ઊપડી ગઈ.

ત્યાં વનસંરક્ષક શાહસાહેબને બધી હકીકત જણાવી. હવેનું કામ તો ખૂબ જ જોખમભર્યું હતું, પણ એને કુનેહથી પાર પાડ્યે જ છૂટકો હતો. જૂનાગઢ પ્રાણીસંગ્રહાલયમાં બક્ષીસાહેબ પાસે એક નાનું નર બચ્ચું હતું. વિસાવદર પાસે એક કૂવામાં પડી ગએલું તેમાંથી એને ઉગારેલું. ભેટ આપવામાં એ ચાલે તેમ હતું, એટલે નક્કી કર્યું કે પેલી સિંહણનાં બચ્ચાંમાંથી નર બચ્ચું છોડી દેવામાં આવે તો સિંહણ કદાચ કંઇક શાન્ત થાય. દરમિયાન માદા બચ્ચાને ઉઠાવી લેવું.

વહેલી સવારે ચાર વાગ્યે જંગલખાતાના તમામ શિકારીઓ પાછા પાંજરા પાસે પહોંચ્યા. વિફરેલી સિંહણ હજી યે ત્યાં ઘૂમરાતી હતી. બધાં વાહનો વડે પાંજરા ફરતો સુરક્ષિત ઘેરો ઘાલ્યો. સિંહણને બને તેટલી દૂર રાખવા પ્રયાસ થયો. બે મરણિયા શિકારીઓ જીપ ઉપરથી સીધા પાંજરા પર કૂદી પડ્યા, ને સિફતથી બારણું ઉઘાડી માદા બચ્ચાને ગાભામાં વીંટી નર બચ્ચાને બહાર છોડી મૂક્યું. લાગલી જ સિંહણ તેને ચાટતી ચાટતી વહાલ કરતી થોડે દૂર લઈ ગઈ ને એટલી વારમાં જ શિકારી ઇસ્માઈલ સઆદત માદા બચ્ચું બગલમાં દાબી જીપમાં ખાબકી પડ્યો! પાછી ફરતી સિંહણ પરિસ્થિતિ સમજે એટલામાં તો જીપ એકદમ સાસણને માર્ગે દોડવા લાગી.

સંગ્રહાલયના નર બચ્ચા સાથે આ માદા બચ્ચાને જૂનાગઢમાં થોડા દિવસ હેળવ્યું. 'અમર' ને 'આશા' એમનાં નામ રખાયાં. પછી બક્ષીસાહેબ એમને લઇ મોટર માર્ગે મુંબાઈ ગયા. રોમથી આવેલાં મધર પૅટ્રિશિયાએ એ બચ્ચાં ગોદમાં લઇ બધી વિગતો જાણી. બીજે દિવસે સાન્ટાક્રુઝથી વિમાનમાં આ અમર ને આશા વેટિકન ઊપડ્યાં.

નાનકડી નોંસી નગરીમાં

દેશદેશનાં કિશોરકિશોરી

રંગગઠરિયાં-૬૪ ★ લે. ચન્દ્રવદન ચી. મહેતા

હવે જરા યુરોપની મધ્યમાં એક ચકરડું મારી વિદાય લઈએ. યુરોપના નકશામાં નાનકડા ગામડા તરીકે હસ્તી ધરાવતાં બે સ્થળો છે. ફ્રાંસમાં નોંસી (જોડણી પ્રમાણે નાન્સી) અને જર્મનીમાં એરલાંગન. ત્યાં ભાગ્યે જ ભારતનો કોઇ પ્રવાસી ડોકિયું કરવા પણ જતો હશે. વેપારી, સહેલાણી, પ્રવાસી તો ત્યાં જાય જ શાનો? રડચોખડચો કોઈ મોટર લઇને ફરવા નીકળ્યો હોય અને રસ્તામાં આ ગામડા તરફ આવી ચડે તો જઈ પડે, પરંતુ વ્યાપારી, વૈજ્ઞાનિક ઉદ્યોગ-ધંધે જનારાને બાદ કરો, ગણ્યા ગણાય નહિ એટલાં જનારાં સરકારી ડેલિગેશનોની યાદી કાઢી નાખો, તો પણ જે જનારા બાકી રહે તેમાંથી પણ ત્યાં જનારા ઓછા. યુરોપભરની યુનિવર્સિટીઓ જે કોઈ પોતાનું નાનકડું નાટ્યમંડળ ચલાવે છે તે, વર્ષભર બે પાંચ નાટકો કરે છે, એમાં જર્મનીના એરલાંગન અને ફ્રાંસના આ નોંસી ગામનાં નામ મશહૂર છે. આમ તો પ્રમાણમાં ગામડાં: એરલાંગનની વસતિ લાખ કરતાં ઓછી; નોંસીની લાખ કરતાં વધારે; એરલાંગન પશ્ચિમ જર્મનીના પ્રખ્યાત શહેર ન્યુરનબર્ગની પાસે, નોંસી ફ્રાન્સના પૂર્વભાગમાં સારલૅન્ડની નજીક સ્ટ્રાસબર્ગની પાસે, લાખેકની વસતિવાળાં આ ગામમાં યુનિવર્સિટીઓ છે. ત્યાં દર સાલ ઉત્સવ યોજાય છે.

ઇ. ૧૯૪૯માં, લડાઇમાં હાર્યા બાદ પાંચ વર્ષ પણ પૂરાં નહોતાં થયાં ત્યારે, એરલાંગનના વિદ્યાર્થીઓએ પોતાના નાનકડા (પણ ભારતમાં હજી ક્યાંય એ ઠાઠમાઠમાં હસ્તી ધરાવતું નથી એવા) જૂના થીએટરમાં યુરોપની યુનિવર્સિટીઓમાંથી નાટ્યહરીફાઇ યોજી!- અને તે હજી યોજાતી ચાલુ છે. હરીફાઇ તો ખરી. બેઅઢી કલાક નાટક ચાલે; પરંતુ રોજ સાંજે એ થઈ ગએલા નાટક ઉપર ચર્ચાચોતરો જામે. અને એમાં તુરકી કે સોવિયેટ, આંગ્લાશિયા કે અસ્પાનિયા કોઈના વિદ્યાર્થીઓને નાટક ભજવતાં કે ચર્ચા કરતાં ભાષાનાં બંધન નથી નડતાં. એરલાંગનમાં યુરોપભરની યુનિવર્સિટીનાં કિશોરકિશોરીઓ ઊતરી પડયાં, તો ૧૯૬૪થી નોંસી યુનિવર્સિટીએ લાંબાના ખર્ચે આખી પૃથ્વીને પાટે પથરાએલી યુનિવર્સિટીઓનાં કિશોર કિશોરીઓને હરીફાઈમાં નોતર્યાં! ત્યાં પહોંચવાનું પોતપોતાને ખર્ચે, પણ ગામમાં પહોંચ્યા પછી કશો ખર્ચ નહિ. સારામાં સારી હોટેલોમાં આઠસો-નવસો જણને ઉતારે. એક હોટેલમાં એક ટોળી નહિ; એની છૂટીછવાઈ જુદીજુદી હોટેલોમાં વ્યવસ્થા કરે,- એટલે કે દરેક હોટેલમાં કોઈ આફ્રિકાનો, તો કોઈ મેક્સિકોનો, તો કોઈ પેરૂનો, તો કોઇ કોરિયાનો, તો કોઈ મારા જેવો એકાદ ભારતનો,—એમ શંભુમેળો થઈ જાય.

ફરી વાર કહું છું પેલું સૂત્ર: 'વ્યવસ્થા'. અરેરે! એ 'વ્યવસ્થા' જોઈએ છીએ ત્યારે આંખમાં પાણી આવી જાય છે આપણી અવદશા ઉપર. આપણે ત્યાં હરીફાઇ હોય ત્યારે, તે જ દિવસે આપણને નોતરું કે કાર્ડ મળે; ત્યાં બે મહિના પહેલાં બધું પાકું હોય. આપણે હરીફાઇ હોય તેના મહિના પહેલાં તૈયારી કરીએ; ત્યાં દોઢ વર્ષ પહેલાં નામઠામની નોંધણી શરૂ થઈ જાય. આપણે ત્યાં બેશુમાર હોંસાતોંસી, ચડભડાટ, રીસામણાં મનામણાં અને ધાંધાટ-કજિયા રોજિંદા વધતા જતા હોય, ત્યારે ત્યાં બધું આપમેળે. અનાયાસ, યોજનાપૂર્વક ઉકેલાતું, શાંતિથી ચાલ્યું જતું હોય. વ્યવસ્થા હૉલૅન્ડ ફેસ્ટીવલમાં જોઈ, અમારી આઈ. ટી. આઈ. કૉન્ફરન્સોમાં હેલસિન્કી વૉર્સો વીએનામાં જોઈ, ઇટાલીના પારમા ગામમાં જોઈ, નોંસીમાં જોઈ,—એકમેકથી ચડિયાતી, નવુંનવું જાણવા-શીખવા મળે એ રીતની જોઈ. અને દફતર જુઓ તો એક નાનકડી ઓરડીમાં! એરલાંગન ગામમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ સાથે અમારો દોસ્ત લુક્ફાંગ, એકલે હાથે બાર બાઇ બાર ફીટની ઓરડીમાં બધું ચલાવે: ત્યાં જ પડયો રહે ત્યાં જ ખાય પીએ ને સૂએ, અને છક્ક કરી નાખે એટલી સરળતા ને સફાઇથી આખું દફતર ચલાવે. ઢીલ, આળસ, 'થાય છે', 'કરીશું', અદ્ધર વાતો, ગપાટા, નિંદા-ખટપટ, ચા-નાસ્તા, બેદરકારી, એવીએવી આપણે ત્યાં દફતરમાં (ખાનગી દફતરોમાં ઓછી) પેધી ગએલી શબ્દાવલી અને ક્રિયાવલી ત્યાં જોવા ન મળે.

નોંસી નાનકડું પણ રળિયામણું, સ્વચ્છ રંગીલું શહેર છે. ફ્રાંસમાં પારી(સ)ના ફ્રેન્ચ જુદા અને પારી(સ) સિવાયના ફ્રેન્ચ અલાયદા! 'પારી (સ) એ ફ્રાન્સ નથી અને છે' એવાં વિધાન કરનારાઓનો મર્મ નોંસીમાં રહીએ ત્યારે બરાબર સમજાય. ગમ્મત તો જુઓ, ઘટના તો જુઓ; અહીં લોરેન પરગણામાં નોંસી પાટનગરમાં ઇ. ૧૭૩૩માં પોલૅન્ડનો રાજા સ્ટાનિસ્લાસ રાજ્ય કરતો હતો. એણે ગામને સુશોભિત, કલામય ને રળિયામણું બનાવ્યું. એ સ્ટાનિસ્લાસનું ઘોડેસવાર પૂતળું, એના જ નામથી ઓળખાતા ચોકમાં હજી અદા અને છટાથી ઊભેલું મોજૂદ છે. ત્યાં જ, એ વિશાળ ચોકમાં એક પડખે, એના જૂના રાજમહેલની સામે નાટકશાળા છે. ત્યાં આ હરીફાઇ યોજાય. પોલૅન્ડનું રાજ્ય ગયું અને આ સવા બસો વર્ષોમાં તો ફ્રેન્ચ જર્મન પોલ કૈંક લડયા-હાર્યા-જીત્યા વધેરાયા; પણ કોઇએ નોંસીમાંથી એ પૂતળું હજી ખસેડેલું નથી, ત્યાંનું નામ બદલવાનું વિચાર્યું નથી; અને આપણે ક્યારનાયે રસ્તાનાં નામ બદલતા થઈ ગયા છીએ!

કોર્સ લીઓપોલ્ડ એટલે અરધો માઈલ લાંબો એક લંબચોરસ; ચોગાન; એક જ હારમાં, એક જ ઘાટની બાંધણીમાં જુદીજુદી કૉલેજો ને ફૅકલ્ટીઓ; અને એ હારની પાછળ ચારે કોર અધ્યાપકોના નિવાસો; વચલા ચોકમાં ગાય મેળો, જલસો, ફેર, ફેસ્ટિવલ; પચાસ-પંચોતેર દુકાનો નાખવી હોય તો નાખી શકાય; પાંચદસ હજાર માણસો એકઠાં કરવાં હોય અને હરતાંફરતાં ફેરવવાં હોય તો ફેરવી શકાય એવી રચના. એટલામાં આખી યુનિવર્સિટીનાં દફતરો, ભણવાની જગ્યા, બધું જ આવી જાય. આ ઈન્ટરનૅશનલ ફેસ્ટિવલનું નાનકડું દફતર પણ ત્યાં એક ત્રણ મજલાના મકાનમાં, બીજે માળે, એક કોટડીમાં; બે કે ત્રણ જણ વહીવટ ચલાવે; કાગળ, જવાબ, ટાઇપિંગ, પોસ્ટ, વીસથી પચ્ચીસ જૂથોને બોલાવવાં, રાખવાં, નાટકો યોજવાં, ચર્ચાચોતરા ગોઠવવા, એ—બધું માત્ર ત્રણ જણા કરે! નથી ત્યાં એક પણ ચપરાસી કે સિપાઇ કે જમાદાર કે પટાવાળો. વાહ ભાઈ વાહ! કહેવું પડે કે તમારામાં વ્યવસ્થાશક્તિ ઉમદા પ્રકારની છે.

નદી મોઝલનું માહાત્મ્ય ર્‍હાઈન જેટલું નહિ; પણ આખરે મોઝલ જઈ મળે છે તો ર્‍હાઈનને જ. એટલે એ કંઈ ઓછી મદીલી નથી. અલસાસ ગિરિમાળાઓમાંથી એ નીકળીને અમને તો નોંસી પહોંચતાં પહેલાં મળી; પછી નોંસી થઇને એ મેઝગામ ગઈ અને ફ્રાન્સમાં ન

ગમ્યું તે જર્મનીમાં કોલોન-કથેડ્રલ જોવા ગઈ, અને ત્યાં હોઈનમાં ભળી ગઈ. અમે ફ્રાન્કફુર્ટથી મેઇન્ઝ શહેરને રસ્તે ટ્રેઈનમાં સાંજે નોંસી પહોંચ્યા. અને મોઝલ સામે જ મળી. લગભગ પચાસેક માઈલ રેલવે એને કાંઠેકાંઠે જ દોડે છે, એટલે અમારી ઓળખાણ પાકી થઈ ગઈ.

તે જ દિવસે રાત્રે જમતાં, ટેબલ પર પારી(સ)ના બેત્રણ વિવેચકો અને પ્રાગના એકબે વિદ્યાર્થીઓ ભેગા થઈ ગયા. ત્યાં કોઇકે શંપેઈન માગ્યો અને વેઈટરનું મોં જરા કટાણું થઈ ગયું. ફરી એક વાર આપણે સમજી લઇએ કે 'વાઇન' એ 'દારૂ' નથી; એટલે કે વ્હિસ્કી, બ્રાન્ડી, રમ, જીન, વોડ્કાની ગાળાગીવાળું પીણું નથી, પણ આસવ પ્રકારનું પીણું છે: દ્રાક્ષાસવની કોટિનું. શંપેઈન પરગણું અહીંથી આઘું; અહીં તો આલસાસ-લોરેનના વિખ્યાત દ્રાક્ષમંડપો; એમાં મોઝલના કંઠાળ ઉપરની દરાખો કંઈ હાઇનથી બહુ ઓછી ઊતરે નહિ. એટલે નાટકના વિવેચકે વાઇનની વિવેચના હાથમાં લઈ, મોઝલ મંગાવીને મોઝલની ખામીખૂબીઓ સમજાવવા માંડી. આ ચાલતું હતું એટલામાં તો ત્યાંના મૅનેજર સાહેબ મોઝલ વાઇનની બેત્રણ ઉત્તમ જાતોના બાટલા લઈને આવ્યા, અને ઝવેરી હીરાની જાતો અને તેના પહેલપાસા સમજાવે તેમ 'આ દરાખના માંડવા અહીં', 'ત્યાં આટલો સૂરજનો તાપ', 'આટલા દિવસ વર્ષમાં તડકો ને આટલા દિવસ વરસાદ'—ત્યાંથી માંડી મોઝલની તરેહવાર ખૂબીઓ સ્વાદની શિરેહ, ખટાશ-ગળાશનું પ્રમાણ, પાચનરસ ઉપરની અસરો, એને માટેના ખાસ ગ્લાસ, એમ એક શાસ્ત્રીય વિવરણ આપતાં, પોતે જ એક ડચકારો બોલાવતા બાટલીના બૂચને દૂર કરી પ્રસાદ તરીકે મફતમાં એક આખી બાટલી સૌકોઈને નાના નાના ગ્લાસમાં વહેંચી દીધી!

એ થકી અમે બહુ શીખ્યા. અને અમારા પારી(સ)ના વિવેચક મૉ. લિયોરમૅાડે નોંસીમાં મોઝલ સિવાય બીજા કોઈ પણ પ્રકારના વાઇનનું ભૂલેચૂકે પણ નામ ન દેવું એવો ઠરાવ પસાર કરાવી દીધો! ભારતમાં મધ્ય એશિયામાંથી કેકેયીએ પોતાની સાથે આણેલાં, કે બાબરે આણેલા તાસ્કંદી કે શિરાઝી પીણાં કે સ્પૅનિયાર્ડો-પોર્ચુગીઝોએ આણેલા પોર્ટ કે શેરેઝ-શેરી સાથે મોઝલને સરખાવવા બેસીશું તો પણે નાટકનો પરદો ઉંચકાઈ જશે! એટલે આપણે હવે સીધા થીએટર તરફ જ પગલાં માંડીએ.

સૌ નોંસી યુનિવર્સિટીનાં મહેમાન હતાં. એટલે પ્રથમ દિવસે એ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ 'કાળાં ચશ્માં સાથેનો એક માણસ' નામનું, નૃત્ય-મૂક અભિનય, ઍબ્સ્ટ્રૅક્ટ કલા અને સાથે ક્યાંક સંગીત-સંવાદવાળું એક નાટક રજૂ કર્યું. અરધું પૂરું થતાં સમજણ પડવા લાગી, અને પછી તો પૂરી પકડ આવી ગઈ. ઘણું સારું કરી દેખાડ્યું. પરદા પાડ-ઉપાડ કરવાની ઢબ નવી જ જાતની હતી. અરધા ભાગનો ઊપડે; પા ભાગનો પડે, અને નાટકની ક્રિયામાં કશી ખલેલ ડખલ ન થાય.

આશરે પંદરેક જણની જ્યૂરી હતી. એમાંનો એક હું. બીજા બેત્રણ ફ્રેન્ચ, એક પોર્ચુગીઝ નાટકકાર, બે બેલ્જિયમના, એક અમેરિકન, બે ફ્રાન્સની મશહૂર નિવૃત્ત નટીઓ, એક નટ, બે વિવેચક, બધા જ જુદી જુદી ભાષા જાણનારા. અમારા દરેકના હાથમાં માર્ક મૂકવાનાં કાગળિયાં. નાટકશાળામાંની દશમી આખી લાઈન અમારી. અમારા પ્રમુખ—એટલે કે જ્યૂરીના પ્રમુખ ફ્રાન્સના પ્રખ્યાત લેખક મૉ. જુલે રોમાન્સ અને બીજા સભ્ય હતા આન્દ્રે મૉર્વા. નાટક પૂરું થતાં અમારી જ્યૂરીના વયોવૃદ્ધ પ્રમુખ મહાશયે કહ્યુ કે કાલે સવારે હોટેલ દ વીલમાં અગિયાર વાગ્યે મળવાનું રાખ્યું છે.

જ્યૂરી એટલે નાટકો ક્યાં સારાં એ ઠરાવનારા નિર્ણાયકો. બરાબર અગિયાર વાગ્યે વયોવૃદ્ધ છતાં સોહામણા લાગે એવા, સ્વચ્છ અત્રાજના, માથે સફેદ પૂણી જેવા આછાઆછા વાળવાળા મૉ. રોમાન્સ વિશાળ આરસની પગથારનો બાદશાહી દાદર ચડીને આવ્યા, અને બેઠા એટલે તરત કહેવા લાગ્યા: 'આપણું કામ એક જ છે: કઈ ટોળી કયું નાટક કરે છે, એ જોવા કરતાં કયું નાટક કઈ રીતે કરે છે, એ જોવાનું. પહેલી વાત: નાટક કોઈ અણજાણ્યું, ન કરી શકાય એવું અઘરું-અટપટું-જૂનું હોય તો તે પર સવિશેષ ધ્યાન આપવાનું; અને બીજી વાત: નવું કે જાણીતું કે ઉપર કહ્યા મુજબનું નાટક કોઈ મૌલિક રીતે, સર્જનાત્મક કલાથી નવલા દૃષ્ટિબિન્દુથી રજૂ થયું હોય તે ઉપર ધ્યાન આપવાનું. કેમ, રેક્ટર સાહેબ! મેયર સાહેબ! મેં જે વાત કહી તે બરાબર છે?' આમ એમણે ચોખવટ કરી. ત્રણ હજાર ડૉલરનું પહેલું ઇનામ આપનારા ત્યાંની યુનિવર્સિટીના રેક્ટર અને ગામના મેયર એમની પણ હાજરી હતી. પણ ત્યાર બાદ ચકાસણીમાં બેમાંથી એક પણ હાજર રહ્યા નહોતા. છેવટે જ્યારે ઇનામો નક્કી થઈ ગયાં તે પછી જ આ મંડળીમાં એઓ પધાર્યા હતા. તેમ અમારામાંથી કોઈને, કોઈ દિવસ, અમસ્થા ભોજનના સમારંભોમાં કે ચાપાણીના મેળાવડાઓમાં કદી પૂછ્યું સરખું નથી કે ઇનામ કોને આપવાના છો કે કયું નાટક સારું લાગ્યું? એ તો ઠીક, પણ અમારા પ્રમુખ સાહેબે આ ચોખવટ કરી, ત્યાર બાદ અમારામાંથી એકાદ જણે ઔપચારિક વિધિથી રેક્ટર સાહેબને ગઇ રાતે નોંસી યુનિવર્સિટી તરફથી નવીન રીતે રજૂ થએલા નાટક વિષે અભિનંદન આપ્યાં અને એમાં ઘણા જણાએ પોતાના સૂર પુરાવ્યા, ત્યાં રેક્ટર અને મેયર સાહેબે વિનયપૂર્વક કહ્યુ કે 'આભાર! પણ અમે એક વાતની ચોખવટ કરવાનું ભૂલી ગયા. આ બધા નાટક કરવા આવેલા નોંસીના મહેમાન છે, એટલે નોંસી યુનિવર્સિટીએ રજૂ કરેલું નાટક, તે તો સ્વાગતવિધિનાં સૂચન રૂપે જ હતું; અમે હરીફાઈમાં ઉમેદવાર નથી!

સાચે જ, જો ચકાસણીમાં એને ગણવાનું હોત તો પહેલાં ત્રણમાં એ જરૂર આવત. પણ આ રિવાજ એમણે પહેલા વર્ષથી જ અમલમાં મૂક્યો. એ ત્યાંની ગણતરીએ તો સ્વાભાવિક ખેલદિલી જ ગણાય, આપણે ત્યાં હજી એ મતલબનો રિવાજ, એ પ્રકારની નીતિ, એ ઢબની વિચારશ્રેણી ક્યારે અમલમાં મૂકીશું?—ઊલટું 'અમે ઈનામ આપીએ છીએ તો પહેલું અમે જ શા માટે ન લઇએ?' એવી વિચારશ્રેણી ક્યાંકક્યાંક જોઈ છે. પણ આપણે આ સરખામણીમાં ક્યાં લપસ્યા? મારો જ વાંક. આપણી એબ ખોલવા બેસીશું તો આપણે નાપાકમાં ગણાઈશું.

રોજનાં બે યા ત્રણ, ને રવિવારે બપોરે એક વધારે, એમ નાટકની પરંપરા ચાલી. ઑસ્ટ્રિયની એક યુનિવર્સિટીની ટોળીએ જૉન નૅસ્ટ્રૉયનું, એરલાંગનના જૂથે ડ્રુરનમાટનું, તુર્કી કિશોર-કિશોરીઓએ ઍલન સ્મિથનું, આફ્રિકામાંથી કૅમેરૉનની ટોળીએ લોકનૃત્યો, ઇંગ્લંડ-બિર્રીમગામમાંથી 'જાઝ અને કાવ્ય,' પોર્ટુગાલની લિસ્બંા યુનિવર્સિટીવાળાએ સોઆલનું, સ્પેઈન-માડ્રિડવાળાઓએ સર્વાન્ટિસનું, એમ લગભગ પચ્ચીસેક નાટકો ભજવ્યાં. ઈટલીથી પારમાની ટુકડી અને જર્મનીથી એરલાંગનની ટુકડી પણ હરીફાઈમાં હતી. જોવા જેવાં, મન પર અસર કરી ગયાં તે ફ્રાન્સ-પારી(સે)એ ભજવેલું સોફોક્લીસનું 'ઍજૅક્સ', જેરૂસલેમ-ઈઝરાઇલે રજૂ કરેલું 'લગ્નની મુસીબત'. હૅમ્બુર્ગની ટોળીનું બ્રેસ્ટનું; પોલૅન્ડના માઇમપ્રયોગો.... અને આમ જોઈએ તો બેલ્જિયમનું આ સારું અને તેમ જોઈએ તો હોલૅન્ડ, નૉર્વેનું પેલું સારું. પણ મેં એકલાએ જોએલી કૃતિઓનાં વર્ણનમાં બીજાને શો રસ પડે વારુ! એટલે આપણે ત્રણચાર ઉત્તમ ઇનામ જીતી જનારી કૃતિઓનો જ ઉલ્લેખ કરીશું. (ચાલુ)

આપણા શરીરમાં ખોરાકનું પાચન અને શોષણ

આહાર અને આરોગ્ય લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
૬૭

ખોરાક ચાવવાની જેટલી અગત્ય અને મહત્તા છે એટલી જ અગત્ય ખાતી વખતે મનને પ્રસન્ન રાખવાની છે. લાળગ્રંથિઓની પેઠે હોજરીની ગ્રંથિઓ પણ આપણને ખાવાની ઇચ્છા થતાં તથા ખોરાકનાં દશ્ય કે સુગંધથી તરત જ સ્રવવા માંડે છે. આટલી જ પ્રબળ અસર મનના આનંદ ને પ્રસન્નતાની છે. સાચી ભૂખ સાથે ખરા આનંદથી ખાવાથી પુષ્કળ જઠરરસ સ્રવે. આથી ઊલટું, ક્રોધ ભય શોક વ્યાકુળતા ડર વગેરે મનની ક્ષુબ્ધ વૃત્તિઓથી, કે થાક ને અતિશ્રમથી હોજરીની ગ્રંથિઓ સંકોચાવાને લીધે જઠરરસ બરાબર છૂટતો નથી.

હોજરીમાંથી ખાંડ ને ક્ષારો ઉપરાંત બીજો કોઈ પદાર્થ ઝડપથી શોષાતો હોય તો તે દારૂ છે. આ કારણે દારૂની ઝડપી અસરો શરીરમાં થાય છે.

હોજરીમાંથી ખોરાક નાનાં આંતરડાંમાં આવે છે. નાનાં આંતરડાં મોટાં આંતરડાં કરતાં સાંકડાં પણ લાંબાં છે, જ્યારે મોટાં આંતરડાં ટૂંકાં છે. નાનાં આંતરડાં એક ઇંચ પહોળાં છે તો મોટાં અઢી ઇંચ. નાનાં વીસ ફૂટ લાંબાં છે, જ્યારે મોટાં માત્ર પાંચ ફૂટ. જીવંત દેહમાં આંતરડાં સુદૃઢ રહે છે. મૃત્યુ બાદ તે સુદૃઢતા નાશ પામવાથી ઢીલાં બનેલાં આંતરડાંની લંબાઈ આશરે ચાલીસ ફૂટની થવા જાય છે!

નાનાં આંતરડાંની શરૂઆતના બાર આંગળાં જેટલા લાંબા ભાગનું નામ ગ્રહણી (ડ્યુઓડેનમ) છે. પછીના ચૌદ ફૂટનો ૨/૫ ભાગ મધ્યાન્ત્ર (જેજુનમ) અને ૩/૫ ભાગ શેષાન્ત્ર (ઇલિયમ) કહેવાય છે.

ખોરાકના પાચનમાં મહત્ત્વનો અને મુખ્ય ભાગ ગ્રહણી ભજવે છે. હોજરી તો માત્ર યાંત્રિક રીતે પાચનક્રિયામાં મદદ કરનારું એક અંગ જ છે. તે ખોરાકને વલોવીને માત્ર એકરસ અને પાચન યોગ્ય બનાવે છે. પણ ખોરાકનું પૂર્ણ પાચન તો ગ્રહણીમાં જ થાય છે. ગ્રહણીમાંનું એ પાચન પછી નાનાં આંતરડાંમાં આગળ ધપે છે.

આ પાચન થતું એટલે શું? એમાં બે ભાગ છે: ૧) ખૂબ ચવાએલા ખોરાક ઉપર થતી હોજરીની વલોણા-ક્રિયા; અને ૨) એ ક્રિયાથી છૂટાં પડતાં ખોરાકનાં તત્ત્વો ઉપર જઠર, પિત્તાશય, સ્વાદુપિંડ ને આંતરડાંમાંથી ઝરતા રસોની થતી રાસાયનિક ક્રિયાઓ. આ જઠરરસ, પિત્ત, સ્વાદુપિંડ રસ ને આંત્રરસ ખોરાકના પદાર્થોને ઓગાળી નાખી તેનું એક એવું હળવું રૂપ તૈયાર કરે છે કે જે તરત નાનાં આંતરડાંમાં શોષાઇને લોહીમાં દાખલ થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ખોરાકમાંનાં પ્રોટીન, સ્ટાર્ચ અને ચરબી વગેરે ઘટકો આ પાચનક્રિયા વડે વલોવાઇને, છણાઇને તથા રસાયનો ભળીને પ્રવાહી ઍસિડો ખાંડ અને ગ્લિસરીનના રૂપમાં ફેરવાઈ જાય છે, અને આવું થાય ત્યારે જ તે આંતરડાંમાં શોષાવા લાયક તથા લોહીમાં જવા લાયક બને છે.

ગ્રહણીમાં બે અવયવોના રસો ઝરે છે: યકૃત (લીવર)ના અને અગ્ન્યાશય (પૅંક્રિયાસ)ના. આ બે અવયવોના રસો વહેતી નલિકાઓનાં મોં ગ્રહણીમાં ખૂલે છે.

અગ્ન્યાશય કે સ્વાદુપિંડ હોજરીની પાછળ ને કલેજાની નીચે આવેલું છે. એમાંથી સ્રવતા પાચકરસમાં ત્રણ આથવણો છે: એમાયલૉપ્સીન, ટ્રિપસીન અને લાયપેઝ. એમાયલૉપ્સીનનું કામ ટાયલિનના જેવું જ સ્ટાર્ચનું પાચન કરવાનું છે. ટાયલિનથી સ્ટાર્ચનું જો પૂરેપૂરું પાચન ન થયું હોય તો તે એમાયલૉપ્સીન પૂરું કરે છે, એટલે કે સ્ટાર્ચનું માલ્ટોઝ (ધાનશર્કરા)માં રૂપાંતર થાય છે.

ટ્રિપસીનની પ્રોટીન ઉપર ક્રિયા થાય છે. હોજરીમાં પડયા વગર રહેલાં ને જે પચીને પેપ્ટોન બન્યાં હોય તેની ઉપર તેની ક્રિયા થાય છે અને તેનું અંતિમ રૂપમાં એટલે કે એમાઇનો ઍસિડોમાં રૂપાંતર થાય છે.

ચરબીને સ્ટીએપ્સીન પચાવે છે. આ ક્રિયામાં તેને પિત્તની ઘણી સહાય મળે છે. પિત્ત યકૃતમાંથી બને છે. પિત્તના ક્ષારો ચરબી ને તેલી પદાર્થોનું એક સુમિશ્રિત પ્રવાહી (ઈમલ્શન) બનાવે છે. તેમાં લાયપેઝ આથવણ મળીને રાસાયનિક ક્રિયા થવાથી તેની સાબવણી (સેપોનિફિકેશન) થાય છે. સાબવણી એટલે ચરબીતેલોના અણુઓ તૂટીને નવા પદાર્થો બને તે. આ પદાર્થો તે ચરબી-ઍસિડો ને ગ્લીસેરોલ.

આ ઉપરાંત સ્વાદુપિંડમાંથી એક ઉપયોગી સ્રાવ થાય છે. તેનું નામ ઈન્સ્યુલિન. તેનું કામ લોહીમાં રહેલી ખાંડને ક્રિયાશક્તિના રૂપમાં પલટાતી વેળા બાળવામાં મદદ કરવાનું છે. શરીરમાં જ્યારે આ ઈન્સ્યુલિનનું પ્રમાણ ખૂટે છે ત્યારે મધુમેહનો રોગ થાય છે.


તદ્‌પરાંત આંતરડાંના સ્રાવોમાં એન્ટેરોકાઇનેઝ, ઇરેપ્સીન, ન્યુક્લીએસીસ, લેક્ટેઝ માલ્ટેઝ અને ઈન્વરટેઝ નામનાં આથવણો છે. ટ્રિપસીનનું અધૂરું રહેલું કામ ઇરેપ્સીન પૂરું કરે છે, જેથી પ્રોટીનો એમાઇનો ઍસિડો બને છે, લેક્ટેઝથી દુગ્ધશર્કરા (લેક્ટોઝ) અને ધાનશર્કરા (માલ્ટોઝ) ગ્લુકોઝમાં ફેરવાય છે, જ્યારે ખાંડનું દ્રાક્ષશર્કરા (ગ્લુકોઝ) ને ફળશર્કરા (ફ્રુક્ટોઝ)માં રૂપાંતર કરનાર ઈન્વરટેઝ છે.

આમ નાના આંતરડામાં પચ્યા વિનાના ખોરાકના બધા ઘટકોનું પાચન થઈ તે શરીરમાં શોષાવા લાયક બની પોષણ આપે છે. ખોરાકના બધા ઘટકોના પાચનનો પરિપાક અને પાણીનો ૯૫થી ૯૭ ટકા ભાગ મધ્યાન્ત્ર ને શેષાન્ત્રમાં શોષાય છે. નાનાં આંતરડાંના આ ભાગનું મુખ્ય કામ ખોરાકના પરિપાકના શોષણનું છે. આ કામ સંપૂર્ણતાથી અને ઝડપથી થાય છે. પણ ખોરાકમાં વિશેષ પ્રમાણમાં કાષ્ઠક હોય તો તેનાથી નાનાં આંતરડાંમાં આવેલો અન્નનો પરિપાક મોટાં આંતરડાં ભણી ધસડાઈ જવાથી આહારના વિવિધ ઘટકોના શોષણમાં અંતરાય આવે છે. આ કારણે મુખ્યત્વે શાકાહારમાંથી ઓછા પ્રમાણમાં અન્નનું શરીરમાં શોષણ થતું હોવાનું હચિન્સનનું કથન છે.

ફળો ને શાકભાજીમાં કાષ્ઠક દ્રવ્યો આવેલાં છે. આ દ્રવ્યો શરીરમાં પચનીય કે શોષણીય નથી. તેમનાથી આંતરડાંમાં ભારની સ્થિતિ થવાના કારણે અન્નમાર્ગમાંથી અન્ન ઝડપથી ગતિ કરે છે. આ કારણે ભોજન સાથે વધારેપડતાં શાક ખાવાથી શરીરમાં પોષણદ્રવ્યો બરાબર શોષાતાં નથી ને શોષાયા વિનાનાં કાર્બોહાઇડ્રેટ ચરબી ને પ્રોટીનો મોટાં આંતરડાંમાં જાય છે. આમ હોવાથી ઘણાં શાકવાળું ભોજન ત્યજવાનું વાગ્ભટ્ટનું કથન છે. (સૂત્રસ્થાન ૮: ૩૯)

નાનાં આંતરડામાં અન્નનો પરિપાક પ્રવાહી રહે છે. આનું બીજું નામ આમરસ છે. આમાંથી પાણી ને દ્રાવણમાં રહેલા પદાર્થો આંતરડાંના શોષણ અંકુરો (અં. વિલાઇ)માં શોષાય છે. આમાં લોહીની કેશવાહિનીઓ ને લસીકાવાહિનીઓ આવેલી છે. આ બન્ને દ્વારા રસરૂપ બનેલા ખોરાકનું શરીરમાં શોષણ થાય છે.

આહાર નાના આંતરડામાં ત્રણથી ચાર કલાક રહે છે. આ દરમિયાન તેના મોટા ભાગનું પાચન ને શોષણ થાય છે. આમરસ નાનાં આંતરડાંના છેડાના ભાગમાં આવતાં પ્રવાહી પીળા રંગનો ને મળ



કોઈ પોલા નળના ટુકડા સોંસરી નજર કરતાં દેખાતો હોય તે રીત-નો, નાના આંતરડાના એક ટુકડાનો મોટો કરી બતાવેલો અંદરનો કરચલીઓવાળો ભાગ, ઉપર મથાળામાં મોટા ચિત્રમાં બતાવ્યો છે. એ કરચલીઓ (જેને શ્લેષ્મકલા કહે છે તેને) ઉપર મખમલની રૂંવાટી જેવા ઝીણાઝીણા અંકુરો ફૂટેલા હોય છે. નીચેના ચિત્રમાં, એવા અંકુરો સાથેના શ્લેષ્મકલાના એક ટુકડાને અતિશય મોટો કરીને બતાવ્યો છે, જેની નીચે લસી અને લોહીને ખેંચી જનારી દુધવાહિનીઓ અને રક્તવાહિનીઓ બતાવી છે.

જેવી દુર્ગંધવાળો હોય છે તેની આ ગંધ તેમાંના ઈન્ડોલ સ્કેટોલ ને બીજા પદાર્થોના લીધે છે.

મોટા આંતરડામાં ખોરાકની ગતિ ધીમી હોય છે. ફળ, શાક-પાનથી તે ઝડપી બને છે ખરી. નાનાં આંતરડાંમાં આમરસમાં લગભગ ૯૦ ટકા પાણી હોય છે, જ્યારે મોટા આંતરડામાં તે અર્ધપ્રવાહી સ્થિતિમાં હોય છે. અહીં પ્રવાસ દરમિયાન મોટા ભાગનું પાણી ખેંચાઈ જઈ મળમાં તેનું પ્રમાણ માત્ર પચાસ ટકા રહે છે. મળનો બાકીનો ભાગ અપચેલા ખોરાક ને સેલ્યુલોઝનો હોય છે. પણ જો મોટા આંતરડામાં તેની ગતિ ઝડપી હોય તો મળ ઢીલો કે પ્રવાહી રહે છે, જો ધીમી હોય તો કઠણ. નાનાં આંતરડાંમાં અપૂર્ણ પાચનને લીધે મળ ઢીલો ને દુર્ગંધયુક્ત હોવા સાથે પેટનો દુખાવો પણ અનુભવાય છે. ખાધા બાદ દસ કલાકે આહારનો અવશેષ શરીરના ડાબા પડખે આવેલા ઊતરતા નળમાં આવે છે, અગર તો તે આડા ને ઊભા નળમાં એકત્ર થઈ ઊતરતા નળમાં ચોવીસ કલાક બાદ આવે છે ને મળત્યાગ દ્વારથી શરીર બહાર નીકળી જાય છે. માણસે માણસે આ સમય જુદા રહે છે.

વધારે પ્રમાણમાં ખાધેલા, પચે નહિ એવા, ચાવ્યા વિના ઝડપથી ગળેલા ખોરાક અને દવાઓની અસરથી કે ખોરાકનાં કાષ્ઠકોને લીધે નાનાં આંતરડાંમાંથી ઝડપી પસાર થઈ મોટાં આંતરડાંમાં આવી પડેલા ખોરાક ઉપર આંતરડાંમાં વસતા જીવાણુઓની ક્રિયા થાય છે. કાર્બોહાઇડ્રેટ પદાર્થોમાંથી હાઇડ્રોજન, લેક્ટિક ને બ્યુટારિક ઍસિડો ને માર્શગૅસ પેદા થાય છે. ચરબીનાં સ્નેહામ્લો ને ગ્લીસેરોલ તથા પ્રોટીનોમાંથી ફેનોલ, ઇન્ડોલ, હિસ્ટમાઈન વગેરે પેદા થાય છે. આ બધાથી પેટના નળ ફૂલવાથી મોંમાં ખરાબ વાસ ને સ્વાદ, માથાનો દુખાવો, નર્વસનેસ ને લોહીના ઊંચા દબાણનાં લક્ષણો ઉત્પન્ન થાય છે.

મોટા આંતરડામાંથી ગ્લુકોઝ ને પાણી શોષાય છે. વળી અહીં સેલ્યુલોઝ ઉપર પણ ક્રિયા થાય છે. આ કામ સૂક્ષ્મ જીવાણુઓ ઉપાડે છે. મોટા આંતરડામાં તેમની જુદીજુદી જાતો લાખોની સંખ્યામાં છે. તે સેલ્યુલોઝના પરમાણુને તોડે છે. આ સડાની ક્રિયા છે. પરિણામે શાક ને ફળોનાં છોડાં છોતરાંમાં રહેલાં પોષક તત્ત્વો છૂટાં પડી આંતરડાંમાં શોષાય છે. સડાની ક્રિયા ઉપરાંત જીવાણુઓના વૃદ્ધિ ને વિસ્તાર માટે તેમના કાર્યથી થિયામિન, રિબોફ્લેવિન, નિકોટિનીક ઍસિડ વગેરે વિટામિન 'બી જૂથ' અને વિ૦ 'કે' પેદા થાય છે, જે શરીરમાં પણ શોષાય છે. ઍન્ટીબાયોટિક ઔષધોના સેવનથી જીવાણુઓનો નાશ થવાથી કે તેમની કામગીરી અટકવાથી વિ૦ 'બી' જૂથનું ઉત્પન્ન અટકી પડે છે. આ કારણે એ ઔષધોના સેવનની સાથોસાથ વિ૦ 'બી' જૂથની કૅપ્સ્યુલ આપવામાં આવે છે.

અન્નના પાચન ને શોષણની ક્રિયા એ રાસાયનિક ક્રિયાઓની પરંપરા છે, જે માનવસર્જિત પ્રયોગશાળામાં થતી ક્રિયાઓ કરતાં ઘણી ચોક્કસ અને અટપટી છે. (ચાલુ)

અનુસંધાન] **દક્ષિણકરનું દાન** [પૃ. ૫૪૯થી

એ દિવસે શનિવાર હતો. સાડા સાત વાગ્યે નિયોગીને ત્યાં હું અકારણ પહોંચી ગયો હતો. અકારણ કહું છું, પણ ત્યાં જવાનું હમેશાં અકારણ જ રહેતું. મારે કશુંક જાણવું હતું, સમજવું હતું.

આ ઉંમરે પણ સ્વસ્થ સુદૃઢ શરીર! આછી સફેદ બાબરીની રોનક! મુખ ઉપરની થોડી કરચલીઓ ઊલટાની એમના વ્યક્તિત્વને ઓપ આપતી, અદબ જાળવીને બેસી રહેતી. કોઇક અવિરત સાધનાનું તેજ ત્યાં પથરાયું હતું. આડીઅવળી વાતો દરમ્યાન વારંવાર મારી નજર, ભીંત ઉપર લટકાવેલા ટેનીસ રૅકેટ અને ખૂણા ઉપરના કાવ્યપુસ્તકોના કબાટમાં—રિલ્કેથી મોરેઈસ અને રવીન્દ્રનાથથી માંડીને બંગાળના હંગ્રી પોએટ્સસુધીના કવિઓના કાવ્યસંગ્રહોની વચમાં, પેલા છાપામાં પ્રગટ થએલા કુરંગીના ફોટાનો મોટો એન્લાર્જમેન્ટ મઢાવીને ગોઠવ્યો હતો ત્યાં પહોંચી જતી હતી. તે દિવસની મારી વાતચીતની ભંગિ ઉપરથી એમને જાણે ગંધ આવી ને એ અધૂરી વાતે ઊભા થયા:

'ચાલો ત્યારે મિસ્ટર દેસાઈ, શનિવાર છે; તમારે વળી ઑફિસનું મોડું થશે. આજે તો ટેનીસના ત્રણ સેટ રૂડ્યા એટલે જરા થાકી ગયો. હવે આગળની જેમ ત્રણત્રણ કલાક રમાતું નથી. તરત નાહવા-ધોવાનું નહિ પતાવું તો દીકરી મારી ગુસ્સો કરશે...'

પછી બારણાં સુધી મને વળાવીને એકદમ પાછા ફરીને પૂછ્યું: 'તમારે એક દીકરો જ છે, નહિ કિશોરબાબુ? પણ દીકરીની વાત જુદી છે હોં. મા, બેન, પત્ની કે પ્રિયતમા કરતાં પણ સ્ત્રીનું પુત્રી સ્વરૂપ!! આ હા. એની તોલે કંઈ ન આવે...' અને પછી પાછાં ફરતાં પેલા એન્લાર્જમેન્ટ સામે જોઈ ને કૃતકૃત્યતાપૂર્વક, પોતાની જાતને જ કહેતા હોય તેમ એમનાથી બોલી જવાયું: 'અને એમાં યે બેટા કુરંગી, તું તો એના દક્ષિણકરનું દાન બનીને આવી...'

ઘેર પહોંચતાં સુધી મને આંખો લૂછવાનું યાદ જ ન આવ્યું, એ શનિવારની સવારે.

અમેરિકા અને આપણે



લેખક
ડૉ. પ્રહ્લાદભાઈ ચૂ. વૈદ્ય

શ્રી પ્રહ્લાદભાઈ ચૂ. વૈદ્ય 'ડૉ. વૈદ્ય' તરીકે આખા ગુજરાતમાં જાણીતા છે, કારણ કે ગણિતનો વિષય લઇને ગુજરાત યુનિવર્સિટીમાં સૌથી પ્રથમ પીએચ.ડી.(ડૉક્ટરેટ)ની પદવી મેળવનાર તેઓ છે. પ્રાધ્યાપક, ગણિતખાતાના વડા ને પ્રિન્સિપલ તરીકે વિવિધ કૉલેજોમાં અનુભવ લીધા પછી હાલ તેઓ યુનિવર્સિટીના વિજ્ઞાનભવનમાં ગણિત-વિભાગના અધ્યક્ષ છે. તેમનું અભ્યાસનું ખાસ ક્ષેત્ર આઈન્સ્ટાઈનનો 'સાપેક્ષવાદ' છે. એ વિષે એમણે અનેક સંશોધનલેખો લખ્યા છે અને દેશપરદેશની અનેક સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપ્યાં છે. પ્રખર ગણિતજ્ઞ હોવા ઉપરાંત તેઓ ઉત્તમ શિક્ષક, વક્તા અને લેખક પણ છે. તેમનું 'યંત્રવિદ્યાનું સરળ પાઠ્યપુસ્તક' વરસો સુધી કૉલેજના એ વિષય માટે સૌથી લોકપ્રિય હતું. નવાઇની—અને અભિનંદનની—વાત એ છે કે જ્યારે નવો અભ્યાસક્રમ ઘડવાનું એમને માથે આવ્યું ત્યારે એમાં એ વિષય બંધબેસતો ન લાગવાથી એમણે હાથે કરીને તે કઢાવી નાખ્યો—પોતાના જ પાઠ્યપુસ્તકનો ભોગ આપીને! એવું ઉત્તમ પુસ્તક લખવાની કલા, ને જરૂર પડ્યે તેને સ્વેચ્છાથી જતું કરવાની પ્રામાણિકતાનો યોગ ડૉ. વૈદ્યના વ્યક્તિત્વનું આગવું લક્ષણ છે. તેમની એ વિશિષ્ટ શક્તિઓની કદર કરીને ગયે વર્ષે વૉશિંગ્ટન સ્ટેઇટ યુનિવર્સિટી તરફથી તેમને ત્યાં 'મુલાકાતી અધ્યાપક' તરીકે એક વર્ષ સુધી કામ કરવા આમંત્રણ મળ્યું હતું, જે તેમણે સ્વીકાર્યું. અમેરિકામાં દસ મહિના સુધી તેઓ રહ્યા ત્યારે પોતાનાં બાળકો ઉપર તેમણે નિયમિત આ પત્રો લખેલા. એમાં અમેરિકાની નવી માહિતી ઉપરાંત ત્યાંના સમાજ આદિનાં અવલોકનો રસમય રીતે એમણે આપ્યાં છે.

---

૩૦ નવે. ૧૯૬૪

૬

વહાલાં બાળકો,

અહીં વિદ્યાર્થી નિયમિત વાંચે છે અને ક્લાસમાં વધુ ધ્યાન આપે છે તેનું મુખ્ય કારણ એ છે કે દરેક ક્લાસનો શિક્ષક એ જ તે ક્લાસનો પરીક્ષક છે. અને તેથી તે વિદ્યાર્થીની સતત પરીક્ષા કરતો જ રહે છે. આ કેમ બને?

પહેલું તો, અહીં સત્ર પ્રમાણે અભ્યાસક્રમ ઘડેલા હોય છે. આપણે ત્યાં આખા વર્ષનો કોર્સ ઘડેલો હોય છે, વર્ષ દરમિયાન તે કોર્સ શીખવાય છે અને વર્ષને અંતે તેની પરીક્ષા લેવાય છે. તેને બદલે અહીં સત્ર પ્રમાણે કોર્સ હોય છે. સત્ર દરમિયાન તે શીખવાય ને સત્રાંતે પરીક્ષા લેવાય. આમ આપણે ત્યાં જ્યારે દર વર્ષે અથવા (એમ.એ.માં) દર બે વર્ષે પરીક્ષા થાય ત્યારે અહીં દર ૬ મહિને પરીક્ષા થાય.

તમને થશે કે સત્રને અંતે લેવાતી આ પરીક્ષામાં કોઈ નાપાસ થાય તો? ધારો કે એક વિદ્યાર્થી પહેલા સત્રમાં ચાર વિષયો ભણે છે. સત્રને અંતે ત્રણ વિષયમાં તે પાસ થયો, પણ ચોથામાં તે નાપાસ થયો. તો બીજા સત્રમાં તે તેના કાર્યક્રમ પ્રમાણે પેલા ત્રણ વિષયમાં તો આગળ વધશે પણ ચોથા વિષયમાં તેને ફરી બેસવું પડશે. આ તો આપણા એ.ટી.કે.ટી. જેવું થયું! પણ ના, થોડો ફેર છે. અહીં પાસ થવું એટલે એકલી પરીક્ષામાં જ પાસ થવું તેમ નથી. લેસન, ટેસ્ટ તથા સત્રાન્ત પરીક્ષા, બધાંમાં મળીને પાસ થવું પડે છે. તેથી તેનો ચોથો વિષય જે સત્રમાં શીખવાય તે સત્રમાં તેણે ફરી ક્લાસ ભરવા પડે, નિયમિત લેસન આપવું પડે અને તેની પરીક્ષા આપવી પડે!

વળી, દર દોઢ માસે અહીં દરેક શિક્ષક કસોટી (ટેસ્ટ) લે. રોજેરોજ લેસન તો અપાતું જ હોય. આમ દરેક વર્ગનો શિક્ષક સત્રને અંતે, રોજેરોજનું લેસન, સમયસમય પર લેવાએલા ટેસ્ટ તથા સત્રાન્ત પરીક્ષા, આ બધાં ઉપરથી વિદ્યાર્થીની કક્ષા નક્કી કરે અને તેને A, B, C કે F ગ્રેઈડ આપે. F એટલે નાપાસ. પોતાના વર્ગના દરેક વિદ્યાર્થીના કાર્ડમાં તે વિદ્યાર્થીને પોતે આપેલો ગ્રેઈડ ભરીને સઘળાં કાર્ડ એક કવરમાં મૂકી રજિસ્ટ્રારની ઑફિસે એક પેટીમાં નાખી આવે એટલે પરીક્ષાની વિધિ પૂરી થાય.

અહીંની પરીક્ષાની એક બીજી નવીનતા: વર્ષને અંતે રજિસ્ટ્રારની ઑફિસ વિદ્યાર્થીઓનાં પરિણામ તૈયાર કરે. તેમાં જેના ૪ અને ૩ વચ્ચે માર્ક આવે તે પ્રથમ વર્ગમાં, ૩ અને ૨ વચ્ચે બીજો વર્ગ, ૨ ને ૧ વચ્ચે ત્રીજો વર્ગ અને ૧ તથા ૦ વચ્ચે માર્ક આવે તે નાપાસ.

અહીં આપણી જેમ કુલ માર્ક ગણાતા નથી, પણ ગ્રેઇડ-બિન્દુની સરેરાશ ગણાય છે. દરેક વિષયની પરીક્ષા તો તે વિષય શીખવનાર શિક્ષક લે છે, અને તે સત્રને અંતે દરેક વિદ્યાર્થીને A, B, C, F એ પ્રમાણે ગ્રેઇડ આપે છે. આ પ્રમાણે બન્ને સત્રો થઈને એક વિદ્યાર્થીને વર્ષ દરમિયાન તેણે ભણેલા દરેક વિષયમાં એક ગ્રેઇડ મળ્યો હોય.

પ્રથમ વર્ષના વિદ્યાર્થીનો દાખલો લઈએ. મિ૦ એસ્ટપ આવા એક વિદ્યાર્થી છે. તેણે ગણિત, ફીઝિક્સ, કૅમિસ્ટ્રી તથા અંગ્રેજી, આટલા વિષયો કોઈ એક સત્રમાં લીધા છે, અને આ વિષયોમાં તેને અનુક્રમે A, C, B તથા C ગ્રેઈડ મળ્યા છે. હવે A=૪, B=૩, C=૨ એમ ગ્રેઈડના પૉઈન્ટ ગણવામાં આવે છે. પછી વિષયમાં જે ગ્રેઇડ મળ્યો હોય તેને, તે વિષયના અઠવાડિયાના જેટલા પીરિયડ હોય તે આંકડાથી ગુણી કાઢે. ગણિતના અઠવાડિયાના ૫ પીરિયડ હોય, ફીઝિક્સ-કૅમિસ્ટ્રીના ચારચાર હોય, તથા અંગ્રેજીના ૩ પીરિયડ હોય, તો તે ગણિતના A ગ્રેઈડના ૪ પૉઈન્ટને તેના પીરિયડના આંકડા ૫ વડે ગુણીને ૨૦ મેળવે, ફીઝિક્સનો ગ્રેઈડ C તથા પીરિયડ ૪ તેથી ૨×૪=૮ મેળવે, કૅમિસ્ટ્રીનો B ગ્રેઈડ અને ૪ પીરિયડ તેથી ૩×૪=૧૨ ને અંગ્રેજી માટે ૨×૩=૬ મેળવે. આમ તેના કુલ ગ્રેઇડ-પૉઇન્ટ ગણિત: ૪×૫=૨૦ : ફીઝિક્સ: ૨×૪=૮ : કૅમિસ્ટ્રી: ૩×૪=૧૨ અંગ્રેજી: ૨×૩ =૬ આમ કુલ (૨૦+૮+૧૨+૬=)૪૬ ગ્રેઈડ-પૉઇન્ટ તેને મળ્યા. અને અઠવાડિયાના કુલ તે ૫+૪+૪+૩=૧૬ પીરિયડ ભરતો હતો તેથી તેની ગ્રેઈડ-પૉઈન્ટ સરેરાશ ૪૬/૧૬=૨·૬૨ થઈ; એટલે તે બીજા વર્ગમાં પાસ થયો ગણાય.

આપણે ત્યાં સાયન્સ કે એન્જિનીઅરિંગ માટે એમ કહેવાય છે કે ઍડમિશન ૬૭ ટકાએ અટકી ગયું કે ૭૦ ટકાએ અટકી ગયું. આ વર્ષે અહીં વૉશિંગ્ટન સ્ટેઇટ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષમાં ઍડમિશન ૨·૩૪ સુધી જ થયું. શાળાની પરીક્ષામાં જેમની ૨·૩૪ કરતાં ઓછી સરેરાશ હતી તેમને ઍડમિશન મળ્યું નહિ;—ના, એમ નહિ; આથી

ઓછી સરેરાશવાળા વિદ્યાર્થીની કોઈ અરજી જ આવી નહોતી!—ઓછી સરેરાશવાળા વિદ્યાર્થીએ જાતે જ ઍડમિશન માટે અરજી કરી નહિ!

આપણી જેમ અહીં ઘણાખરા વિદ્યાર્થી નિશાળ પૂરી કરીને કૉલેજમાં જતા નથી. જેને સારા માર્ક મળ્યા હોય તે જ કૉલેજમાં જાય છે. તો પછી બીજા બધા ક્યાં જાય છે? એ તો અહીંની સમાજ–વ્યવસ્થા તથા અર્થતંત્રની વાત થઈ. હવે પછીના પત્રોમાં તે વિષે.

—લિ. કાકાના આશીષ

૭

૧૩ ડિસે. ૧૯૬૪

વહાલાં બાળકો,

અહીંના સમાજ વિષે હું લખવાનું શરૂ કરું તે પહેલાં એક શરત. પૃથ્વી પર વસનારાં માનવીમાત્ર મૂળભૂત રીતે સરખાં છે અને ઉપર-ઉપરથી દેશદેશ વચ્ચે ને સમાજ વચ્ચે જે ભેદ દેખાય છે તે મુખ્યત્વે જુદાજુદા ઇતિહાસ, જુદીજુદી ભૌગોલિક પરિસ્થિતિ અને જુદીજુદી આબોહવાને કારણે છે, એવી મૂળભૂત શ્રદ્ધા સાથે કોઈ પણ પ્રદેશ કે સમાજનો અભ્યાસ કરવો જોઇએ. હું અહીં એ વિષે શ્રદ્ધાથી લખું છું ને તમે પણ એ દષ્ટિ નજર સમક્ષ રાખીને આ સમજવાનો પ્રયત્ન કરજો.

ગઇ કાલે અમે નૉર્ધર્ન પૅસિફિક રેલવેની વિસ્ટા ડોમ લિમિટેડમાં (મેઈલ ટ્રેઈનનું નામ છે) લાગલાગટ ૩૬ કલાકની મુસાફરી કરી અને અમેરિકાની ઉત્તર સરહદે આવેલાં ચાર રાજ્યો, વૉશિંગ્ટન, મૉન્ટાના, નૉર્થ ડાકોટા અને મિનિસોટામાંથી પસાર થયા. મૉન્ટાના રાજ્ય ડુંગરોની ઉપર ખૂબ ઊંચાઇએ આવેલું છે. આ બધાં રાજ્યો (મિનિસોટા બાદ કરતાં) મુખ્યત્વે ખેતીપ્રધાન છે. મૉન્ટાનાના બિલિંગ શહેરથી એક મુસાફર અમારી સાથે થયા. અમે ભારતીય છીએ એમ એમને ખબર પડી એટલે એ મારી સાથે વાતે વળગ્યા. એમના નામ સાથે આપણને નિસ્બત નથી, પણ અહીં મિ. સ્મિથ એ બહુ સામાન્ય નામ છે તેથી આપણે તેમને મિ. સ્મિથ કહીશું. મિ. સ્મિથ મૉન્ટાનાના એક સાધારણ ખેડૂત છે. તેમની પાસે ૪૦૦ એકર જેટલી જમીન છે. એક એકર એટલે કેટલી જમીન થઈ તેનો તમને કાંઈ અંદાજ છે? તમારામાં એક એન્જિનીઅરિંગ ભણે છે તેને ખબર હશે. અમદાવાદની સોસાએટીનાં મકાનોનો પ્લૉટ સાધારણરીતે ૪૦૦ વારનો હોય છે. એવા ૧૨ પ્લૉટનો લગભગ એક એકર થાય. હવે અંદાજ આવશે કે ૪૦૦ એકર જમીન એટલે કેટલી જમીન! અને મિ. સ્મિથ સાધારણ ખેડૂત છે, મોટા ખેડૂત નથી! આ જમીન ઉપર એક સાથી (પગારદાર માણસ)ની મદદથી જાતે ખેતી કરે છે. આટલા મોટા વિસ્તારવાળી જમીન ઉપર ખેતી કરવા માટે બે જ માણસ? હા; બાકીનાં યંત્રો, માણસ તો બે જ. જમીન ઉપરાંત મિ. સ્મિથ ઢોર પણ ઉછેરે છે. તેઓ ગાય ઉછેરે છે, પણ દૂધ માટે નહિ. ગાયનું બધું દૂધ વાછરડાને ધાવવા દે અને ઉપરાંત વધે તે બાટલીથી તેને પાય, કારણ કે મિ. સ્મિથ વાછરડાંનો વેપાર કરે છે. દર વર્ષે લગભગ ૪૦૦ વાછરડાં વેચે છે. માંસાહારી પ્રદેશમાં વાછરડાંની માગ ઘણી રહે અને તેથી ખેતીના પૂરક ધંધા તરીકે મિ. સ્મિથ આ ઢોર-ઉછેરનો ધંધો કરે છે.

ખેતીમાં તે મુખ્યત્વે ઘઉં ઉગાડે છે. મેં જ્યારે એમને એમ કહ્યું કે ભારતના કોઈ ને કોઈ બંદરે રોજનું એક જહાજ અમેરિકી ઘઉંનું ઠલવાય છે ત્યારે તેમને ઘણું આશ્ચર્ય થયું.

તેમની પાસે બે મોટર ટ્રક, એક કટર તથા બે મોટરકાર છે. એમની ઇચ્છા તો આ વર્ષે એક વધુ મોટું ટ્રૅક્ટર ખરીદવાની હતી પરંતુ તેમના ઈન્કમટૅક્સ સલાહકારે તેમને સલાહ ન આપી એટલે તેમણે ખરીદી ન કરી. મિ. સ્મિથ ઝાઝું ભણ્યા નથી; ૬ ચોપડી ભણ્યા છે; એટલે તેઓ આવી બાબતમાં હમેશાં ઇન્કમટૅક્સ સલાહકારની સલાહ લે છે. આ સલાહકાર ફક્ત આવકવેરો કેમ બચાવવો તેની જ સલાહ આપે તેવું નથી, પણ નાણાંની કેમ વ્યવસ્થા કરવી, બચત કેમ રોકવી, ખેતીમાં યંત્રો કેટલા માપનાં અને કેટલા પ્રમાણમાં વાપરવાં જેથી સરવાળે નફો રહે, ખોટ ન જાય વગેરે સલાહ પણ આપે છે.

મિ. સ્મિથ ૫૮ વર્ષના છે. પોતે ઝાઝું ભણ્યા નથી એટલું જ નહિ તેમના કુટુમ્બમાં યે કોઇ મૅટ્રિક થયું નથી. તેમના ભાઇઓ તેમની પોતાની જમીનોમાં ખેતી કરે છે. તેમની બે દીકરીઓ પરણેલી છે; જમાઈઓ ખેડૂત છે; બધાં જ મિ. સ્મિથ જેટલું ભણેલાં છે. મિ. સ્મિથનાં માતાપિતા ૮૨ અને ૮૩ વર્ષનાં હજુ હયાત છે! તેમના રાજ્યમાં છેલ્લાં દશ વર્ષથી બધા ખેડૂતોને વીજળી મળે છે. મિ. સ્મિથને મહિનાના ૫૦ કિલોવૉટ વીજળી વાપરવાની છૂટ છે અને તે માટે મહિને ચાર ડૉલરનો ચાર્જ તેઓ ભરે છે. ખરેખર તો તેઓ ૨૫ કિલોવૉટ વીજળી જ વાપરે છે; તેથી વધુની તેમને જરૂર પડતી નથી.

આમ મિ. સ્મિથ ખેતીવાડીના વિજ્ઞાન કે અર્થશાસ્ત્ર વિષે કાંઈ ખાસ જાણતા નથી અને છતાં પણ ઘણા આબાદ ખેડૂત છે, તેનું, ભલા શું કારણ હશે? તે વળી આગળ ઉપર કોઈક વાર.—લિ. કાકાના આશીષ

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃષ્ઠ ૫૫૧થી

આવો સહજ મળતો લાભ કેમ જવા દઇ શકે? આ બાબત અમારી પુરુષો વચ્ચે ચર્ચાય ત્યારે જેભાઈથી કટાક્ષ થઈ જાય કે તેઓ હવે ગોરાણી થયાં છે. મને મનમાં લાગતું કે માળાના બીજા રહીશો અમને ભિક્ષુકો ધારી લેતા હોય તો ઘણું હીણું ગણાય, પરંતુ બીજાનાં કાર્યોમાં માથું મારવાની મારી ટેવ નહોતી. પણ તેમને જેભાઇની ટીકા આકરી લાગતી અને ચડભડ થઈ ઊઠતી. માસ્તરનો સહિષ્ણુ સ્વભાવ સમાધાન લાવી દેતો.

એક વાર એવું બની ગયું કે મકાનમાલિકે કંઈક ઊજવણી નિમિત્તે બ્રાહ્મણ-ભોજન કરાવ્યું તેમાં અમારા માટેનું નોતરું માસ્તર-પત્નીએ સ્વીકારી લીધું. સાંજે આવતાં જાણ્યું કે આજે ઘરમાં રસોઈ થઈ નથી અને સૌએ નીચે જમવાનું છે. કોઈ ઓળખાણ કે સંબંધને દાવે નહિ પણ બ્રાહ્મણ-દાવે. પરઘરનું ભોજન લેવાની વાત મને પણ ક્ષોભકારક લાગી, પણ માસ્તર અને તેમનાં પત્નીએ મને સ્વજન ગણી મારી માવજત રાખી હતી તે ધ્યાનમાં લઈ મેં વાંધો બતાવ્યો નહિ અને માસ્તરની ઠાવકી સમજાવટ પછી રાત્રે મોડો [illegible]સાથે જમી આવ્યો. પરંતુ જેભાઇ અમારી સાથે જોડાયા નહિ અને માસ્તર-પત્નીને દુઃખ થાય એવી ચર્ચાઓ કરી. માસ્તર-પત્નીએ સ્પષ્ટ સંભળાવી દીધું કે ‘મેં તો મારા ઘરમાં જે કંઈ એક દિવસનો બચાવ થાય તે માટે આમંત્રણ સ્વીકાર્યું હતું. તમારા વાદ મારાથી નહિ લેવાય. તમે તમારે ફાવે તે ગોઠવણ કરી લેજો.’ આ ઝગડામાં મારી સ્થિતિ કફોડી હતી. માસ્તર તરફ મને ઘણી સહાનુભૂતિ હતી; તે કેવી રીતે સંસારની વિચિત્રતા સહન કરી રહ્યા હતા તે હું સમજ્યો હતો; બીજી તરફ જેભાઈ સાથે હું વધુ નિકટતાથી બંધાયો હતો.

બીજે દિવસે જેભાઈએ પોતાનાં પત્નીને તેડાવી લેવા સાસરે પત્ર લખી નાખ્યો અને પોતે બિસ્તરો લઇ પીપળવાડીમાં હરિભાઇ હમણાં એકલા હતા ત્યાં જઈ રહ્યા. માસ્તરનો એક મિત્ર ખેતવાડીની નાની છ-સાત રૂમની ચાલીમાં રહેતો હતો, તેણે પોતાની બાજુની છ રૂપિયાના ભાડાની સિંગલ રૂમ તેમને અપાવી. તેમને સામાન ફેરવવામાં મેં સહાય કરી તેથી તેમને બહુ સારું લાગ્યું. મેં પણ મુકામ ફેરવી નાખ્યો ને પીપળવાડીની બાજુમાં જેભાઈ સાથે એક દક્ષિણી ખાણાવળમાં જમવાનું રાખ્યું. મારી પરીક્ષા થોડા જ દિવસોમાં પૂરી થઇ એટલે દિવાળી કરવા હું સુરત મોટા ભાઇ પાસે જઈ રહ્યો. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

ડિસેમ્બર ૧૯૪૦ અંક ૨૦૧

ભારતમાં જ્યારે અંગ્રેજી રાજ અને દેશી રજવાડાં હતાં ત્યારની રાજશાહી રમત 'પોલો'નો રંગદર્શી પરિચય કિશનસિંહ ચાવડાની કલમે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપ્યો હતો. પથ્થરનું હૈયું ને પોલાદી દેહ બનાવીને ખેલાતી પૂર્વદેશોની એ પુરાણી રમતમાં, ઝંઝાવેગે ધસતાં જીવતાં વિમાનો જેવા ઘોડા પર બેસી કાળજા વિનાના માનવી જે ગેડીદડે રમે છે તેનો ટૂંકો પરિચય :

'૧૯૩૭ની સાલ, ડિસેમ્બરનો મહિનો અને ત્રીસમી તારીખ હતી. શિશિરના નમતા બપોરે લાખથી દોઢ લાખ માણસની ઠઠ જામી હતી. વાઈસરૉયથી માંડીને સોનાગચ્ચીની વેશ્યા સુધીના કલકત્તાના સર્વ વર્ગના માનવીઓ ત્યાં મોજૂદ હતા. તે દિવસે જયપુર અને ભોપાલની પોલો ટીમ વચ્ચે ઇંડિયન પોલો ચૅમ્પીઅનશિપના કપ માટેની મૅચ હતી.

બરાબર ત્રણ ને ચુમ્માલીસ મિનિટે બ્યૂગલ ફુંકાયું. દક્ષિણ દિશાએથી જયપુરના અસવારો લીલાં ગંજીફ્રાક, માથે સફેદ પોલો-હૅટ અને એને ફરતો લીલો રેશમી પટો, હાથમાં પોલોસ્ટિક અને ઘોડા નચાવતા આવી ગયા. ઉત્તરેથી ભોપાલના લડવૈયા પણ મરૂન રંગનાં ગંજીફ્રાક ને એવા જ પટાવાળી શોભતી સફેદ પોલો હૅટમાં આવી પહોંચ્યા.

અમ્પાયરોએ ટીમની રચના તપાસી લીધી:

જયપુર ટીમ	ભોપાલ ટીમ
નંબર વન	નંબર વન
રાજકુમાર પ્રિથિસિંહ	બૉબ સ્કીન
હૅન્ડીકૅપ ૭	હૅન્ડીકૅપ ૭
*	*
નંબર ટુ	નંબર ટુ
રાવરાજા અભેસિંહ	હેવ્રી
હૅન્ડીકૅપ ૮	હૅન્ડીકૅપ ૬
*	*
નંબર થ્રી	નંબર થ્રી
રાવરાજા હનુતસિંહ	જિરાલ્ડ બૉલ્ડિંગ
હૅન્ડીકૅપ ૧૦	હૅન્ડીકૅપ ૧૦
*	*
બૅક	બૅક
જયપુર મહારાજા	ભોપાલ નવાબ
હૅન્ડીકૅપ ૧૦	હૅન્ડીકૅપ ૮
૩૫	૩૧

આ વર્ષે ભોપાલ નવાબ સાહેબે હજારો રૂપિયાના ગંજાવર ખર્ચે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા ત્રણ અંગ્રેજ પોલો-ખેલાડીઓને પોતાની ટીમ તરફથી રમવા બોલાવેલા, એટલે લોકોને ઉત્સાહ અને કુતૂહલની સાથે કંઇક શંકા પણ હતી કે સાત વર્ષથી સતત જીતતા જયપુરને આ વર્ષે જીતવું ભારે પડશે.

બરાબર પોણાચાર વાગ્યે બીજું બ્યૂગલ વાગ્યું અને અહીંતહીં જરાતરા ગરબડ હતી ત્યાં પણ શાંતિ છવાઈ ગઈ. અમ્પાયરે દડો ફેંક્યો. લગામો ખેંચાઈ, પોલોસ્ટિક ઊંચકાઈ, ઘોડા થનગન્યા. આઠ ઘોડાના બત્રીસ પગની ભૂલભુલામણીમાંથી રાવરાજા હનુતસિંહે દડાને બહાર કાઢ્યો. સાત મિનિટમાં પહેલા ચક્કરમાં એક ગોલ જયપુરે અને એક ગોલ ભોપાલે કરી. બીજા ચક્કરમાં બંને ટીમ બરાબર રહી. કોઈએ પણ ગોલ ન કરી.


ત્રીજા ચક્કરમાં જયપુરે હુમલો શરૂ કર્યો. બાર આની અને ચૌદ આનીની વિદ્યુતગતિથી સરતી પોતાની કેળવેલી પાણીદાર ઘોડી ફ્લર્ટ ઉપર દડો લઈને ભોપાલની ગોલ તરફ જતા રાજકુમાર પ્રિથિસિંહને આઠ આનીની ભયભરી ગતિથી વધારે કીમતી ઘોડા વડે રોકવાનો મિથ્યા પ્રયત્ન કરતા ભોપાલ નવાબ સાહેબ પોતાની તાકાત અને નિપુણતા ઊતરતા દરજ્જાની છે એ સિદ્ધ કરતા હતા.

ભોપાલના નંબર વન બૉબ સ્કીનની ચપળતા જયપુર દરબારની લાંબી અને જોરદાર હિટને પહોંચી વળવાને બહુ પ્રયત્ન કરતી હતી પણ એમાં નિષ્ફળતા જ મળતી હતી. જીરાલ્ડ બૉલ્ડિંગને હનુતસિંહ સંભાળતા હતા. અને ખરી હરીફાઇ પણ એ બંને વચ્ચે હતી. બંને સમાન નિપુણ, ચોક્કસ અને ચપળ હતા. પણ બૉલ્ડિંગ કરતાં હનુતસિંહની હિટ ઘણી લાંબી વાગતી અને દડાને એક હલકી હિટથી અદ્ધર ઉછાળીને બીજી હિટથી ગોલ પર પહોંચતો કરી દેવાની એમની સિદ્ધિને તો બૉલ્ડિંગ પણ ઘડીભર ઘોડો થંભાવીને જોઈ રહેતો. સો યાર્ડની હિટ એ હનુતસિંહની સામાન્ય હિટ ગણાતી.

ત્રીજા ચક્કરમાં જયપુરની બીજી ગોલ થઈ. ચોથા ચક્કરમાં ભોપાલને ખૂબ હંફાવીને એક ગોલ કરવા દીધી. પાંચમા ચક્કરમાં જયપુરે મરણિયો હુમલો કરીને બે ગોલ કરી અને છઠ્ઠા ચક્કરમાં જયપુરે બચાવની રમત રમીને પોતે ગોલ કરી યે નહિ ને કરવા દીધી પણ નહિ. ભોપાલને કાશ્મીરના ઘોડાઓની સહાય હતી, ત્રણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પામેલા અંગ્રેજ ખેલાડીઓ કુમકે હતા, છતાં જયપુરના સુંદર ટીમવર્ક આગળ ભોપાલનો પરાજય થયો.

ઇતિહાસ

પોલો એ ઘણી પ્રાચીન એશિયાઈ રમતોમાંની એક છે. હૉકી, ગૉલ્ફ અને ક્રિકેટ એ વખત જતાં પોલોમાંથી નીકળેલી અને ખીલેલી શાખા-રમતો છે. 'પોલો' એ શબ્દ મૂળ તિબેટન શબ્દ પુલ (દડો) ઉપરથી યોજાયો છે. જન્મભૂમિ ઈરાનમાંથી આ રમત એક બાજુએ કૉન્સ્ટાન્ટિનોપલ પહોંચી ને તુર્કસ્તાનમાં વિસ્તરી, અને બીજી બાજુ તિબેટ થઈને હિંદુસ્તાન, ચીન અને જાપાન સુધી વિસ્તરી.



બૅકહિટ કરતા રાવરાજા હનુતસિંહ

હિંદમાં એની ખિલાવટ ૧૯મી સદીમાં થઈ; પરંતુ તે પછી ૨૦૦ વર્ષના એના ઇતિહાસનો પત્તો લાગતો નથી. ૧૮૫૭નો બળવો શમ્યો અને બ્રિટિશ સત્તા સ્થિર થઈ ત્યાર પછી ઈ. ૧૮૬૩માં એ રમત મણિપુરથી બંગાળમાં આવી. ઇંગ્લંડમાં પોલોનો પ્રવેશ હિંદ કરતાં મોડો થયો. ઈ.૧૮૬૯માં હિંદથી ઇંગ્લંડ જનાર ૧૦મી હસારની લશ્કરી ટુકડીએ ઇંગ્લંડમાં પહેલીવહેલી પોલોની રમત રમી દેખાડી.

વીસમી સદીની શરૂઆત–એટલે કે લગભગ પહેલા મહાયુદ્ધ સુધી આ માત્ર લશ્કરી ટુકડીઓની રમત ગણાતી. ૧૯૨૦ પછી ઇંગ્લંડમાં અને હિંદમાં પણ પોલોની રમતમાં બિનલશ્કરી માણસોનો રસ વધ્યો. હિંદુસ્તાનમાં દેશી રાજ્યના કેટલાક રાજવીઓએ એમાં સક્રિય રસ લઇને પોતાની સ્વતંત્ર ટીમો ઊભી કરી. ઈ.સ. ૧૯૨૦ પછીની એવી જાણીતી ટીમોમાં પતિયાળા, જોધપુર, બિકાનેર, રતલામ અને પન્ના ખાસ ઉલ્લેખનીય છે. ૧૯૩૦માં તો મુલ્કમશહૂર જયપુર ટીમ અસ્તિત્વમાં આવી ને હિંદનું સ્થાન પહેલા વર્ગના પોલોમાં પહેલી હરોળમાં આવ્યું.

હિંદુસ્તાનમાં પોલો મોટા પાયા પર ને ઘણા વિસ્તારમાં નથી રમાતો એનાં બે કારણો છે: એક તો આપણો દેશ ગરીબ છે; પોલોની રમત બહુ જ ખર્ચાળ છે. બીજું, હિંદ મુખ્યત્વે લશ્કરી દેશ નથી, એટલે આ રમત અમેરિકા જેવા ધનવાન અને ઇંગ્લંડ જેવા લશ્કરી દેશમાં ખૂબ વિકાસ અને વિસ્તાર પામી છે. કોઈ ખાનગી વ્યક્તિને પોલો ટીમ નભાવવી એ હાથીઓ નભાવવા કરતાં પણ વધારે ખર્ચાળ છે. છતાં આપણે ત્યાં જયપુર જેવી વિશ્વવિખ્યાત અને ઇંગ્લંડને પણ સખત હાર ખવડાવનાર પોલો ટીમ છે.

હિંદમાં પોલોની આંતરપ્રાંતીય અને અખિલ ભારતીય મૅચો માટેનાં મુખ્ય ત્રણ સ્થળ છે: કલકત્તા દિલ્હી અને મુંબાઈ. પ્રૅક્ટિસ માટેનાં અજોડ સ્થાનો જયપુર, જોધપુર, ભોપાલ અને કાશ્મીર છે. જયપુરનું પોલો મેદાન હિંદુસ્તાનમાં સર્વોત્તમ છે. પોલો રમવાનો અનુકૂલ સમય અને ઋતુ આપણે ત્યાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ગણાય છે.

પોલો કેમ રમાય છે?

પોલો રમવા માટે ચાર માણસોની એક ટીમ એવી બે ટીમ જોઇએ. બધા અચ્છા ઘોડેસવારો હોવા જોઇએ. રમવા માટે હૉકીના દંડા જેવો પોલોનો ખાસ દંડો આવે છે અને નેતરની મજબૂત લાકડીઓમાંથી ખાસ બનાવેલી, હથોડી જેવા આકારની લાકડીથી પોલો રમાય છે. દિલ્હી, કલકત્તા અને મુંબાઇની સામાન્ય મૅચો ચારચાર ચક્કરની રમાય છે. ખાસ ઇન્ડિયન પોલો ચૅમ્પિયનશિપ છ ચક્કરની રમાય છે. સાત મિનિટનું એક ચક્કર હોય છે અને દર ચક્કરે ઘોડો બદલવો પડે છે. પણ એ સાત મિનિટમાં ઘોડાને એટલી તો સખત મહેનત પડે છે કે લશ્કરી ટુકડીઓના કેટલાક નબળા ઘોડા ચક્કરની અધવચ્ચે ગબડી પડયાના દાખલા બન્યા છે.

પોલો રમવા માટેનું મેદાન ૩૦૦ વાર લાંબું ને ૨૦૦ વાર પહોળું જોઇએ. બે ગોલ વચ્ચેનું અંતર ૨૫૦ વારથી વધારે નથી હોતું, અને ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર ૮ વારનું હોય છે. બાઉન્ડ્રીલાઈનની પહોળાઈ ચોક્કસ ૧૯૦ વારની હોય છે. મેદાનની જગ્યા કઠણ, એકસરખી સપાટીવાળી અને આછી લૉનવાળી હોય છે. પહેલા વર્ગના પોલોમાં બે અમ્પાયર્સ અને એક રેફરી હોય છે. બંને અમ્પાયરો પણ ઘોડેસવારો હોય છે.

પોલોના ઘોડા

પોલો માટેના ઘોડા ખાસ શાસ્ત્રીયરીતે કેળવાય છે. ઘોડાનો સ્વભાવ, એના શરીરની રચના અને સ્થળનાં હવાપાણીને અનુકૂળ એના ખોરાકની ગોઠવણ કરવી પડે છે. આપણે ત્યાં પહેલા વર્ગના અને શુદ્ધ ઓલાદના તથા આવશ્યક ઊંચાઈવાળા ઘોડા જૂજ પ્રમાણમાં હોય છે, અને તેથી તેની કિંમત બેહદ હોય છે. અર્જેન્ટાઇન અને આયર્લૅંડ એ બંને સારા ઘોડાઓની પેદાશમાં મશહૂર સ્થળો છે. ઑસ્ટ્રેલિયા અને અરબસ્તાન ત્યાર પછી આવે. ઇંગ્લંડની 'નૅશનલ પૉની સોસાએટી' ઘોડાઓની ઓલાદ અને ઉછેરનું કામ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરે છે ને ઘોડાઓનું પ્રદર્શન ભરીને એ પદ્ધતિનો વધારે પ્રચાર કરે છે. પહેલા વર્ગના, શુદ્ધ ઓલાદના અને પોલોની રમત માટે આવશ્યક ઊંચાઇવાળા તાલીમબાજ ઘોડાઓની કેટલી કિંમત ઊપજી શકે છે તેનો સહજ ખયાલ એ પરથી આવશે કે ઇ.સ. ૧૯૨૫માં અર્જેન્ટાઈનની પોલો ટીમ જ્યારે આંતરરાષ્ટ્રીય કપ જીતી ત્યારે એ ટીમના એક ખૂબસૂરત અને વેગવાન ઘોડાની કિંમત ૧૧,૫૦૦ પાઉન્ડ એટલે લગભગ એક લાખ ને એકસઠ હજાર રૂપિયા ઊપજી હતી!

ખેલાડીઓની તાલીમ

ઘોડાની જેમ ખેલાડીને પણ શાસ્ત્રીય ને પદ્ધતિસરની તાલીમ લેવાની હોય છે. તાલીમનો સમય ત્રણથી સાત વર્ષનો હોય છે. પોલો રમનારને છાતી વજની કરીને દમ કસવો ને કેળવવો પડે છે, દૃષ્ટિ ચકોર અને ચોક્કસ બનાવવી પડે છે, બાહુને પોલાદી કરવા પડે છે, જાંગ અને પુઠ્ઠાં પથ્થરનાં બનાવી દેવાનાં હોય છે; અને સૌથી વધારે તો, મર્દ ઘોડા પર બેસી મર્દ બનીને મૃત્યુને પડકારવાનું હોય છે. જયપુરમાં નવેમ્બરમાં પ્રૅક્ટિસ વખતે એક એક ખેલાડીને જ્યારે મેં બારબાર ચક્કર રમવાની જહેમત ઉઠાવતા જોયા ત્યારે મારી આંખો ફરી ગઈ હતી. દસ આની દોડતા ઘોડા ઉપરથી ઊથલી પડતા અસવારોને જોઈને હું ધ્રૂજી ઊઠયો હતો. બાર આની દોડતી ઘોડી પરથી પડી જતાં ખેલાડીનું ગળાનું હાડકું તૂટી ગએલું જોઇને મારી આંખ ભીની થઈ ગઈ હતી. એક ટીમના ખેલાડીની સાથે દોડતે ઘોડે જ્યારે સામી ટીમનો ખેલાડી ભીંસ લેતો ત્યારે હું મારી ખુરશી પર ઊભો થઈ જતો હતો. ૧૯૩૮ના ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ભોપાલ સાથેની હાઈ હૅન્ડીકૅપ મૅચમાં જયપુર દરબારે ઘોડા પરથી પછાડ ખાધી હતી ત્યારે દોઢ કલાક સુધી એઓ બોલ્યા વિના બેભાન રહ્યા હતા. પોલોની રમતમાં બીજી કોઈ પણ મેદાની રમત કરતાં વધારેમાં વધારે જીવનું જોખમ રહેલું છે. આપણા દેશમાં પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પોલોના ખેલાડીઓ છે. આખી દુનિયામાં નંબર થ્રી તરીકે સર્વશ્રેષ્ઠ ખેલાડીની કીર્તિ વરેલા રાવરાજા હનુતસિંહ, આખા જગતમાં નંબર વન તરીકે રમનારાઓમાં ચોથા આવનાર રાજકુમાર પ્રિથિસિંહ, બૅક તરીકે સાતમા ઊભનાર જયપુર નરેશ અને નંબર ટુ તરીકે દસમા આવનાર રાવરાજા અભેસિંહ છે.

રમતની વિગતો


પોલોના ખેલાડીની નિપુણતા અને કાબેલિયત એને કેટલી ગોલનો હૅન્ડીકૅપ છે તે ઉપરથી જાણી શકાય. જેમ એની નિપુણતા વધારે તેમ એનો હૅન્ડીકૅપ પણ વધારે હોય. આ નિપુણતા જોનાર અને એનો નિર્ણય કરનાર પોલોના નિષ્ણાતોની એક કમિટી હોય છે. આ કમિટી દર વર્ષે ખેલાડીઓની રમત જોઈને હૅન્ડીકૅપ વધારવાનો અથવા ઘટાડવાનો નિર્ણય કરે છે. હિંદુસ્તાનમાં સૌથી વધારેમાં વધારે વ્યક્તિગત હૅન્ડીકૅપ દસ ગોલનો રાવરાજા હનુતસિંહનો છે ટીમ તરીકે ૩૫ ગોલનો હૅન્ડીકૅપ જયપુર ટીમનો છે. હૅન્ડીકૅપનો આ નિયમ શરતના મેદાનમાં દોડતા ઘોડાના હૅન્ડીકૅપ સાથે સિદ્ધાંતમાં સરખાવી શકાય.

એક ટીમનો હૅન્ડીકૅપ એટલે એના ચાર ખેલાડીઓના વ્યક્તિગત હૅન્ડીકૅપનો સરવાળો.

હવે જયપુર ટીમનો હૅન્ડીકૅપ ૩૫ ગોલનો છે; અને એની સામે રમતી ટીમનો

લંબાઇએ બાઉન્ડ્રી લાઈનની ધજાઓ ત્રીસ ત્રીસ વારને અંતરે ઠોકાએલી હોય છે અને વચ્ચેની બે ધજાઓ વચ્ચેનું અંતર ૩૫ વારનું હોય છે. આ રીતે આઠ ધજાઓ ૨૫૦ વારનું અંતર પૂરું કરે છે અને પહોળાઈની બાઉન્ડ્રી ઉપર પેનલ્ટી હિટ મારવાની ન હોવાથી ત્યાં ૩૦ ને બદલે ૨૦ વારને અંતરે આઠ ધજા રોપેલી હોય છે. 'પેનલ્ટી'ના સ્વરૂપ ઉપર ૩૦, ૬૦ અથવા ૯૦ વારની હિટ સામા પક્ષને આપવાની હોય છે, એટલે લંબાઇને ચારે છેડેથી શરૂ થતી ત્રણ ધજાઓ તો ૩૦ વારને અંતરે હોવી જ જોઈએ. (ચિત્રમાં ધજાઓ બરાબર નથી.) મેદાનની લંબાઈ એકંદરે ૩૦૦ વાર પણ બે ગોલ વચ્ચેનું અંતર ૨૫૦ વાર. રમતની શરૂઆતમાં ટીમ અને અમ્પાયરની ગોઠવણ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે હોય છે. સમયનું

પહોળાઈ એકંદરે ૨૦૦ વારઃ પણ બાઉન્ડ્રી ફ્લેગ વચ્ચે ૧૬૦ વાર.



બ્યૂગલ ફૂંકાતાં, આગળનો અમ્પાયર દડો ફેંકે છે ને રમત શરૂ થાય છે. બંને અમ્પાયરો આખો વખત રમતની સાથે જ બંને બાજુઓ રહે છે.

હૅન્ડીકૅપ ૨૦ ગોલનો છે, એટલે વધારાના પંદર હૅન્ડીકૅપથી બરાબર અરધી સંખ્યા એટલે ૭ાા ગોલ રમતની શરૂઆતમાં જ જયપુર ટીમે પેલી સામી ટીમને આપવી રહી. હવે, જયપુર ટીમને જો જીતવું હોય તો એણે સામી ટીમને એક પણ ગોલ ન કરવા દઇને પોતે આઠ ગોલ કરવી જોઇએ. આ ઉપરથી સમજાશે કે નબળી ટીમની સામે રમવામાં હૅન્ડીકૅપના નિયમથી રમતની શરૂઆતમાં જ સહારો મળી જાય છે અને પ્રથમથી મળેલી ગોલની તાકાત ઉપર એ નબળી ટીમ સબળ ટીમ સામે ઝૂઝે છે. આ હૅન્ડીકૅપના નિયમના મૂળમાં નબળી ટીમની હારને અને બળવાન ટીમની જીતને મુશ્કેલ બનાવવાનો હેતુ સમાએલો છે.

આપણા દેશમાં પોલોની રમત વધારે જાણીતી નથી થઇ તેમાં એક કારણ એ છે કે એ માત્ર ત્રણ મહિના જ રમાય છે. જ્યારે ઇંગ્લંડમાં લગભગ છ મહિના ઉપરાંત રમવા માટે ઋતુ અનુકૂળ હોય છે. પોલોની ટીમોને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં ઘણી મુશ્કેલીઓ છે. મૅચ રમવા માટે એક ખેલાડી પાસે ઓછામાં ઓછા આઠ ઘોડા હોવા જોઈએ. એટલે ચાર ખેલાડીના બત્રીસ ઘોડા થાય. સાથે બત્રીસ સઇસો પણ જોઈએ. શક્ય હોય તો એ ઘોડાઓની તબિયત સમજનાર અને સંભાળનાર ડૉક્ટર પણ જોઇએ.

નામચીન ખેલાડીઓ

રાજકુમાર પ્રિથિસિંહ એ જયપુર ટીમના સૌથી વેગવાન અસવાર છે. ઘોડા પરની એમની બેઠક કોઈ શિલ્પીની ઘડેલી પ્રતિમા જેવી હોય છે. ઘોડો ચૌદ આની દોડતો હોય, પરંતુ જ્યાં સુધી દડાની પાસે ઘોડો પહોંચે નહિ ત્યાં સુધી શરીરનો એકેય ભાગ હાલે નહિ! એમની હિટ જોરદાર અને લાંબી હોય છે. લગામ અને સ્ટિક પકડવાની તેમની રીત 'સ્માર્ટ' છે. ગમે તેટલી ઝડપે ઘોડો દોડતો હોય, પણ ઘણી જ આસાની અને ઝડપથી એ ઘોડાને ઊલટી દિશાએ લાવીને પાછા એ જ ગતિ લાવી શકે છે. દડાને સાથે લઈને દોડવાની રાવરાજા અભેસિંહની કલા એમની પોતાની જ છે. ઘોડાના ચાર પગની વચ્ચેથી પણ હિટ મારવાની એમની આવડતની હજી સુધી કોઇ નકલ કરી શક્યું નથી. ઘોડા પરની એમની બેઠક પરથી લાગે કે એ હમણાં સરી પડશે! પણ એમની જાંગની પકડ ખૂબ મજબૂત હોય છે. આગળ પાછળ જોઈને દડાને લઈ જવામાં એ નિષ્ણાત છે.

રાવરાજા હનુતસિંહએ હિંદુસ્તાનના સર્વોત્તમ અને દુનિયા સમસ્તમાં નંબર થ્રી તરીકે રમનારાઓમાં સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. જેટલી આસાનીથી ધ્યાનચંદ હૉકીની લાકડી પર દડાને રમાડીને સામી ગોલમાં લઇ જાય છે તેનાથી વધારે આસાની અને ચપળતાથી હનુતસિંહ બારઆની ચૌદઆની ઘોડાની ગતિમાં દડાને સામી ગોલમાં ઉઠાવી જાય છે. બૅકહિટ (એટલે જે દિશા તરફ ઘોડો દોડતો હોય તેનાથી ઊલટી દિશા તરફ અવળે હાથે લાંબી જોરદાર હિટ) મારવામાં હનુતસિંહ અપૂર્વ છે. હનુતસિંહની અગમચેતી પણ અજોડ છે. મેદાનમાં બૅાલ કેવી રીતે પડ્યો છે, સામા પક્ષના ખેલાડીએ કેવો ઘા ઉગામ્યો છે, હિટ કેવી વાગશે, બૅાલ ક્યાં જશે, એ સર્વનો ખયાલ કરીને એ પહેલેથી જ ત્યાં પહોંચી જાય અને દડો જમીનને અડકે તે પહેલાં જ લઇને ચાલવા માંડે! એમની આ અગમચેતીથી મોટામોટા અંગ્રેજ અને અમેરિકન ખેલાડીઓ પણ હેરત પામ્યા છે.

જયપુર દરબાર હિંદુસ્તાનમાં સર્વશ્રેષ્ઠ બૅક રમનાર છે. સામી ટીમના નંબર વનને રોકીને દડાને પોતાની ટીમના ખેલાડીને પહોંચતો કરી દેવાની એમની નિપુણતા ઈંગ્લંડમાં પણ વિખ્યાતિ અને પ્રશંસા પામી છે. ઘોડા પરની એમની બેઠક જોરદાર છે. સામી ટીમના ખેલાડીને સમય આવ્યે ભીંસ દઇને પોતાની ટીમના ખેલાડીને દડો લઇ જવા દેવાની એમની તાકાત અજોડ છે. બૅક હિટ પણ હનુતસિંહથી બીજે નંબરે ગણાય તેવી છે. બીજી બધી મેદાની અને મર્દાની રમતોમાં વ્યક્તિગત ફતેહનો આધાર મુખ્યત્વે રમનાર ઉપર જ હોય છે; પરંતુ પોલોમાં એ ફતેહનો આધાર ઘોડાના અને અસવારના સહકાર અને સમજણ પર અવલંબે છે. રમનાર નિપુણ હોય, પણ જાનવર નબળું હોય, તો યે ન ચાલે; ઘોડો મર્દ હોય ને અસવાર ડરપોક હોય તો પણ ન ચાલે. બંને મર્દ ને મૃત્યુને પડકારનાર હોવા જોઇએ. પોલોનો ખેલાડી અને હવાબાજ (પાઇલટ) એ બંનેનું મૃત્યુ આકસ્મિક હોય છે. બીજી કોઈ પણ હિંદી મેદાની અને મર્દાની રમત કરતાં પોલોમાં વધારે વીરતા, સાહસ અને ઝિંદાદિલી જોઇએ છે. નિર્ભયતા, નિર્ણયાત્મક બુદ્ધિ અને નગદ તાકાતની ખિલાવટ પણ એમાં એટલી જ હોય છે.



મધુકરી

વારી જાઉં આંખ, તારા આ અજબ ચાતુર્ય પર:
જે ગમે ના જોતું, તે તું કોઈ દિ' જોતી નથી!
સેંકડો જોજનથી શોધે કો'ની ભૂલ-કાંકરી:
તું ફકત તારા જ પાપોનો ડુંગર જોતી નથી!
વિશ્વને એકેક ખૂણે ઘૂમતી તારી નજર:
શું ન જોતી તું? ફકત એક જાતને જોતી નથી!

—કરસનદાસ માણેક

૨૪૦ અંબુભાઈ પુરાણી

શ્રી અરવિંદ આશ્રમના એક અગ્રગણ્ય તપનિષ્ઠ સાધક શ્રી અંબુભાઈ પુરાણીનું આ માસમાં એકાએક અવસાન થતાં ગુજરાતને કેવળ એક આધ્યાત્મવીરની જ નહિ, પણ ગુજરાતભરની જુવાનીને પોતાની વ્યાયામ-પ્રવૃત્તિનો ઓપ આપી ઘડનાર એક સંસ્કારવીર વ્યક્તિવિશેષની પણ દુઃખદ ખોટ પડી છે. ગુજરાતીના નામ સાથે મુકાતા 'માયકાંગલા'ના વિશેષણને એમણે એક કાળે પોતાના પ્રચંડ પુરુષાર્થ વડે લગભગ ભૂંસી નાખ્યું હતું. ખડતલ શરીર, શુદ્ધ ચારિત્ર્ય અને ઉત્કટ રાષ્ટ્રભાવનાની ચેતના પ્રસરાવવાના એમના એ પ્રચંડ પુરુષાર્થની ગાથા અગાઉ 'કુમાર'ના ૫૪મા અંકમાં સવિસ્તર પ્રકટ થઇ ચૂકી છે.

અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૯૪ની ૨૬મી મેએ સુરત મુકામે ભરૂચની ભટ્ટ મેવાડા જ્ઞાતિના એક કુળવાન, સંસ્કારી ને શિક્ષિત કુટુંબમાં એમનો જન્મ. પિતા જામનગરમાં વર્ષો સુધી શિક્ષક હતા. એમના અવસાન પછી અંબુભાઇનો ઉછેર ભરૂચમાં એક સારા કવિ ગણાતા કાકા ધીરજલાલને ત્યાં થયો. બંગભંગનો એ કાળ. આધ્યાત્મિક દિશામાં વળ્યા પહેલાંના ક્રાંતિવીર અરવિંદ ઘોષે પ્રકટાવેલી રાષ્ટ્રીય ચેતનાથી થનગનતી ગુજરાતની યુવાની ત્યારે નવલોહિયાઓને ઘડવા વ્યાયામ-પ્રવૃત્તિ તરફ ઢળી હતી. એમાંના એક અગ્રેસર છોટુભાઈ તે અંબુભાઈના જ મોટાભાઈ. ઈ. ૧૯૧૩માં મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી વિજ્ઞાનના સ્નાતક થયા એ દરમ્યાન અંબુભાઈ પણ એ રાષ્ટ્રીય આંદોલનોથી પૂરા રંગાઈ ચૂક્યા હતા. છોટુભાઇની અખાડા પ્રવૃત્તિઓને અંબુભાઇએ વધુ વિકસાવી.

ઈ. ૧૯૧૦માં શ્રી અરવિંદે સક્રિય રાજકીય જીવન ત્યજીને યોગસાધનાનો માર્ગ સ્વીકાર્યો. અંબુભાઈ પણ ૧૯૨૨થી કાયમ માટે પોંડિચેરી ચાલ્યા ગયા. રાષ્ટ્રભાવનાથી પ્રેરાઇને એમણે આદરેલી ને વિસ્તારેલી વ્યાયામપ્રવૃત્તિને આમ એકાએક છોડી દઈ એમણે અકાળે એમાંથી નિવૃત્તિ લઈ લીધી એમ એ વખતે ઘણાને લાગેલું અને ખરે જ, તે પછી ગુજરાતની વ્યાયામપ્રવૃત્તિ નામશેષ જેવી જ થઈ રહી છે.



(ફોટો: સુમનભાઈ શેઠ)

પોંડિચેરી આશ્રમમાં શ્રી અરવિંદની ખૂબ નજીક પહોંચેલા સાધકોમાં અંબુભાઈ પણ અગ્રગણ્ય બની રહ્યા. શ્રી અરવિંદના દર્શનને ગુજરાતમાં અને ગુજરાતીભાષામાં આણવાનો મોટો યશ પણ અંબુભાઇને જ ઘટે છે. એમણે બીજાં પણ પુસ્તકો લખ્યાં છે. ગુજરાતી અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત, ફ્રેન્ચ, હિન્દી, બંગાળી અને તામિલ વગેરે ભાષાઓને પણ જાણતા. કલામાં પણ એમને ઊંડી મર્મગામી સૂઝ હતી.

ઈ. ૧૯૬૨માં એમને હૃદયરોગનો પહેલો હુમલો થયો. પછી એમનું સ્વાસ્થ્ય કથળતું ચાલ્યું ને આખરે ગઈ તા. ૧૨મી ડિસેમ્બરે શનિવારે એમનું અવસાન થયું.

સાગરકાંઠાના જીવ—૯
શમ્બુક (ક્લૅમ)



દરિયાકાંઠે ભરતીઓટની ચડઊતર વચ્ચેના ગાળામાં રહેતા શમ્બુક (ક્લૅમ) પણ ઑયસ્ટર જેવા છીપના જીવ છે. એની કેટલીક જાત મીઠા પાણીમાં પણ થાય છે. એ બધા મળી નાનીમોટી એમની ઘણી જાત છે.

દરિયાકાંઠે અને મોટે ભાગે ભરતીના સમયે એ પોતાની છીપનો થોડો ભાગ બહાર રાખી રેતીમાં ખૂંપીને પડયું રહે છે. છીપના બહારના એ ભાગમાં નળી જેવાં બે અંગ હોય છે જેમાંથી એકના દ્વારા એના શરીરમાં પાણી પ્રવેશે છે. એ પાણીમાંથી ક્લૅમ પ્રાણવાયુ તથા સૂક્ષ્મ જીવનો આહાર લે છે. બીજી નળી દ્વારા પાણી બહાર નીકળી જાય છે. પાણી ઓસરવા લાગે ત્યારે શમ્બુક રેતીમાં ઊંડે પેસી જઈ જાત છુપાવી દે છે.

રેતીમાં ઘૂસવાની એની રીત વિશિષ્ટ છે. છીપમાંથી એ સ્થિતિસ્થાપક લોચા જેવો પગ અણિયાળા આકારે બહાર કાઢીને રેતીમાં જઈ શકે તેટલો ખોસે છે. પછી એ છેડાને બે બાજુ ફેલાવે છે અને લંગર પેઠે એને રેતીમાં સ્થિર કરી એના આધારે પોતાની છીપને એ અંદર ખેંચી જાય છે; અને આમ એ જવું હોય એટલું ઊંડે ઊતરી જાય છે. (જુઓ ઉપરનું ચિત્ર)

માદા પાણીમાં ઇંડાં મૂકે છે. એમાંથી જન્મેલાં બચ્ચાં થોડો વખત પાણીમાં તરતાં રહી આખરે તળિયે જઈ બેસે છે ને ત્યાં જે લઈ શકાય તે આહાર પર નભે છે. આહાર માટે એ ક્યાંયે ખસતાં નથી.

દરિયાકાંઠે થોડા ઇંચથી માંડી જાતિભેદ અનુસાર ત્રણત્રણ ફૂટ સુધીનાં શમ્બુક થાય છે. આવા મોટા શમ્બુકની ખુલ્લી છીપમાં જો પાણીમાં ઊતરનાર મરજીવાનો પગ આવી જાય તો તુરત એ છીપ બીડાઈ જઈ માણસની સ્થિતિ બહુ કફોડી બની જાય છે. કેટલાંક શમ્બુક સતત પાણી રહેતું હોય એવા ને કેટલાંક માત્ર કાદવવાળા વિસ્તારમાં પણ રહે છે.

શમ્બુકની છીપમાંથી પણ ક્યારેક મોતી મળી આવે છે. આ રીતે એક મોટા શમ્બુકની છીપમાંથી ૧૪ રતલનું મોટું મોતી મળી આવ્યાનું નોંધાયું છે.

વિઝી] **બે નિધનનોંધ** [જનરલ થિમૈયા

'વિઝી'

'ગુડમૉર્નિંગ લિસનર્સ, ધીસ ઈઝ વિઝી......'થી રેડિયો પર પોતાની કૉમેન્ટ્રીનો આરંભ કરી દેશના લાખો ક્રિકેટરસિયા શ્રોતાઓની આતુરતા સચેત કરી મૂકનાર અવાજ હવે ફરી સાંભળવા નહિ મળે. ગઈ ર૭ ડિસેમ્બરે રાત્રે હૃદયરોગના કારણે વારાણસીમાં એનું અવસાન થયું છે. માનભરી અનેક જવાબદારીઓ સંભાળવા છતાં, વિજયનગરના મહારાજકુમાર ડૉ. વિજયઆનંદને બદલે 'વિઝી' તરીકે ઓળખાવાની એમની અભિરુચિ જ એમના સ્વભાવની નિદર્શક છે.

આંધ્રપ્રદેશના વિજયનગરમાં ઈ. ૧૯૦૫ની ૨૮ ડિસેમ્બરે એમનો જન્મ થયો. અજમેરની રાજકુમાર કૉલેજમાં અને લંડનની હેઇલબરી પબ્લિક સ્કૂલમાં શિક્ષણ લીધું. ૧૯૩૬માં બ્રિટિશ સરકારે એમને 'નાઇટહુડ'નો ખિતાબ આપ્યો.(૧૯૪૭માં એમણે એ પાછો વાળેલો.) ૧૯૫૮માં ભારત સરકારે 'પદ્મભૂષણ' બનાવ્યા અને ૧૯૬૧માં ભારતીય સૈન્યમાં એમને લેફ્ટેનન્ટ કર્નલનું માનાર્હ પદ અપાયું.

૧૯૩૨ થી '૩૭ અને '૪૬ થી '૪૭ તેઓ કેન્દ્ર સરકારની લેજિસ્લેટિવ એસેમ્બ્લી અને કાઉન્સિલમાં સભ્ય હતા. '૩૭માં ઉત્તર પ્રદેશમાં ન્યાય અને જેલખાતાના પ્રધાન હતા. ૧૯૬૦માં વિશાખાપટ્ટમથી તેઓ લોકસભામાં ચૂંટાઈ આવેલા. આ બધી જવાબદારીઓ અને જાહેર પ્રવૃત્તિઓ ઉપરાંત એમનો મુખ્ય શોખ તો હતો ક્રિકેટનો. યુવાનીમાં એમણે ક્રિકેટની રમતને અને ક્રિકેટના ખેલાડીઓને અનેક રીતે પ્રોત્સાહન અને મદદ આપી એ રમતને વધુ વિકસાવી હતી. એમના પ્રયત્નથી ૧૯૩૦માં હૉબ્સ અને સટક્લીફ જેવા હિંદુસ્તાનમાં રમવા આવ્યા હતા. ઇંગ્લંડની એમ. સી. સી.ને ભારતમાં એક જ વાર હાર ખાવી પડેલી અને એ હાર આપનાર ટુકડીના નેતા હતા વિઝી. '૩૪માં ઈંગ્લંડ રમવા ગએલી ટુકડીના તેઓ નેતા હતા. 'ઇંડિયન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ'ના તેઓ એક સ્થાપક સભ્ય હતા અને હમણાં સ્થપાએલી 'ઑલ ઇંડિયા કાઉન્સિલ ઑવ સ્પોર્ટ્સ'ના તેઓ ઉપપ્રમુખ હતા.

અને આવી અનેક જવાબદારીઓ વચ્ચે, છેલ્લે થોડાં વર્ષો પહેલાં એક અકસ્માતને કારણે ફરજ પડી ત્યાં સુધી તેઓ શિકારનો સમય પણ મેળવી લેતા હતા. પણ આ બધામાં એમનો ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ ઉત્કટ હતો. સરકારી વર્તુળોમાં પણ ક્રિકેટના હિતમાં તેઓ પોતાની વગ વાપરતા. એમના એકાએક અવસાનથી લોકસભામાં એક સજ્જન સભ્ય અને ક્રિકેટની પરિભાષાની છાંટવાળા વક્તાની, ક્રિકેટકાઉન્સિલમાં રમતના પ્રખર પુરસ્કર્તાની અને જેઓ એમને માત્ર 'વિઝી' તરીકે જ ઓળખતા એ સૌ રેડિયો શ્રોતાઓને તો દુઃખદ ખોટ પડી છે.

જનરલ થિમૈયા

ચુસ્ત દેશભક્ત ને બાહોશ સેનાની હોવા સાથે હમદર્દ સેવાભાવી ને કુશળ વ્યવસ્થાકાર તરીકે દેશમાં તેમજ વિદેશમાં પણ ખ્યાતનામ જનરલ થિમૈયાના અવસાનથી દેશના લશ્કરી તંત્રમાં જ નહિ પણ નાગરિક ક્ષેત્રે પણ એક ગૌરવવંત વ્યક્તિવિશેષની ખોટ પડી છે.

કોદંડરાવ સુબૈયા થિમૈયાનો જન્મ ઈ. ૧૯૦૬ની ૩૧મી માર્ચે કુર્ગમાં થએલો. ૧૯૩૨માં 'હાઇલૅન્ડ લાઈટ ઈન્ફન્ટ્રી'માં જોડાઇ એમણે પોતાની લશ્કરી કારકિર્દીનો આરંભ કર્યો. એ કાળની હૈદરાબાદ ટુકડીના અમલદાર તરીકે ઇરાન ને બલુચિસ્તાનમાં કામ કર્યું.' ૩૬માં પાંચમી યુનિવર્સિટી ટ્રેનિંગ કોરના સેનાપતિ બન્યા. '૩૯માં મલાયામાં હૈદરાબાદ ટુકડીનું નેતૃત્વ કર્યું. ક્વેટાની સ્ટાફ કૉલેજ સંભાળી; ૨૫મા હિંદી સૈન્યના બીજી પંક્તિના જનરલ સ્ટાફ ઑફિસર બન્યા; '૪૪માં આરાકાનમાં ફરી હૈદરાબાદ પલટનને દોરી; ૫૧મી ઇન્ફન્ટ્રી બ્રિગેડના અંગ્રેજી કમાન્ડર થયા; ૩૬મી ઇન્ડિયન ઈન્ફન્ટ્રી બ્રિગેડના સેનાપતિ બન્યા. જાપાન સામેની હિંદી લશ્કરી ટુકડીના તેઓ પ્રથમ હિંદી સેનાપતિ હતા. અગ્નિએશિયાનાં સર્વોચ્ચ સાથીદળોસામે જાપાન તાબે થયું ત્યારે સિંગાપોરમાં તે પ્રસંગે હિન્દના તેઓ પ્રતિનિધિ બનેલા. આમ, ઉત્તરોત્તર ઉચ્ચ સ્થાન અને માન મેળવતા ગયા. સ્વાતંત્ર્ય પછી પૂર્વ પંજાબમાં થએલી હીજરતને લીધે ફેલાએલી અંધાધૂંધીને શમાવવાની તથા ત્યાં પુનઃ વ્યવસ્થા સ્થાપવાની અતિ અઘરી કામગીરી એમણે પ્રશસ્ય સફળતાથી પાર પાડી હતી અને ૧૯૪૮માં કાશ્મીર પરના પાકિસ્તાની હુમલામાં ઝોજિલા ઘાટના પર્વત પ્રદેશ પર અતિ ઊંચાઇએ કેવળ વિમાન માર્ગે આખા બખ્તરિયા દળને ઉતારીને તો એમણે દુનિયાભરને આશ્ચર્યચકિત કરી દીધા હતી.

કોરિયામાંયુદ્ધકેદીઓની ફેરબદલી માટે નીમાએલા તટસ્થ પંચમાં ભારતના પ્રતિનિધિ તરીકે એ ભયંકર સ્ફોટક મામલાને જે દક્ષતાથી તેમણે પાર પાડેલો તે બદલ તેઓ દુનિયા આખીના અભિનંદનને પાત્ર બનેલા. આ જ રીતે પૂર્વીય લશ્કરી વિભાગના જનરલ કમાન્ડર-ઈન-ચીફ થયા પછી નાગ ટેકરીઓમાં એમણે મૈત્રીસંબંધો વધાર્યા હતા. ૧૯૫૭માં એમને ખુશ્કી દળોના વડા બનાવવામાં આવ્યા.

છેલ્લે ફરી સંયુક્ત રાષ્ટ્રો વતી તેઓ સાઈપ્રસમાં શાંતિ જાળવવા ગયા હતા. 'યુનો' માટેની એમની કોરિયાની અને સાઈપ્રસની કામગીરી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એમની નિખાલસતા અને દક્ષતાની દ્યોતક છે. સાઈપ્રસની એમની આ કામગીરી દરમિયાન જ એકાએક એમનું અવસાન થયું. નાગરિકોમાં ને સૈન્યોમાં એમણે સંપાદન કરેલી એક સરખી ચાહના એમના વીરત્વની જ નહિ પણ એમનામાં રહેલી સાચી માનવતાની પણ નિદર્શક છે.

ગાજર

અત્યારે તો એ બજારમાં પુષ્કળ મળે છે. એને ખમણી તેમાં ધાણાજીરું ને મીઠું મેળવી ઉપર લીંબુ નીચોવીને બનાવેલી કચુંબર મળદોષ દૂર કરે છે. લીંબુનો રસ અને મધ મેળવેલો ગાજરનો રસ લોહીની વિકાર ને આંતરડાંની નબળાઈમાં ગુણ કરે છે. બાફેલા ગાજરમાં દહીં, ધાણાજીરું ને મીઠું ભેળવીને લેવાથી ઝાડા, મરડો ને સંગ્રહણીમાં લાભ થાય છે. હરસના દર્દીઓને દાડમની કે અન્ય ખટાશ સાથે ગાજર ખાવાથી ફાયદો થાય છે. ગાજર સૂકવીને કરેલી કાચરી પણ ગુણકારી છે. પણ ગાજરનો અતિરેક કેટલીક વાર આંખે ગરમી લાવે છે. રાઈ ચડાવીને કરેલું ગાજરનું અથાણું પણ સારું બને છે. ગાજરમાં રૂક્ષતાનો ગુણ હોવાથી એના અતિરેકથી ધાતુનું શોષણ થાય છે.

ક્ષમાપન

હમણાં હમણાં 'કુમાર' નિયત સમયે બહાર ન પડી શકતું હોવાથી કોઈ કોઈ વાચકોના રોષને પાત્ર અમે થયા કરીએ છીએ. સૌને સુવિદિત છે કે ૧૫મી ઑગસ્ટે બહાર પડનારો પાંચગણો મોટો ૫૦૦મો અંક અમે સવા બે માસમાં (૨૩મી ઑક્ટોબરે) પ્રકટ કર્યો હતો; વળી તે પહેલાં ૫૦૧મો અંક આપી દીધો હતો, અને એક દળદાર અંક આપ્યા પછી બે અંક ભેગા કરી નાખવાની સ્વાભાવિક લાલચમાં પડયા વિના બારે બાર અંક પૂરા આપવાનો આગ્રહ પણ પાર પાડયો છે. અલબત્ત એમ કરવામાં (અમારાં ટાંચાં સાધનો અને મર્યાદાઓને કારણે) બેત્રણ અઠવાડિયાંની ઢીલ થતી આવી છે, તે અમને ખટકે છે. પણ અમને ઉમેદ છે કે બેએક અંકમાં એ ફેર અમે કાઢી નાખીશું. ત્યાં સુધી વાચકોને ક્ષમાપૂર્વક એટલી ઢીલ નિભાવી લેવાની વિનંતી છે.



લંડનની વેસ્ટમિન્સ્ટર ઍબીની ૯૦૦મી જયંતી નિમિત્તનો (સોના, રૂપા ને કાંસાનો—એમ ત્રિવિધ) મેડલ. એના પર એક તરફ ઍબી અને પાછળ એને આજના સ્વરૂપ સુધી પહોંચાડનાર દસ વ્યક્તિ-વિશેષોની મુખાકૃતિઓ કોતરેલી છે.



કાપડના બે નવા પ્રકાર

પોતાની કેટલીક આગવી વિશિષ્ટતાઓને કારણે જાણીતી અમદાવાદની કૅલિકો મિલે 'કૅલિ-સિન્થ' નામની એક નવા જ પ્રકારના કાપડની જાત તૈયાર કરી છે. સુતરાઉ કાપડની ઠંડક, સિન્થેટિક કાપડનો નહિ ચોળાવાનો ને નહિ સંકોચાવાનો ગુણ તથા રેશમી કાપડની આકર્ષક ચમક, એમ ત્રિવિધ ગુણ ધરાવતું આ કાપડ સિલાઈ વખતે પાડેલા જરૂરી સળ કાયમ રાખી ઘરઆંગણે પણ સરળતાથી ધોઈ શકાય છે. મિલ આ કાપડમાં રંગીન અને છાપેલી સાડીઓ, સફેદ ને રંગીન પોપલિન, લોન, હાથરૂમાલ ને પોશાકની અન્ય છાપેલી જાત તૈયાર કરે છે. આ જ રીતે 'કૅલિક્ટ' નામે વિશિષ્ટ વણાટવાળી એક અન્ય જાત પણ કૅલિકો મિલે વિકસાવી છે. એની સાડીઓ પણ કૅલિસિન્થના જેવા જ ગુણો ધરાવવા ઉપરાંત એના પરની પૌર્વાત્ય ભાત ને રંગવૈવિધ્યને કારણે પ્રભાવશાળી ને આકર્ષક બની રહે છે. છાપેલી લોન, હાથરૂમાલ વગેરે પણ આ જાતમાં બને છે. ભારતમાં આવું આ પ્રથમ કાપડ હોઈ મિલ એના પેટન્ટ હક્કો લેવાની છે.



ભરવાડોનો માણેકથંભ

આજે પણ ભરવાડ કોમમાં એમની જૂની અને આગવી ઘણી પ્રણાલિઓ જળવાઈ રહેલી જોવા મળે છે. એમાંનું એક અંગ તે એમનાં લગ્ન વખતે રોપાતો 'માણેકથંભ'. લગ્નના મંડપારોપણ વખતે



જેનાથી શુભ આરંભ કરવામાં આવે છે એવો આ સ્તંભ મૂળ તો પ્રસંગ નિર્વિઘ્ને ઉકેલાય એવા ઉદ્દેશથી પ્રજાપતિ બ્રહ્માના પ્રતીકરૂપે સ્થાપવામાં આવે છે. અન્ય જાતોમાં એ લાકડાના નાનકડા ઘડેલા કટકા રૂપે જ રોપાય છે પણ ભરવાડોનો માણેકથંભ કંઈક આગવો જ હોય છે.

હજી પણ આ ભરવાડ કોમમાં સમૂહલગ્નની પ્રથા ટકી રહી છે. એમનામાં એક જ માંડવે અને આ એક જ માણેકથંભ આગળ અનેક કન્યાઓ ચોરીએ ચડે છે.

શુભ મુહૂર્ત જોઈ ઢોલશરણાઈ સાથે વાજતેગાજતે જઈ તેઓ ખીજડાના વૃક્ષનું પ્રથમ તો પૂજન કરે છે. પૂજન બાદ એ ખીજડાને કાપી લાવી એના થડમાંથી સુથાર એક મોટો માણેકથંભ ઘડે છે. જમીનમાં લાંબો સમય દટાવા છતાં ખીજડાના લાકડાને ઊધઈ લાગતી નથી એટલે જ કદાચ એની પસંદગી થતી હશે. આમે યે ખીજડાનું—શમીનું પૂજન તો અન્ય કોમોમાં પણ શુભ ગણાયું છે.

ભરવાડોનો માણેકથંભ એક પણ સાંધા વિનાનો ને એકે ય ખીલી વાપર્યા વગરનો ૬ થી ૮ ફૂટ ઊંચો ને એકાદ ફૂટની પહોળી એવી ચાર બાજુઓવાળો ચોરસ હોય છે. એનો બેએક ફૂટ જેટલો ભાગ જમીનમાં રોપાય છે અને બહાર રહેતા ભાગ ઉપર સુથાર જે કારીગરી કરે છે એમાં જમીનથી ઉપર એકાદ ફૂટને અંતરે પહેલા ખાનામાં ત્રાંબાનો કળશ્યો, સવા રૂપિયો, કંકુ, ચોખા ને સોપારી પધરાવી તેના ઉપર પીપળપાન ને નાળિયેર મૂકી, નાડાછડી પહેરાવી ચાંલ્લો કરી સ્થાપન કરવામાં આવે છે. એથી ઉપર જતાં થંભને ધોળાં ને લીલાં લીર પહેરાવી, નાડાછડી પરોવીને મીંઢોળ બંધાય છે. એથી ઉપર પંખીઓને ચણ નાખવાની પરબડી જેવું ગોળ ફરતું છત્તર ને ચારે કોર લાકડામાંથી કોરેલી સાંધવગરની સાંકળો લટકાવાય છે. થંભ ટોચે બેડું—દેગડું, ગાગર ને લોટો અને એના ઉપર શ્રીફળ ને લાકડાનો મોર મુકાય છે. થંભ ઉપર સુથાર શ્રીગણેશ, હનુમાનજી, ઘોડો, હાથી, પોપટ ને નાળિયેર તથા વલોણું કરતાં કાનગોપી ને હોકો પીતા ભાભા સાથે ફૂલવેલની ભાત પણ ઉપસાવે છે. આ માણેકથંભ ને એને માટેના સમગ્ર વિધિ પાછળ આ કોમ સહેજે પાંચસો-હજાર રૂપિયા ખરચી નાખે છે.

રાતે આ માણેકથંભ પાસે સોળ દીવા પ્રકટાવીને એને ઝાકમઝોળ બનાવાય છે. એની સંભાળનું કામ નાતના ભગતને માથે હોય છે. એ થંભને દીવો અખંડ રાખે છે. સગાંવહાલાં ત્યાં ભજનોની રમઝટ બોલાવી પ્રસંગને ગાજતો રાખે છે. લગ્ન ઊકલી ગયે અન્ય જાતોમાં માણેકથંભને નદીતળાવમાં ચોમાસાનાં નવાં નીર ઊભરાય ત્યારે પધરાવી દેવામાં આવે છે, પણ આ કોમનો માણેકથંભ લગ્ન પતી ગયા પછી નદીતળાવની પાળે કે શંકરની દે'રી આગળ રોપી દેવામાં આવે છે. આ કોમની ગ્રાઝી વસતિવાળાં ઘણાં ગામોને પાદર લોકસંસ્કૃતિનાં અને પ્રાદેશિક લોકકળાનાં આ પ્રતીકો જોવા મળે છે.

Christos Kanellokopoulos. Rethimmou 2, ATHENS 147, Greece. ઍથેન્સ યુનિવર્સિટી (ગ્રીસ)ના પ્રથમ કક્ષાના આ વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીના ૧૮ થી ૨૦ વર્ષના અંગ્રેજી જાણતા કોઈ પણ વિદ્યાર્થી સાથે પત્રમૈત્રી બાંધવા ઇચ્છે છે.

આ માસ(ડિસેમ્બર)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ

કવિ જૉન ગ્રીનલીફ વ્હિટ્ટીઅર

અમેરિકામાં 'ન્યૂ ઈંગ્લંડના રાજકવિ' તરીકે વધાવાએલા જૉન ગ્રીનલીફ વ્હિટ્ટીઅર-



નો જન્મ ઇ. ૧૮૦૭ની ૧૭મી ડિસેમ્બરે અમેરિકાના માસાચ્યુસેટ્સ રાજ્યમાં હૅવરહિલ મુકામે થએલો. ગુલામી-નાબૂદી પાછળ એમણે જીવન સમર્પણ કરેલું. કુટુંબ ક્વેકરપંથી હતું એટલે બચપણથી જ બાઇબલનું અધ્યયન કરેલું અને ધૈર્ય, વિનમ્રતા, દયા ને સાદાઈ માટેની અભિરુચિના સંસ્કારો પણ પડેલા.

એ કાળે વ્યવસ્થિત શાળાજીવન તો શક્ય નહોતું, પણ વ્હિટ્ટીઅરને સારા શિક્ષકો મળી ગએલા. એમાંના એકે એમને રૉબર્ટ બર્ન્સનાં કાવ્યોનો જે રસાસ્વાદ કરાવ્યો એથી પ્રેરાઈ ગ્રીનલીફ પોતે પણ કવિતા રચવા લાગ્યા. અલબત્ત એમની કાવ્યપ્રવૃત્તિ માટે પિતાની સહાનુભૂતિ નહોતી; પણ એક વાર એમની બહેને છાનામાના ભાઇનું એક કાવ્ય એક અખબારમાં મોકલી આપ્યું, અને એ તુરત છપાયું એટલું જ નહિ એ પત્રના તંત્રીએ એના કવિને ખેતર પર ખોળી કાઢ્યો! એ તંત્રી તે અમેરિકાની ગુલામી વિરોધી લડતના જગવિખ્યાત અગ્રિમ લડવૈયા અને પત્રકાર વિલિયમ લૉઇડ ગૅરિસન. કવિ-તંત્રીની મૈત્રીનો પ્રારંભ થયો.

ગૅરિસનની પ્રેરણાથી વ્હિટ્ટીઅરે દોઢેક વર્ષ અભ્યાસ કર્યો અને દરમિયાન જોડા સીવીને તથા શિક્ષણકાર્ય કરીને ગુજરાન ચલાવ્યું. એ પછીનું એમનું જીવન ગુલામી-નાબૂદી માટે જ સમર્પિત થઈ ગયું. લેખનમાંથી એ કાળે કંઈ આર્થિક આવક તો થતી જ નહિ.

ગુલામીની નાબૂદી માટે એ કાળે ઉગ્ર લાગણી હતી અને એટલા જ ઉગ્ર એના પ્રત્યાઘાતો પણ. વ્હિટ્ટીઅરે ગુલામીની પ્રથા સામે સણસણતાં કાવ્યો અને હૃદયની આગથી ભડભડતી પત્રિકાઓ લખવા માંડી. સમાજમાં એનો વિરોધ પણ એવો જ તીવ્ર હતો. જાહેર સભાઓમાં એમનું અપમાન પણ થતું.

ગુલામી-વિરોધી ચળવળમાં પત્રકાર તરીકે ચારેક વર્ષ કામ કર્યા પછી ઇ. ૧૮૩૪માં એમણે પોતાનું વિખ્યાત જાહેરનામું 'જસ્ટિસ ઍન્ડ એક્સ્પીડીઅન્સી' લખ્યું. ૧૮૩૫માં માસાચુસેટસની વિધાનસભામાં તે જિલ્લા-પ્રતિનિધિ ચૂંટાયા. ૧૮૩૯માં 'ઍન્ટી સ્લેવરી સોસાએટી'માં ભળ્યા. વૉશિંગ્ટનના 'નૅશનલ ઈરા'માં તેઓ અગ્રલેખો લખતા.

ગુલામી-નાબૂદી પ્રત્યે આખા જગતની સહાનુભૂતિ પ્રકટાવનાર મિસિસ હૅરીએટ બીચર સ્ટોની નવલકથા 'અંકલ ટૉમ્સ કૅબિન' પછી તુરત બીજું સ્થાન વ્હિટ્ટીઅરનાં કાવ્યોનું જ છે. 'માસાચુસેટ્સ ટુ વર્જિનીઆ' એમાં ઉત્તમ છે. 'લીજેન્ડ્ઝ ઑવ ન્યૂ ઇંગ્લંડ ઇન પ્રોઝ ઍન્ડ વર્સ', 'સૉંગ્સ ઑવ લેબર' આદિ એમની અન્ય કૃતિઓ પણ વિખ્યાત છે. એમનાં કથાગીતો, કથાનકો તથા ગ્રામચિત્રો અમેરિકન સાહિત્યનો સમૃદ્ધ વારસો છે. પોતાની બહેનના મૃત્યુ પછી લખેલું 'સ્નો-બાઉન્ડ' અમેરિકી ગ્રામજીવનનું પ્રસાદમય ને રુચિપૂર્ણ ચિત્ર રજૂ કરે છે. 'ઇશા બૉદ' એની ભવ્ય કૃતિ છે.

બચપણથી જ નબળા બાંધાવાળા વ્હિટ્ટીઅરમાં રંગઅંધતાનો દૃષ્ટિદોષ પણ હતો. છેલ્લે તો કાને બહેરાશ પણ આવી ગએલી. પણ જીવનના ઉત્તરકાળમાં એમની કીર્તિ બધે પ્રસરી ગઈ હતી. એમને અનેક માન મળેલાં. પૅસિફિકને કિનારે એક ગામનું ને ઍટલાંટિકમાં એક જહાજનું નામ પણ એમના પરથી પડેલું. સુખી ને મધુર ઉત્તરાવસ્થા ગાળી ૧૮૯૨ની ૧૭મી સપ્ટેમ્બરે ન્યૂ હૅમ્પશાયરના હૅમ્પ્ટન ફૉલ્સ મુકામે એમનું અવસાન થયું.

એમનાં કાવ્યોમાં ચમત્કૃતિ, કલ્પના કે કલાન્યાસનો અભાવ વર્તાય, પણ એમનો સચ્ચાઇભર્યો ઉત્કટ ભાવરણકો તથા કવિતામાં નિરૂપેલા જીવનબોધને પણ તેમણે આપેલું પ્રેરણા-સ્વરૂપ એમના સાહિત્યને મહત્તાની મહોર મારે છે અને એ રીતે જગતભરના સાહિત્યના લોકખ્યાત અને લોકપ્રિય કવિઓમાં એમની પણ ગણના થાય છે.

દિનવિશેષ

તા. ૧ પદ્યમય ગદ્યના લેખક, વિચારક, લોકસેવક કાકાસાહેબ કાલેલકરનો જન્મ, ૧૮૮૫.

તા. ૨ નેપોલિયન-જોસેફાઈનનાં લગ્ન, ૧૮૦૪ અને છૂટાછેડા ૧૫મી ડિસેમ્બર, ૧૮૦૯.

તા. ૬ જરથોસ્તીઓ ઈરાનથી હિંદમાં સંજાણ બંદરે આવી વસ્યા, ૭૧૫.

તા. ૮ પ્રજાના ઉગ્ર વિરોધને લીધે બ્રિટિશ સરકારને બંગભંગ રદ કરવો પડ્યો, ૧૯૧૧.

તા. ૧૦ હિંદમાં આવનાર પહેલવહેલું વિમાન કાઇરોથી ઊપડીને કરાચી આવી ઊતર્યું, ૧૯૧૮.

તા. ૧૨ કલકત્તાથી બદલીને નવી દિલ્હીમાં હિંદની રાજધાની ફેરવ્યાની જાહેરાત થઈ, ૧૯૧૧.

તા. ૧૮ માનવજાતને કલંક રૂપ એવી ગુલામીની પ્રથા અમેરિકામાંથી નાબૂદ થઈ, ૧૮૬૫.

તા. ૨૨ કવિવર ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠની શાંતિનિકેતનમાં સ્થાપના, ૧૯૨૧.

તા. ૨૬ શોધસફરી રાઓલ્ડ ઍમુંડસેન કૅપ્ટન સ્કૉટની પહેલાં દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો, ૧૯૧૧.

તા. ૩૧ લોકોએ ખંડણી ભરવાની ના પાડતાં પોર્ચુગીઝોએ પ્રભાસપાટણ સળગાવી મૂક્યું, ૧૭૧૭.

પ્રસંગવિશેષ: આઠમા એડવર્ડનો ગાદીત્યાગ, ૧૧મી ડિસેમ્બર, ૧૯૩૬

'મને લાગ્યું છે કે જે સ્ત્રીને હું ચાહું છું એની સહાય અને ટેકા વિના, રાજા તરીકેની ફરજો બજાવવાની જવાબદારીનો ભારે બોજ ઉપાડવો મારે માટે અસંભવિત છે...' ઈ. ૧૯૩૬ની ૧૦ ડિસેમ્બરે ફૉર્ટ બેલ્વેડરના નિવાસસ્થાનેથી પ્રજાજોગા વાયુપ્રવચનમાં આ શબ્દો કહેનાર આઠમા એડવર્ડ ઈ. ૧૯૩૬ના જાન્યુઆરીમાં બ્રિટિશ રાજગાદીએ આવ્યા હતા. રાજ્યારોહણ બાદ થોડા જ સમયમાં મિસિસ સિમ્પ્સન નામે, બે વાર લગ્નવિચ્છેદ પામેલ એક અમેરિકન સ્ત્રી સાથે લગ્ન કરવાની એમની મહેચ્છા અંગે ચડભડ ચાલી હતી. વડાપ્રધાન સ્ટૅન્લી બૉલ્ડવિન અને



કૅન્ટરબરીના આર્કબિશપ કૉસ્મોલિંગ સહિત મોટા વર્તુળમાં ઉગ્ર વિરોધ જાગ્યો. પોતાના નિર્ણયમાં મક્કમ એડવર્ડે પ્રિયતમાને બદલે ગાદીત્યાગ પસંદ કર્યો. અને માત્ર ૩૨૫ જ દિવસ શાસન કરી ૧૧મી ડિસેમ્બરે એડવર્ડ આલ્બર્ટ ક્રિશ્ચિયન જ્યૉર્જ ઍન્ડ્રુ પૅટ્રિક ડૅવિડે-આઠમા એડવર્ડે પોતાના બધા હક્કો સ્વેચ્છાએ જતા કરી માત્ર મિ. વિન્ડસર બની રહ્યા. પાછળથી એમને ડ્યૂક ઑવ વિન્ડસર બનાવવામાં આવ્યા. ઈ. ૧૯૩૭ના જૂનમાં એમણે મિસિસ સિમ્પ્સન સાથે લગ્ન કર્યા.

માર્ગે ખેતર ને જૂનાં રણાં, વેરી ભેગો વાસ,
કુટુંબ કળો ને ભીંત ભોરિંગ, એ તો કરે વિનાશ.

> **જે પ્રશ્નો પૂછે છે તે પાંચ જ ક્ષણ માટે મૂર્ખ ભાસે છે, પણ જે બિલકુલ નથી પૂછતો તે તો સદાને માટે મૂર્ખ રહે છે.**

વડોદરા જિલ્લાના પાવી-જેતપુર ગામની મામલતદાર કચેરીના પટાવાળાને ટપાલ નાખવા સ્ટેશને જતાં માર્ગમાં પડેલું રૂ. ૫૦ હજારની નોટો સાથેનું એક પાકીટ મળ્યું. પળવારમાં પોતાની દિગ્મૂઢતાને ખંખેરી એણે મહામહેનતે એના મૂળ માલિકને શોધી કાઢી તે પરત કર્યું. આભારવશ બનેલા માલિકે પહેલાં તો એને એમાંથી જોઈએ તેટલી નોટો, પછી ૫૦૦રૂ.નું ઇનામ, અને અંતે ૧૫૦) રૂ.ના ચાલુ પગારની પણ દરખાસ્ત કરી; છતાં એ બધું નકાર્યા કરીને એણે એક જ જવાબ આપ્યો: 'ચાલુ નોકરી પ્રત્યેની વફાદારી એ જ અમારી ઇજ્જત અને મૂડી છે.'

એકાક્ષરી અનેકાર્થી શબ્દો

રી = ચંદ્ર, જ્ઞાની, બ્રહ્મા, વેદાંતી પુરુષ. **ઠા** = ઠાંડાણુ. ગાયન, પત્તો, બંધ, ભપકો, સ્થિરતા, મંદ, ઠક્કર અવટંકનું ટૂંકું રૂપ. **ઠ** = કૂતરાની પૂંછડી, કૂતરો, ધ્વનિ, ફૂલહારનો ભાગ, ઠોઠ, સાપ, મોટું નગારું, આળસુ, અભણ. **તા** = ઉતાવળ, ક્રોધ, ચબરકી, તાપ, તાસ, સંગીતમાં વપરાતો એક શબ્દ, હુંપદ દાખવવું તે, લક્ષ્મી દેવી, સુધી. **તો** = તે વખતે, કૂતરાને હાંકી કાઢવામાં વપરાતો સીટી જેવો શબ્દ. **દા** = અગ્નિ, અનુકૂળ વખત, દાણા, ઝાડી, દસ્તકનું ટૂંકું રૂપ, દુઃખની લાગણી, વારો, યુક્તિ, લડવામાં વપરાતી એક જાતની કુહાડી, સિતારનો એક બોલ.

ઈટાલીમાં ઍંદોલા શહેર પાસેની એક નદી પર ધરતીકંપના લીધે ૫૦ ફૂટ લાંબી ને ૫ ફૂટ પહોળી પથ્થરની એક છાટ બંને કિનારા પર એવી રીતે લટકી રહી છે કે નદી ઉપર એક પ્રાકૃતિક પૂલ બની ગયો છે!

ખોટી વાત

કોઈ શિકારી કે હિંસ્ર પશુને જોઈ શાહમૃગ પોતાનું માથું રેતીમાં ખોસી દઈ પોતે શિકારી કે હિંસક પશુને જોતું નથી માટે એ લોકો પણ પોતાને જોતાં નથી એમ માની સલામતીની ભાવના અનુભવે છે એવી જે એક પ્રચલિત માન્યતા છે, એ ખોટી છે. કલાકના ૫૦ માઈલની ઝડપે દોડી શકતું આ પ્રાણી ભયનો અણસાર થતાં દોડી જ જાય છે, રેતીમાં મોં છુપાવી સલામત હોવાનું આશ્વાસન લે એટલું બધું એ મૂર્ખ નથી.



આખી દુનિયામાં ઓછામાં ઓછી કીમતની બ્રહ્મદેશે એક વાર કાઢેલી એક પાઈની ટિકિટ.

મગફળીના તેલમાંથી વાસ આવતી હોય તો એને ખૂબ ગરમ કરી એમાં એક તમાલપત્ર અને થોડી ખાંડ નાખી ગાળી નાખવું.

દક્ષિણ ધ્રુવપ્રદેશના અફાટ બર્ફિલા વિસ્તાર પર કુલ સિત્તેર લાખ ઘન માઈલ જેટલા બરફનું આવરણ છે. જો એ બધો બરફ ઓગળીને પાણી બની મહાસાગરોમાં ભળી જાય તો પૃથ્વી પરના સમુદ્રજળની સપાટી અઢીસો ફૂટ ઊંચી ચડી આવે, અને એને પરિણામે ઊંચી સપાટીએ વસેલાં શહેરો સિવાય દુનિયાનાં બધાં નગરો પર એ પાણી ફરી વળે!

નાકમાં કંઈ સળવળાટ થાય કે આપણને તરત જ છીંક આવે છે ને એ ૧/૧૦ સેકંડ ટકે છે પણ એટલા સમયમાં તો આખું શરીર એના તાબામાં હોય છે.

ખરી રાજકારણી વ્યક્તિમાં બે ગુણ હોવા જોઇએ. એક તો એના હૃદયમાં પ્રખર આગ લાગેલી હોવી જોઇએ અને બીજું મગજ બરફ જેવું ઠંડું હોવું જોઈએ.

નિકોલસ ફ્રાંજ બેચમન (૧૭૪૦–૧૮૩૧) ફ્રાન્સ, સાર્ડીનિયા, ઑસ્ટ્રિયા, ઇંગ્લંડ અને સ્વિટ્ઝરલૅંડ એ પાંચ દેશોની સેનામાં જુદા-જુદા સમયે જનરલ તરીકે રહ્યો હતો!

માખીઓ ફૂલમાંથી તૈયાર મધ લાવતી નથી; ફૂલનો મધુર રસ પૂડામાં લાવ્યા બાદ તેમાં પોતાની લાળ ઉમેરીને મધ બનાવે છે.

વસ્તીની દૃષ્ટિએ પંજાબનો નંબર ભારતમાં દશમો આવે છે, પણ સૈન્યમાં ભરતી થવાની બાબતમાં પહેલો આવે છે. પ્રત્યેક સાત કુટુંબે એક પંજાબી સૈન્યમાં હોય છે. આપણે?


કલાકણિકા: આયર્લૅંડની પ્રાચીન 'કેલ્ટ' સંસ્કૃતિ તેના સપ્રમાણ અને કલ્પનાભર્યા શોભન-કાર્ય માટે ખ્યાત છે. એના નમૂનારૂપ સાતમી સદીના એક હસ્તલિખિત ગ્રંથમાંના બે સુશોભિત પ્રથમાક્ષરો A અને O.

અથાણું

'તમે આપણા પડોશી રમેશભાઈ સાથે પત્તાં કેમ રમતા નથી?' પત્નીએ સુરેશને પૂછ્યું.

'વાતવાતમાં અન્યાય કરે, લુચ્ચાઈ કરે અને ખોટી રીતે ઝગડો કરવા માંડે એની સાથે પત્તાં રમવાનું તું પસંદ કરે?'

'નહિ જ વળી.' પત્નીએ જવાબ આપ્યો.

'તો પછી રમેશભાઈ પણ શેના રમે?'

ગોરના ઘરની બરાબર સામે એક ગધેડો મરી ગયો. એમણે મ્યુનિસિપાલિટીની ઑફિસમાં જઈ ખબર આપી એટલે ત્યાં બેઠેલા એક કલાર્કે હસતાંહસતાં કહ્યુ: 'મહારાજ, મૃત્યુ પછીના સંસ્કાર તો આપ જેવા ગોરને જ કરવાના હોય છે ને!'

'હા. પણ એ પહેલાં મરનારનાં સગાંઓને ખબર તો આપવી જોઇએ ને!' ગોરે કહ્યુ.

ન્યૂ યૉર્કના એક પીઠામાં નીચે પ્રમાણે સૂચના લખવામાં આવી છે:

'કંઈ ભૂલી જવા માટે તમે દારૂ પીવા માગતા હો, તો કૃપા કરીને બિલ પહેલાં આપી દેશો.'

'તમારે ચા છોડવી પડશે.'

'પણ ડૉકટરસાહેબ, હું ચા પીતો જ નથી.'

'તો સિગારેટ પીવાનું છાડી દો.'

'હું સિગારેટ પણ પીતો નથી.'

'આ તો બહુ ખરાબ! જો તમે કંઈ જ છોડવા તૈયાર ન હો તો પછી હું તમને કેવી રીતે સાજા કરી શકું?'

ગુનેગારને વિદ્યુત્-ખુરશી પર બેસાડી ઠાર કરવાની શિક્ષા કરવામાં આવી હતી. ખુરશી પર એ બેઠો એટલે વીજળીનો કરંટ આપતાં પહેલાં જેલ-અધિકારીએ એને પૂછ્યું, 'તારી અંતિમ ઇચ્છા શી છે?'

'જરા મારો હાથ પકડી રાખજો ને, મને બીક લાગે છે!' ગુનેગારે કહ્યુ.


સવિતાબહેન દોડતાં દોડતાં પોલીસ ચોકીએ જઇને કહેવા લાગ્યાં: 'જમાદાર સાહેબ, મારા 'એ' કાલ રાતના ગુમ થઈ ગયા છે. પરમ દિવસે એ દરિયામાં પડી આપઘાત કરવાની વાત કરતા હતા.

પોલીસે પગના પટ્ટામાંથી પેન્સિલ કાઢી પૂછ્યું: 'અમે તપાસ તો કરીશું, પણ જો એમનું શબ જ મળી આવે તો એમને ઓળખવા માટેની એકાદ નિશાની આપો...'

'એ સાવ બહેરા છે.' સવિતાબેન બોલ્યાં.

શતરંજનો કોયડો

F. LAZARD (1930)



White to play and draw

સ્થિતિ: 8/pp2pppp1/3p2p1/PP 2P1P1/K1P4P/8/k7/8.

કોયડો: સફેદે રમવાનું ને ડ્રૉ મેળવવાનું.

આ કોયડામાં સફેદ કરતાં કાળા પાસે બે પ્યાદાં વધુ છે, છતાં સફેદનો રાજા અને વધુ આગળ વધેલાં પ્યાદાંની પરિસ્થિતિને કારણે તે ડ્રૉ મેળવી જાય છે. ઉકેલ નીચે આપ્યો છે.

સામ્યવાદના મુખપત્ર 'પ્રવદા'ના એક ખાસ અંકના પહેલા પાને છપાયું હતું: 'મૂડીવાદમાં માણસ માણસનું શોષણ કરતો હોય છે, જ્યારે સામ્યવાદમાં એથી ઊલટું જ બને છે!'

શતરંજના કોયડાનો ઉકેલ

1 P–R5.

સફેદ હવે ,1P–KR6, P×RP; 3 P×RPથી જીતવાની ધમકી આપે છે તેથી કાળાને તે પ્યાદું માર્યે જ છૂટકો.

1..., P×RP, 2 P–KN6, P×NP. અહીં કાળો 2..., P–B3 રમી શકે, પણ તેથી આગળ રમતમાં ખાસ ફરક પડતો નથી. 3 P–K6 પછી પરિસ્થિતિ લગભગ એવી જ થાત.

3 P–K6, P×P; 4 P–B5 ફરી પહેલી ચાલની જેમ સફેદ જીતવાની ધમકી આપે છે તેથી પ્યાદું માર્યે જ છૂટકો.

4..., P×P; 5 P–R6, P×P; 6P–N6, P×P.

હવે કાળા પાસે આઠ પ્યાદાં વધુ છે પણ ચાલ સફેદની છે તે ચાલી શકે તેમ જ નથી માટે Stalemate! અને રમત ડ્રૉ.

ટુર્નામેન્ટમાં સૌથી ટૂંકામાં ટૂંકી રમત જીતવાનો વિક્રમ ધરાવતા ફ્રેન્ચ ખેલાડી F. Lazardનો રચેલો આ કોયડો Stalemate માટે 'સર્વસ્વનો ભોગ આપવા'નું એક સુંદર ઉદાહરણ છે.

સુરેશ મોદી







અઢારમી સદીના ત્રણ દીપ ૧) ડાબી બાજુ: ગુજરાતની મયૂરાકાર દીવી. એમાં મોરની ચાંચમાં પકડાવેલો સર્પ એ માત્ર શોભન જ નથી, પણ દીવીમાં સતત તેલ પુરાતું રહે એ માટેની બકનળીની ગુપ્ત રચનાનો એક ભાગ છે. ૨) વચ્ચે: નેપાળનો મંદિર-દીપ. ચોતરફ ચાર દીવા સાથે એમાં તો સશિખર સમગ્ર દેવમંદિર જ જાણે ઉતાર્યું છે. ૩) જમણી બાજુ: આંધ્ર પ્રદેશનો મયૂરાકાર આરતીદીપ. જુઓ આ અંકમાં દીપવૈવિધ્ય વિષેનો લેખ.

(Blocks: Courtesy Esso Standard Eastern Inc.)



દિવસનો આરંભ (ફોટો: અબિદભાઈ સૈયદ) ગાડીએ જોડાતાં પહેલાં પાણી પીને તૈયાર થતા ઘોડાનો જ નહિ, સમગ્ર લખનૌનો દિવસ પણ આરંભાઈ રહ્યાની તાઝગીને ફોટોકલાકારે વહેલી સવારના સામા પ્રકાશે ચિત્ર લઇને બહુ કુમાશથી રજૂ કરી છે. અને ત્યાંની ઘોડાગાડી જોઈ?

અંક ૪૯૩ • ૪૯૪ • ૪૯૫ • ૪૯૬ • ૪૯૭ • ૪૯૮ • ૪૯૯ • ૫૦૦

કુમાર ૪૨ મા વર્ષનું સાંકળિયું

૫૦૧ • ૫૦૨ • ૫૦૩ • ૫૦૪. જાન્યુઆરીથી ડિસેમ્બર • ઈ. ૧૯૬૫

ચિત્રો

પૂર્ણરંગી ચિત્રો

એકરંગી, રેખાંકન, વૂડકટ વગેરે

ફોટોગ્રાફ

શિલ્પસ્થાપત્ય

કાવ્યો

જીવનચરિત્ર

ચરિત્ર-રેખા

માસમાસના વ્યક્તિવિશેષ

વાર્તા

લેખો

આહાર-આરોગ્ય-ઔષધ

ઇતિહાસ-ભૂગોળ-પુરાતત્ત્વ

બીજા લેખો